| | | |
|---|---|---|
| કિતાબનું નામ | : | મિક્યાલુલ મકારીમ ફી ફવાએદીદ્ દોઆએ અલ કાએમનો સારાંશ |
| મૂળલેખક | : | અલ્હાજ આયતુલ્લાહ મિર્ઝા મોહમ્મદ તકી મુસવી ઈસ્ફહાની (અ.ર.) |
| આવૃત્તિ | : | પ્રથમ |
| નકલ | : | ૧૨૦૦ |
| હદિયો | : | 30/- |


પ્રકાશક

અંજુમને વિલાએ એહલેબૈત (અ.સ.)

આંબાચોક, ભાવનગર ૩૬૪૦૦૧ (ભારત)

wila1414@yahoo.com

પ્રાપ્તિસ્થાન

નૂતન બેકરી આંબાચોક, ભાવનગર

(૦૨૭૮) ૨૫૧૫૯૭૪




PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| | પ્રસ્તાવના | ૦૭ |
| | ઇમામે ઝમાના (અ.સ.) લેખકના સ્વપ્નમાં | ૦૮ |
| ૧ | ઇમામ (અ.સ.) ની વિશેષ ખાસીયત અને ખૂબીવિષે જ્ઞાન મેળવવું અને તેમના ઝુહુરની ‘ચોક્કસ’ નિશાનીઓ વિશે માહિતિ મેળવવી : | ૧૦ |
| ૨ | ઇમામ (અ.સ.) ના નામનો ઉલ્લેખ કરતી વખતે આદરભાવ દર્શાવવો: | ૧૧ |
| ૩ | તેમને ચાહવા, તેમની સાથે મોહબ્બત કરવી : | ૧૨ |
| ૪ | લોકોમાં આપની મોહબ્બત ઊભી કરવી : | ૧૩ |
| ૫ | ઝુહુર માટે ઇન્તેઝાર કરવો : | ૧૪ |
| ૬ | આપની ઝીયારત (મુલાકાત) નો ઉત્સાહ દેખાડવો : | ૧૭ |
| ૭ | ઇમામ (અ.સ.) ના ફઝાએલ અને મનાકેબ (વખાણને લાયક ગુણો) નું વર્ણન કરવું : | ૧૭ |
| ૮ | ઇમામ (અ.સ.) ની જુદાઇના કારણે મોઅમીનનું ગમગીન થવું : | ૧૮ |
| ૯ | જ્યાં ઇમામ (અ.સ.) ના ફઝાએલ અને મનાકેબની ચર્ચા થતી હોય તેવી મજલીસોમાં શીરકત કરવી : | ૧૮ |
| ૧૦ | ઇમામ (અ.સ.)ના ફઝાએલ બયાન થતા હોય તેવી મજલીસોનું આયોજન કરવું : | ૧૯ |
| ૧૧-૧૨ | ઇમામની પ્રસંશામાં કાવ્યો રચવા અને પડવા : | ૧૯ |
| ૧૩ | ઇમામ (અ.સ.) ના નામના નિર્દેશ સાથે સન્માનપૂ ર્વક ઊભા થવું : | ૨૦ |
| ૧૪-૧૫-૧૬ | ઇમામ (અ.સ.) ની જુદાઇની યાતનામાં રડવું, બીજાઓને રડાવવા અને રડવા જેવો ચહેરો બનાવવો : | ૨૦ |
| ૧૭ | ઇમામ (અ.સ.) ની મઅરેફત અલ્લાહ આપણને અર્પણ કરે તે માટે અલ્લાહની | ૨૧ |




PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

| | | |
|---|---|---|
| | બંદગી કરવી : | |
| ૧૮ | ઇમામ (અ.સ.) માટે હંમેશા દોઆ કરવી : | ૨૧ |
| ૧૯ | ઇમામ (અ.સ.) માટે હંમેશા પાબંદીથી દોઆ કરવી : | ૨૩ |
| ૨૦ | ગયબતના જમાનાની દોઆ પડવી : | ૨૪ |
| ૨૧ | ઝુહૂરની નિશાનીઓનું જ્ઞાન હોવું : | ૨૫ |
| ૨૨ | આપણે આજ્ઞાંકિત રહેવું અને ઉતાવળા ન થવું જોઇએ : | ૨૫ |
| ૨૩ | ઇમામ (અ.સ.) વતી સદકો આપવો : | ૨૬ |
| ૨૪ | ઇમામ (અ.સ.) ની સલામતી માટે સદકો આપવો : | ૨૭ |
| ૨૫-૨૬ | ઇમામ (અ.સ. )વતી હજ કરવી અથવા ઇમામ (અ.સ.) ની નયાબતમાં કોઇને મોકલવા : | ૨૭ |
| ૨૭-૨૮ | ઇમામ (અ.સ.)ના પ્રતિનિધિ તરીકે તવાફ કરવા અથવા બીજા કોઇને તવાફ કરવા મોકલવા : | ૨૮ |
| ૨૯ | ઇમામ (અ.સ.) ના વતી પવિત્ર પયગમ્બર (સ.અ.વ.) અને ઇમામો (અ.સ.) ની ઝિયારત કરવા જવું : | 30 |
| 30 | ઝવ્વારને ઇમામ (અ.સ.) ની નયાબતમાં ઝીયારત માટે મોકલવા : | 30 |
| 3૧ | ઇમામ (અ.સ.) ની ખિદમત કરવા માટે સંઘર્ષ કરવો : | 3૧ |
| 3૨ | ઇમામ (અ.સ.) ની મદદ માટે વ્યવસ્થા ગોઠવવી : | 3૧ |
| 33 | ઇમામ (અ.સ.) ના ઝુહૂરના પ્રસંગે તેમને મદદ કરવાનો મક્કમ નિર્ધાર હોવો : | 3૨ |
| 3૪ | દરરોજ/દર શુક્રવારે ઇમામ (અ.સ.) ના હાથ ઉપરની બયઅતને તાજી કરવી : | 33 |
| 3૫ | પોતાની મિલ્કતથી ઇમામ (અ.સ.) ની મદદ કરવી : | ૪૧ |
| 3૬ | ઇમામ (અ.સ.) ના પવિત્ર શિયાઓ અને દોસ્તોને નાણાંકિય સહાય કરવી : | ૪૨ |
| 3૭ | મોઅમીનોને ખુશ કરવા : | ૪3 |




PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

| | | |
|---|---|---|
| ૩૮ | ઇમામે ઝમાના (અ.સ.) ના શુભેચ્છક હોવું : | ૪૩ |
| ૩૯ | ઇમામ (અ.સ.) ની ઝીયારત : | ૪૪ |
| ૪૦ | ઇમાનદાર મોઅમીનોને મળવું અને તેઓની સાથે સલામ, દોઆ કરવી સામાજીક સંબંધો કેળવવા : | ૪૪ |
| ૪૧ | ઇમામ (અ.સ.) ઉપર સલવાત અને સલામો પડવી : | ૪૪ |
| ૪૨ | ઇમામ (અ.સ.) ને નમાઝના સવાબનો તોહફો આપવો : | ૪૭ |
| ૪૩ | ખાસ નમાઝનો તોહફો આપવો : | ૪૮ |
| ૪૪ | ઇમામે ઝમાના (અ.સ.) ના હદીયા માટે ચોક્કસ સમયમાં ખાસ નમાઝ : | ૫૪ |
| ૪૫ | કુરઆનની તિલવાત કરી ઇમામ (અ.સ.) ને હદીયો કરવો: ૫૬ | |
| ૪૬ | ઇમામે ઝમાના (અ.સ.) થકી તવસ્સુલ અને તરફદારીની આજીજી કરવી : | ૫૬ |
| ૪૭ | ઇમામ (અ.સ.) પાસે માગણી કરવી અને દોઆઓમાં આપને સંબોધન કરવું : | ૫૮ |
| ૪૮ | ઇમામ (અ.સ.) તરફ લોકોને આમંત્રણ આપવું : | ૫૮ |
| ૪૯ | ઇમામ (અ.સ.) પ્રત્યેના હક્કો અને ફરજોની કાળજી લેવી: ૬૦ | |
| ૫૦ | ઇમામ (અ.સ.) ને યાદ કરતી વખતે હૃદયની કોમળતા અને નરમાશ : | ૬૦ |
| ૫૧ | આલીમો પોતાના ઇલ્મને પૂરેપૂરીરીતે જાહેર કરે : | ૬૨ |
| ૫૨ | બુરૂ કરનારાથી તકય્યા કરવા અને બીજા મઝહબના લોકોથી રહસ્ય જાળવી રાખવું : | ૬૨ |
| ૫૩ | ઇમામ (અ.સ.) ને ખાતર તકલીફો, કોઇ જુઠલાવે અને બીજા કસોટીના પ્રસંગોને સહન કરવા: ૬૩ | |
| ૫૪ | ઇમામ (અ.સ.) ની જુદાઇ ઉપર સબર માટે દોઆ કરવી : | ૬૫ |
| ૫૫ | ગયબત દરમ્યાન એકબીજાને સબરની તાકીદ કરવી : | ૬૬ |
| ૫૬ | એવી બેઠકોમાં હાજરી ન આપવી જ્યાં ઇમામ (અ.સ.)ની બેઅદબી થતી હોય: | ૬૮ |




PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

| | | |
|---|---|---|
| ૫૭ | બાતિલ શાસકોની સાથે છીએ તેવું જાહેર કરવું : | ૬૯ |
| ૫૮ | શોહરત (નામના) થી દૂર રહેવું : | ૭૦ |
| ૫૯ | આત્મની સુધારણા (વિકાસ) : | ૭૧ |
| ૬૦ | ઇમામ (અ.સ.) ની મદદમાં એકતા અને સહકાર : | ૭૨ |
| ૬૧ | હ્રદયપૂર્વકનો પશ્ચાતાપ (સાચી તૌબા) અને હક્કોને અદા કરવા: | ૭૩ |
| ૬૨-૬૩ | ઇમામ (અ.સ.) ને યાદ કરવા અને તેમના ઉપદેશ ઉપર અમલ કરવો : | ૭૩ |
| ૬૪ | આપણે ઇમામ (અ.સ.) ની યાદ દિલથી નિકળી ન જાય તે માટે અલ્લાહ પાસે દોઆ કરવી જોઇએ : | ૭૪ |
| ૬૫ | ઇમામ (અ.સ.) ના બારામાં શરીરને નમ્ર બનાવવું : | ૭૫ |
| ૬૬ | ઇમામે ઝમાના (અ.સ.)ની ઇચ્છાને આપણી ઇચ્છાઓ ઉપર અગ્રતા (પસંદગી) આપવી : | ૭૬ |
| ૬૭ | જે લોકો ઇમામ (અ.સ.)ની નજદિક હોય અથવા તેમની સાથે જોડાએલા હોય તેઓનું સન્માન કરવું : | ૭૭ |
| ૬૮ | ઇમામ (અ.સ.) એ મુલાકાત લીધેલા સ્થળોને આદરણીય ગણવા: | ૭૭ |
| ૬૯-૭૦ | ઝુહૂરના સમયને નક્કી ન કરવો અને જે સમય નક્કી કરે તેઓને ખોટા પાડવા: | ૭૮ |
| ૭૧ | ગયબતે કુબરા દરમિયાન નાએબે ખાસ હોવાનો દાવો કરનારને જુઠલાવવા : | ૮૦ |
| ૭૨ | સલામતી અને ઇમાન સાથે ઇમામ (અ.સ.) ના દિદાર માટે દોઆ કરવી : | ૮૧ |
| ૭૩ | અખ્લાક અને અમલમાં ઇમામ (અ.સ.) ને અનુસરવું : | ૮૨ |
| ૭૪ | અલ્લાહની યાદ સિવાય આપણી જીભને કાબુમાં રાખવી : | ૮૪ |
| ૭૫ | ઇમામે ઝમાના (અ.સ.) ની નમાઝ : | ૮૫ |
| ૭૬ | ઇમામ હુસૈન (અ.સ.) ઉપર રૂદન કરવું : | ૮૭ |
| ૭૭ | ઇમામ હુસયન (અ.સ.) ની કબરની ઝિયારત કરવી : | ૮૮ |




PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

| | | |
|---|---|---|
| ૭૮ | બની ઉમય્યાઓ ઉપર ખુલ્લી રીતે અને ખાનગીમાં બેશુમાર લાઅનતો કરવી : | ૮૮ |
| ૭૯ | બિરાદરોના હક્કો અદા કરવામાં સક્રિય ભાગ લેવો : | ૮૯ |
| ૮૦ | ઇમામ (અ.સ.) ના ઝુહૂર માટેનો ઇન્તેઝાર કરવો અને તેના માટે તૈયારી કરવી : | ૯૦ |
| * | તૌફીક વધારવા માટેની દોઆ | ૯૩ |




PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

# અલ્લાહના નામથી જે રહમાન અને રહીમ છે.

પ્રસ્તાવના : ખરેખર અલ્લાહે માનવજાતિને તેના માર્ગદર્શનની એટલી બધી બક્ષીસો અર્પણ કરી છે કે માનવજાતિનું મસ્તક હંમેશા વિનમ્રતાથી ઝુકેલું છે. તેઓ એટલા આભારવશ છે કે દરેક ક્ષણે આ બક્ષીસોનું વળતર ચૂકવવાના માર્ગો શોધે છે. તે માટે તેઓ માર્ગદર્શનની છેલ્લી કડીને ખુશ કરે છે. તે છે, હ. બકીય્યતુલ્લાહ (અ.ત.ફ.શ.). તેમની ખુશી પ્રાપ્ત કરવા માટે તેઓ ભરપુર મોહબ્બત અને લાગણીથી છલકાતા હૃદય સાથે તેમનું અનુસરણ કરવાના માર્ગ શોધે છે.

આપણા મહાન વિદ્વાન અલ્હાજ આયતુલ્લાહ મિર્ઝા મોહમ્મદ તકી મુસવી ઈસ્ફહાની (અ.ર.) એ ઇમામે ઝમાના (અ.સ.) ની 'મઅરેફત'ના વિષય ઉપર એક સર્વગ્રાહી પુસ્તક 'મિકયાલુલ મકારિમ' અરબીમાં લખેલ છે. આ પુસ્તકના બીજા ભાગમાં શીયાઓની ઇમામ (અ.સ.) પ્રત્યેની ફરજો અને જવાબદારીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે, જે અદા કરવાથી ઇમામ (અ.સ.) ની નજદિકી પ્રાપ્ત કરી શકાય તેવી એંશી ફરજો આ પુસ્તકમાં દર્શાવવામાં આવી છે. આ ૮૦ ફરજ અદા કરવાથી ઇમામ (અ.સ.) ના અનુયાયીઓ તેમના પ્રત્યેની મોહબ્બત અને લાગણી પ્રદર્શિત કરી શકે છે.

આ દળદાર પુસ્તક અરબી અને ફારસી ભાષામાં હોવાથી અરબી અને ફારસી ભાષાથી અપરિચિત લોકો તેમાંથી સીધો લાભ ઉઠાવી શકે નહિં તેથી સૌપ્રથમ આ ૮૦ ફરજોનો સારાંશ સંક્ષિપ્તમાં ઉર્દૂ/અંગ્રેજીમાં કરવામાં આવ્યો હતો. જે હવે ગુજરાતી ભાષામાં રજુ કરીએ છીએ. લેખકે એક ચોક્કસ મુદ્દાને સાબિત કરવા માટે અનેક હદીસો અને વર્ણનો લીધા છે. તેમાંથી આ સારાંશમાં માત્ર એક કે બે સર્વગ્રાહી હદીસો જે વધુ અગત્યની લાગી છે તેના આધારે ૮૦ ફરજો સમજાવી છે.

અમે આશા રાખીએ છીએ કે વાંચકો ખાસ ધ્યાનપૂર્વક આ પુસ્તિકાનો ઉપયોગ કરશે. અને તેમાં રહેલી ત્રૂટીઓ અંગે તેઓના અમૂલ્ય સૂચનો મોકલશે જેથી અમે ભવિષ્યની આવૃત્તિમાં તે આવરી લઇને તેની ઉપયોગીતામાં વધારો કરી શકીએ.

અમે પરવરદિગાર પાસે દોઆ ગુઝારીએ છીએ કે તે આપણને તેના સાચા માર્ગદર્શક (ઇમામો અ.સ.) ની મઅરેફતની સંપત્તિથી માલામાલ કરી દે. અને ઇમામ (અ.સ.) ના ઝુહુરમાં જલ્દી કરી તેમના નાસેરીન (મદદ કરનારાઓ) માં આપણો શુમાર કરે. ઇલાહી આમીન...

૧૮ ઝિલ્હજ ૧૪૨૮ — ૨૦ ફેબ્રુઆરી ૨૦૦૩



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

## ઇમામે ઝમાના (અ.ત.ફ.શ.) લેખકના સ્વપ્નમાં

## (કિતાબની કહાની લેખકની ઝબાની)

આપણે હઝરત ઇમામે ઝમાના અલયહિસ્સલામના હક્કોને અદા નથી કરી શક્તા અને ન તેમના એહસાનોનો શુક્ર અદા કરી શકીએ છીએ. પરંતુ જેટલો આપણાથી શક્ય છે તેટલો શુક્ર અદા કરવો તે આપણા માટે જરૂરી અને વાજીબ છે.

ઇમામ (અ.સ.) ની ગયબતના ઝમાનામાં સૌથી શ્રેષ્ઠ કામ તેમના ઝુહુરનો ઇન્તેઝાર કરવો, તેમનો ઝુહુર જલ્દીથી જલ્દી થાય તે માટે દોઆ કરવી અને તેવા કામો કરવા જેનાથી હઝરતની ખુશીનું કારણ બને.

હું એ વિચારમાં હતો કે આ વિષય ઉપર એક સર્વગ્રાહી પુસ્તક લખું. પરંતુ પરીસ્થીતી સામે દરરોજ કોઇ ને કોઇ અને એક પછી એક પરેશાની આવતી રહી અને આ કામમાં અડચણ ઊભી થતી રહી.

ત્યાં સુધી કે મેં એક દિવસ સ્વપ્નમાં એક એવી વ્યક્તિને જોઇ કે જેમની અઝમતોને શબ્દો કે ઝબાનથી વર્ણવી શકાતી નથી. એટલે કે મારા ઇમામ મારા દીલનું દ્વારસ કે અને એ ઇમામ કે જેમનો ઇન્તેઝાર કરી રહ્યો છું. તેમણે સ્વપ્નમાં લાગણીથી તરબોળ અને દિલમાં ઉતરી જાય તેવા અંદાઝથી ફરમાવ્યું.

"આ કિતાબને લખો. અને અરબીમાં લખો. અને તેનું નામ રાખો.

مِكْيَالُ الْمَكَارِمِ فِى فَوَائِدِ الدُّعَاءِ لِلْقَائِمِ

(અલ-કાએમ અ.ત.ફ.શ. માટે દોઆ કરવી એ બુઝુર્ગીનું માપદંડ છે.)

હું તરસ્યાની જેમ સ્વપ્નમાંથી જાગી ગયો અને ઇમામ (અ.સ.) ના હુકમનું પાલન કરવા લાગ્યો. તેમ છતાં તૌફીકે સાથ ન આપ્યો ત્યાં સુધી કે હીજરી સન ૧૩૩૦માં મક્કા એ મોઅઝ્ઝમાની સફર કરી ત્યાં બધી તરફ રોગચાળો ફાટી નીકળ્યો હતો. મેં ખુદા સાથે વાયદો કર્યો કે જો હું આ આફતથી મુક્તિ મેળવીશ અને સહી સલામત મારા ઘરે પહોંચીશ તો આ કિતાબ લખવાનું શરૂ કરી દઇશ.

ખુદાએ મારા ઉપર એહસાન કર્યો અને હું સહી સલામત મારા વતન પાછો ફર્યો ખુદાવન્દે આલમની મહેરબાનીથી કિતાબ શરૂ કરી દીધી. જેથી ખુદા સાથે જે વાયદો કર્યો છે તેને પુરો કરી શકું. કારણ કે ખુદાવન્દે આલમ ફરમાવે છે.



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

“જો ખુદા સાથે કોઇ વાયદો કરો તો તેને પુરો કરો.”

بِسْمِهٖ تَعَالٰی وَ بِذِکْرِ وَلِيِّهٖ

# ઇમામે ઝમાના (અ.સ.) પ્રત્યેની તેમના મોહિબ્બોની ફરજો

## (૧) ઇમામ (અ.સ.) ની વિશેષ ખાસીયત અને ખૂબીવિષે જ્ઞાન મેળવવું અને તેમના ઝુહુરની ‘ચોક્કસ’ નિશાનીઓ વિશે માહિતિ મેળવવી :

આ કુરઆન, હદીસ અને વિવેકબુધ્ધિ મુજબ વાજીબ છે.

**અકલી દલીલ** : ઇમામે ઝમાના (અ.સ.) એક માર્ગદર્શક અને ઇમામ છે. જેની તાબેદારી વાજીબ છે અને જેની તાબેદારી ફરજીયાત હોય તેની સાચી ઓળખ મેળવવી જરૂરી છે. તેથી જો કોઇ તેવા ખોટા ઇમામ હોવાનો દાવો કરે તો તેને તરતજ ઉઘાડો પાડી શકાય અને તેના ખોટા પ્રચારથી આપણે ખોટા માર્ગે ભટકી જઇએ નહિં. આ રીતે ઇમામે ઝમાના (અ.સ.) ની મઅરેફત વાજીબ છે અને આપની ખાસીયત અને ખૂબીવિષે શીખવું પણ વાજીબ છે. તેથી જો મહદવિય્યતનો ખોટો દાવેદાર દેખાય તો આપણે તરતજ તેના જુઠાણાને પકડી પાડીએ.

**લેખિત સાબિતિ** : શયખ સદુક (અ.ર.) એ ઇમામ મુસા કાઝિમ (અ.સ.) ની એક હદીસની નોંધ કરી છે : ‘જે વ્યક્તિ ચાર બાબતો વિષે શંકા કરે તેણે અલ્લાહે જાહેર કરેલ દરેક બાબતને નકારી કાઢી છે. તેમાંની એક (જે તે) જમાનાના ઇમામની મઅરેફત છે.’

આ ઉપરાંત અનેક હદીસો છે કે જે ઇમામ (અ.સ.) ની મઅરેફત ઉપર ભાર મૂકેછે. કારણ કે જો કોઇ તેના વંશવેલા વિગેરેથી અજાણ હોય તો ગેરસમજ થવાનું મોટું જોખમ છે. જો ઇમામ (અ.સ.) ની ખરેખરી ખાસીયત અને ગુણો ન જાણવામાં આવે તો વ્યક્તિ તેની ઇમામતના કાર્યક્ષેત્રની સીમા કેવી રીતે જાણી શકે ? તેથી તેમના વંશવેલા અને વ્યક્તિગત ગુણોનું જ્ઞાન મેળવવું ઘણું જરૂરી છે.



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

## (૨) ઇમામ (અ.સ.) ના નામનો ઉલ્લેખ કરતી વખતે આદરભાવ દર્શાવવો :

એક મોઅમીને ઇમામ (અ.સ.)ને તેમના શ્રેષ્ઠ લકબથી સંબોધવા જોઇએ. દાખલા તરીકે, હુજ્જત, કાએમ, મહદી, સાહેબુલ અમ્ર અને સાહેબુઝઝમાન વિગેરે. તેમના મૂળનામથી અળગા રહેવું જોઇએ કે જે નામ પવિત્ર પયગમ્બર (સ.અ.વ.) નું નામ છે. (મ-હ-મ-દ)

ઇમામ (અ.સ.) ના નામનો ઉચ્ચાર કરવા બાબતે વિદ્વાનો વચ્ચે જુદા જુદા મતો છે. અમૂકે પુરેપુરી રજા આપી છે અને અમૂકે સંપૂણરીતે મનાઇ કરેલ છે. અમૂકે તકય્યા સિવાય છૂટ આપી છે. અને અમૂક તેને મકરૂહ ગણે છે. બીજા એમ માને છે કે તેમના નામનો ઉચ્ચાર કરવાની મનાઇ ગયબતે સુગરાના સમયગાળામાં હતી. આ અંગે અનેક મતો હોવા છતાં નીચે દર્શાવેલ હકીકતોને સ્વિકારવામાં આવી છે.

(૧) ઇમામ (અ.સ.)નું નામ તેમના અંગેની ચર્ચાના પુસ્તકોમાં દર્શાવવાની રજા આપવામાં આવી છે. તે વિષે કોઇ શંકા નથી. આ રજા હોવાનું ભૂતકાળમાં વિદ્વાનોના અમલથી સાબિત થએલ છે. અને તેમના અમલનો કોઇએ પણ વિરોધ કર્યો નથી. તે પણ એક હકીકત છે.

(૨) ઇમામ (અ.સ.) ના નામ ને સંકેત કે નિશાનીથી દર્શાવવાની કોઇએ પણ મનાઇ કરેલ નથી. જેમ કે એમ કહેવું કે ઇમામ (અ.સ.) નું નામ પવિત્ર પયગમ્બર (સ.અ.વ.) ના નામ જેવું છે. જુદા જુદા હદીસકારોના વર્ણનથી શીયા સુન્ની વિદ્વાનો અલ્લાહના પયગમ્બર (સ.અ.વ.) ની હદીસ દર્શાવે છે. :

‘મહદી મારા વંશમાંથી છે તેનું નામ તે મારૂં નામ છે અને તેની કુન્નીયત તે મારી કુન્નીયત છે.’

(3) એ જ રીતે ઇમામ (અ.સ.) નું નામ દોઆઓ અને મુનાજાતમાં લેવાની સહજ રીતે રજા આપવામાં આવી છે કારણ કે તેનો હદીસમાં દર્શાવેલી શરતોમાં સમાવેશ થતો નથી.

આ રીતે તકેદારી રાખવાની જરૂર છે કે જાહેરમાં લોકો વચ્ચે કે મેળાવડાઓમાં ઇમામ (અ.સ.) ના મૂળ નામથી પરહેઝ કરે અને તેમના જાણીતા લકબોથી વાત કરે અને ઇસ્લામના નિયમોનો અમલ કરે.

બીજું તેમનું નામ લેવાની મનાઇને લગતી હદીસમાં વધુ પ્રખ્યાત નામોનો સમાવેશ થતો નથી. જેમ કે અહમદ વિગેરે.



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

આ ફરજ બજાવવા માટે તેમને ચાહવા અંગેની જે કાંઇ જરૂરી શરતો છે તે પૂરી કરવી જોઇએ.

## (3) તેમને ચાહવા, તેમની સાથે મોહબ્બત કરવી :

આપણે સૌ જાણીએ છીએ કે એહલેબૈત (અ.સ.) ની મોહબ્બત વાજીબ છે. તેમના પ્રત્યેની લાગણી આપણા ઇમાનનો એક ભાગ અને આપણા અમલ કબુલ થવાની એક શરત છે. આ અંગે ઘણી હદીસોની નોંધ કરવામાં આવી છે. પરતું ઇમામે ઝમાના (અ.સ.) માટેની મોહબ્બત અને મવદ્દત ઉપર ખાસ ભાર મૂક્વામાં આવ્યો છે.

(૧) અકલી દલીલ : માનવ સ્વભાવ એ રીતે ઘડવામાં આવ્યો છે કે જે લોકો આપણી કાળજી લે છે તેમના પ્રત્યેની મોહબ્બત આપણા હૃદયના ઉંડાણ સુધી પહોંચે છે. જેમ કે હદીસમાં દર્શાવવામાં આવ્યું છે સર્વ શક્તિમાન અલ્લાહે મૂસા (અ.સ.) ઉપર વહી ઉતારી : 'મારા સર્જનોમાં મારી મોહબ્બત ઊભી કર અને મારા સર્જનોને મારી મોહબ્બતને પાત્ર બનાવ' મૂસા (અ.સ.) એ અલ્લાહને પુછ્યું કે તે કેવી રીતે શક્ય છે? તેણે કહ્યું 'તેઓનું ધ્યાન મારી નેઅમતો, બક્ષિશો, કરમ અને એહસાન તરફ દોરો જેથી તેઓ મને મોહબ્બત કરવા લાગે.'

આવા જ પ્રકારની હદીસ પવિત્ર પયગમ્બર (સ.અ.વ.) એ હઝરત દાઉદ (અ.સ.) વિષે કહી છે.

(૨) લેખિત પુરાવો : સય્યદ મોહદ્દીસ બહરાનીએ 'ગાયતુલ મરામ' માં નુમાની મારફત એક હદીસ નકલ કરી છે કે પવિત્ર પયગમ્બર (સ.અ.વ.) એ કહ્યું : 'સર્વ શક્તિમાન અલ્લાહે મેઅરાજની રાત્રે મારા ઉપર વહી મોકલી : એ મોહમ્મદ ! જો મારા બંદાઓમાંનો એક મારી એટલી ઇબાદત કરે કે તે મૃત્યુ પામે પરંતુ તમારી (એહલેબયતની) વિલાયતનો ઇન્કાર કરે તો હું તેને જહન્નમમાં નાખીશ.' પછી તેણે કહ્યું : 'એ મોહમ્મદ! શું તમે તમારા વારસદારને જોવા ચાહો છો જેની વિલાયત લોકો ઉપર વાજીબ છે. ?'

'હા' મે કહ્યું અને મને ઊભા થવા હુકમ આપવામાં આવ્યો. જેવો હું આગળ વધ્યો કે તરત જ મેં અલી ઇબ્ને અબી તાલીબ, હસન, હુસૈન, અલી ઇબ્ને હુસૈન, મોહમ્મદ ઇબ્ને અલી, જઅફર ઇબ્ને મોહમ્મદ, મૂસા ઇબ્ને જઅફર, અલી ઇબ્ને મૂસા, મોહમ્મદ ઇબ્ને અલી, અલી ઇબ્ને મોહમ્મદ, હસન ઇબ્ને અલી અને હુજ્જતે કાએમ (અ.સ.) ને જોયા જેમનો ચેહરો તેઓની વચ્ચે વિશેષ અને વધુ નુરાની હતો. મેં અલ્લાહને પુછ્યું, : 'તેઓ કોણ છે ? સર્વશક્તિમાને કહ્યું : તેઓ ઇમામો (અ.સ.) છે અને આ કાએમ (અ.સ.) છે તે મારા હલાલને હલાલ અને મારા હરામને હરામ ઠરાવશે. તે મારા દુશ્મનો પાસેથી ચોક્કસ બદલો લેશે. એ મોહમ્મદ ! તમે તેને મોહબ્બત કરો. હું તે લોકોને ચાહું છું જે તેને ચાહે છે.'



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

આ હદીસ ઇમામે ઝમાના (અ.સ.) ની મોહબ્બત ઉપર વધુ ભાર મૂકે છે જો કે બધા ઇમામો (અ.સ.) સાથે મોહબ્બત રાખવી વાજીબ છે. તેમના પ્રત્યેની મોહબ્બતનો ખાસ નિર્દેશ તેમના મહત્વનું સુચન કરે છે. આ બીજા ઇમામો (અ.સ.) ની સામેની ખાસ જવાબદારીઓના કારણે છે.

અગાઉની ફરજ માટે જે દલીલો બંધ બેસતી છે તે અહીં પણ લાગુ પડે છે. બુદ્ધિ સૂચવે છે કે જેની મોહબ્બત માટે આપણે પ્રચાર કરીએ છીએ અને જેની મોહબ્બત વાજીબ છે અને તે શ્રેષ્ઠ અમલ છે. તે અલ્લાહને સૌથી વધુ પસંદ પડશે.

## (૪) લોકોમાં આપની મોહબ્બત ઊભી કરવી :

તેથી સર્વશક્તિમાન અલ્લાહે મૂસા (અ.સ.)ને કહ્યું : 'મારા બંદાઓમાં મારી મોહબ્બત ઊભી કર.' આ સ્પષ્ટ રીતે સાબિત કરે છે કે આ ચોથી ફરજ છે. આ અંગે રવઝએ કાફીમાં ઇમામ સાદિક (અ.સ.)ની હદીસ છે 'અલ્લાહની રહેમ તેની ઉપર થાય કે જે લોકો વચ્ચે અમારી મોહબ્બત ઊભી કરે અને એવું કાંઇ પણ ન કરે કે જેથી લોકો અમારી સામે દુશ્મનાવટ અને તિરસ્કાર ઊભો કરે. અલ્લાહની કસમ ! જો તેઓએ અમારી અર્થપૂર્ણ હદીસો લોકો સુધી પહોંચાડી હોત તો તેમના એ કાર્ય વડે તેઓ લોકોમાં લાગણી અને મોહબ્બત પૈદા કરી લેત. અને કોઇ તેઓના ઉપર કોઇપણ પ્રકારનું થીગડું ન મારી શકતે.'

પરંતુ હકીકત એ છે કે માણસ એક વસ્તુ સાંભળે છે અને પોતાના તરફથી દસ વધુ વસ્તુઓ ઉમેરે છે.

(રવઝએ કાફી ભાગ - ૮, પેજ નં. ૨૨૯, હ.નં. ૨૯૩)

બીજા પ્રસંગે ઇમામ સાદિક (અ.સ.) એ કહ્યું 'અલ્લાહની રેહમત તે લોકો ઉપર થાય જેઓ લોકોની મવદ્દત અને મોહબ્બત અમારી તરફ ફેરવે અને તે લોકો વિષે તે બોલે છે જેઓને તે ઓળખે છે અને જે લોકો ઇન્કાર કરે છે તેઓને તે છોડી દે છે.'

(મજાલીસે સદૂક પેજ નં. ૬૧)

## (૫) ઝુહુર માટે ઇન્તેઝાર કરવો :



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

ઇમામે ઝમાના (અ.સ.)ના ઝુહુર માટે ઇન્તેઝાર કરવાની ફરજ ઉપરની ચર્ચા અસંખ્ય દલીલો ઉપર આધારિત છે અને દરેક દલીલના ટેકા રૂપે અસંખ્ય હદીસો છે તેમ છતાં ટૂંકાણ કરવાના મુદ્દાને ધ્યાનમાં રાખીને દરેક દલીલ માટે અમે માત્ર એક હદીસનો ઉતારો કરેલ છે.

૧: ઇન્તેઝારની ફઝીલત, ઇન્તેઝાર કરવાવાળાઓનો સવાબ અને એ વિષયમાં પયગમ્બરો અને ઇમામો (અ.સ.) નો ઇન્તેઝાર: આ વિષયમાં ચોથા ઇમામ (અ.સ.) ની દોઆ-એ-અરફા પુરતી છે કે જેમાં ઇમામ (અ.સ.) એ ઇન્તેઝાર કરવાવાળાઓ પર દુરૂદ મોકલી તેમના માટે દોઆ કરી છે. કમાલુદ્દીનમાં ઇમામ સાદિક (અ.સ.) ની એક હદીસ છે. 'તમારામાંનો જે ઇમામ મહદી (અ.સ.) ના ઝુહુરનો ઇન્તેઝાર કરતા કરતા મૃત્યુ પામે તે એવો છે કે જે તેમની સાથે તેમના તંબુમાં હોય.'

(કમાલુદ્દીન, ભાગ - ૨, પ્ર. ૫૫ પેજ નં. ૬૪૪, હ. નં. ૧)

૨ : ઇમામ મહદી (અ.સ.) માટે ઇન્તેઝાર કરવો તે દરેકને માટે વાજીબ છે. આ મુદ્દાને સાબિત કરવા માટે ઉસુલે કાફીની એક હદીસ પૂરતીછે. ઇમામ બાકીર (અ.સ.) એ એક માણસ કે જે તેમની પાસે કાગળના એક ટૂકડા સાથે આવ્યો હતો. તેને કહ્યું : 'આ પત્ર એ ચર્ચા કરવાવાળાનો છે જેમનો સવાલ એ મઝહબ બાબત છે જેનો અમલ કબુલ કરવાને પાત્ર હોય.'

તે નવા આંગતુકે કહ્યું : 'અલ્લાહની રહમત આપ ઉપર નાઝીલ થાય, તમે સાચું અનુમાન કર્યું.' ઇમામ (અ.સ.) એ કહ્યું : 'એ વાતને સ્વિકારો કે અલ્લાહ સિવાય બીજો કોઇ ખાલિક નથી અને મોહમ્મદ તેના બંદા અને પયગમ્બર છે અને અલ્લાહ તરફથી જે કાંઇ મોકલવામાં આવ્યું છે તેનો નિષ્ઠાપૂર્વક એકરાર કરો, અમારી એહલેબયતની વિલાયત અને મોહબ્બતનો સ્વિકાર કરો, અમારા દુશ્મનો સાથે દુશ્મની રાખો, અમારા હુકમનું પાલન કરો, પરહેઝગારી અને નમ્રતા ગ્રહણ કરો અને અમારા કાએમ માટે ઇન્તેઝાર કરો. અમારી કિસ્મતમાં એક મહાન સામ્રાજ્ય છે. અલ્લાહ જ્યારે ચાહશે ત્યારે તે સ્થાપિત કરશે.'

(ઉસુલે કાફી - ભાગ - ૨ પા. ૨૨)

૩ : જેમના ઇન્તેઝારનો હુકમ આપવામાં આવ્યો છે તેનો અર્થ :

ઇન્તેઝાર કરવો તે માણસની મનોવૈજ્ઞાનિક સ્થિતિ છે કે જે કોઇના માટે ઇન્તેઝાર કરી રહ્યું છે. ઇન્તેઝારનો વિરોધી શબ્દ સામાન્ય રીતે નિરાશા વિગેરે દર્શાવવામાં આવ્યો છે. તેથી તમે ચોક્કસ વ્યક્તિના આવવા માટે જેટલા વધુ આશાવાદી હો તેટલા વધુ તેનો સત્કાર કરવા માટેની તૈયારી કરવામાં તમે સવિશેષ કાળજી લેશો જેમકે તમે કોઇ મેહમાનની રાહ જોઇ રહ્યા હો તો જેમ જેમ તેમના આવવાનો સમય નજદિક આવતો જશે તેમ તેમ તમે તેમના માટે વધુ આશાવાદી અને આતુર બની જશો. એટલે સુધી કે વ્યક્તિ અંતે ઊંઘ વગરની રાતો પસાર કરશે.



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

જે માણસ સાથેના સ્નેહના બંધનમાં વ્યક્તિ જેટલો વધુ જકડાએલો હશે તેટલો જ તેનો ઇન્તેઝાર સખત અને દુ:ખદાયક હશે. તેથી જે માણસ પોતાના ઇમામના આવવાનો ઇન્તેઝાર કરે છે, તેની પોતાના ઇમામ સાથેની મોહબ્બતના પ્રમાણમાં તૈયારી પણ હશે.

૪ : શું અલ્લાહની નજદિકી મેળવવા માટેનો ઇરાદો તે ઇન્તેઝાર માટેની જરૂરી શરત છે ?

આ પ્રશ્નનો જવાબ બે દલીલો ઉપર આધારિત છે.

પહેલી દલીલ : અલ્લાહના હુકમો ત્રણ પ્રકારના છે.

(૧) ઇબાદતના કામો કે જ્યાં આપણે જાણીએ છીએ કે અલ્લાહની નજદિકી મેળવવાનો ઇરાદો જરૂરી છે. દાખલા તરીકે : નમાઝ

(૨) એ અમલ કે જે સીધુ ઇબાદતનું કાર્ય નથી. જેમ કે કપડાં ઉપરથી નજાસત દૂર કરવી અહિં આપણો ઇરાદો એક ખાસ કાર્ય પૂરૂંકરવાનો છે.

(3) અમૂક એવા કામો કે જેના વિષે આપણે જાણતા નથી કે તેનો સમાવેશ અલ્લાહની ઇબાદતના કાર્યોમાં કરવામાં આવે છે. જેમકે મોઅમીનને મળવું, તેની મુલાકાત કરવી.

પહેલા બે પ્રકારના હુકમો પારદર્શક અને સ્પષ્ટ છે અને છેલ્લા પ્રકાર માટે જો એક માણસ ચોક્કસ પ્રકારનું કાર્ય અલ્લાહની નજદિકી મેળવવાની નિય્યતથી કરે તો તેને તેનો બદલો આપવામાં આવશે અને જો તે નિય્યત વગર કરે તો તે કોઇપણ બદલાને લાયક બનશે નહિ. તેમ છતાં તે કોઇપણ શિક્ષાને પાત્ર પણ નહિ બને.

બીજી દલીલ : અલ્લાહની તાબેદારી કરવાની નિય્યતથી કોઇપણ હુકમનું અનુસરવું પછી ગમે તે કારણ હોય એટલે કે અલ્લાહની મોહબ્બત માટે, અલ્લાહનો શુક્ર કરવા માટે, તેની નજદિકી મેળવવા માટે, અલ્લાહની નેઅમતો માટેની ઇચ્છા, અલ્લાહની સજાનો ડર.

ઉપરની દલીલોથી આપણે એ નિર્ણય ઉપર આવીએ કે ઇન્તેઝાર કરવાનો હુકમ ત્રીજા પ્રકારની નજદીકી છે. એટલે કે આપણને તેના ઉપર અમલ કરવાથી અલ્લાહનો બદલો ત્યારે જ મળી શકે જ્યારે આપણી નિય્યત અલ્લાહની નજદીકી મેળવવાની હોય.

૫ : ઇન્તેઝાર નિરાશા અથવા ગમગીનીનો વિરોધી શબ્દ છે. નિરાશા બે પ્રકારની છે.



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

(૧) હઝરત કાએમ (અ.સ.) ના ઝુહુર માટે સંપૂણરીતે નિરાશા સેવવી તે ચોક્કસ હરામ છે. ઇમામ (અ.સ.) નો ઝુહુર શીયા ઇમામીયાના મઝહબની જરૂરિયાત છે. ઇમામ મહદી (અ.સ.) ના ઝુહુરની નિરાશા તે પવિત્ર પયગમ્બર (સ.અ.વ.) ની પયગમ્બરીનો ઇન્કાર છે.

ધારો કે કોઇ એક વ્યક્તિના અંગત મત અથવા અનુમાનના આધારે માણસે બધી આશાઓ છોડી દેવી કે પચાસ વરસની અંદર ઝુહુર થશે નહી. આ નિરાશાપણું પણ હરામ છે. કારણ કે હદીસોનો અભ્યાસ દર્શાવે છે કે આપણે ઇમામ (અ.સ.) ના ઝુહુરનો ઇન્તેઝાર દરરોજ દિવસ અને રાત કરવો જોઇએ.

(૨) ઝુહુર થવાનો સમય અને ઇમામ (અ.સ.)ના આગમનનો પ્રસંગ નજદિક હોવાની આશા છોડી દેવી આ પ્રકારની નિરાશા પણ હરામ છે. કારણ કે ઝુહુરનો સમય ખાનગી એટલે જ રાખવામાં આવ્યો છે કે જેથી મોઅમીનો દરેક પળે ઇન્તેઝાર કરે. કોઇપણ પ્રકારની નિરાશા ઇન્તેઝાર સાથે સુસંગત નથી.

## (૬) આપની ઝીયારત (મુલાકાત) નો ઉત્સાહ દેખાડવો :

આ આપના દોસ્તો અને ચાહનારાઓની નિશાનીઓમાંથી છે. તેની પ્રસંશા મુસ્તહબ હોવા વિશે કોઇ શંકા નથી. આ ગુણ આપ (અ.સ.) થી રિવાયત થયેલી દોઆઓમાં જોવા મળે છે. એક પંક્તિમાં કેવું સુંદર વર્ણન કરવામાં આવ્યું છે.

આપને જોવાની ઉત્કંઠામાં હૃદય દ્રવે છે, અને આંસુ વહે છે. જોવાની ઇચ્છા અમને સંતાપ આપી રહી છે. અને જુદાઇના આંસુઓ અમને ડુબાડી રહ્યા છે. શું તમે ક્યારેય એવા ડુબવાવાળાને જોયો છે જે ડુબતા ડુબતા સળગી રહ્યો હોય ?

ઇમામ (અ.સ.) ના દીદારની ઉંડી ઇચ્છા તે પસંદ કરવાને પાત્ર કાર્ય છે કારણ કે દીદાર ખુદ મોહબ્બત અને દોસ્તોની જરૂરિયાતમાંની એક છે જ્યારે આપણે આપણા મેહબુબને જોવા માટે આતુર ન હોઇએ ત્યારે મોહબ્બત કેવી રીતે થઇ શકે ?



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

## (૭) ઇમામ (અ.સ.) ના ફઝાએલ અને મનાકેબ (વખાણને લાયક ગુણો)નું વર્ણન કરવું :

ઇમામ (અ.સ.) ને તેમના ફઝાએલથી યાદ કરવા તેની સાબિતી પ્રચલિત હદીસો ઉપર આધારિત છે કે જે બીજા ઇમામોના ફઝાએલનું વર્ણન કરવાની ભલામણ કરે છે.

ઉસુલે કાફીમાં ઇમામ જઅફર સાદિક (અ.સ.) ની રિવાયત છે : આસમાનના ફરિશ્તાઓમાંથી એક ટોળાનું કામ એ છે કે તેઓ તે બે કે ત્રણ લોકો કે જે આલે મોહમ્મદ (અ.સ.) ના ફઝાએલની ચર્ચા કરી રહ્યા હોય તેઓની સામે જોવે. તેમાંનો એક ફરિશ્તો કહે છે તેઓની સામે જુઓ તેઓ સંખ્યામાં ઘણા થોડા હોવા છતાં અને ઘણા દુશ્મનો હોવા છતાં તેઓ આલે મોહમ્મદ (અ.સ.) ના ફઝાએલની ચર્ચા કરે છે. તો બીજા સમૂહના ફરિશ્તાઓ કહે છે.

‘આ અલ્લાહનો ફઝલ (નેઅમત) છે જેને ચાહે તેને તે અર્પણ કરે છે, અને ખુદા મહાન ફઝલવાળો છે.’

(સુરએ જુમ્આ ૬૨:૪)

(રવઝએ કાફી ભાગ - ૮, પેજ નં. ૩૩૪)

## (૮) ઇમામ (અ.સ.) ની જુદાઇના કારણે મોઅમીનનું ગમગીન થવું:

ગયબતના જમાનામાં મોઅમીનની ફરજોમાંની એક ફરજ ઇમામની જુદાઇમાં ગમગીન રહેવું છે. તે ઇમામ (અ.સ.) સાથેની નજદિકીની નિશાની છે. ‘સાચી મિત્રતા’ના વિષય ઉપર ઇમામ અલી (અ.સ.) ના કાવ્ય સંગ્રહમાં નીચેની પંક્તિઓ દર્શાવવામાં આવી છે. :

"નિશાનીઓમાંની એક એ છે કે જે વ્યક્તિ તેના મેહબુબને મળવા માટેની આતુરતાના કારણે બિમાર જેવો દેખાય અને તેનું દિલ દર્દથી જોશ મારી રહ્યું હોય. તેની નિશાનીઓમાંની એક એ છે કે તે તેના મહેબુબ સાથે એટલો બધો ખોવાયેલો હોય છે કે તેને બીજી કોઇ બાબત રોકી રાખે તો તેનાથી તે ભય પામે છે. નિશાનીઓમાંની



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

એક એ છે કે તે લોકો વચ્ચે એ રીતે હસે છે કે તેનું હૃદય એ માતાની જેમ સંતાપથી ભરેલું હોય કે જેણે પોતાનો ઉછેરેલો જવાન દિકરો ગુમાવી દીધો હોય.

આ ગુણ પણ ઇમાનવાળાની નિશાનીઓમાંથી છે. હકીકતમાં તે સૌથી વધુ વખાણને પાત્ર ગુણ છે. અને તેની ખાસીયત ઉપર અસંખ્ય હદીસો ભાર મૂકે છે. અહિં અમે ઇમામ રેઝા (અ.સ.) એ વર્ણન કરેલ એક હદીસ ટાંકીએ છીએ. 'જ્યારે ઇમામ તેઓથી છુપાએલા હશે ત્યારે મોઅમીન સ્ત્રી અને પુરૂષો મનોમન કેટલા દુ:ખી હશે?'

(કમાલુદ્દીન)

## (૯) જ્યાં ઇમામ (અ.સ.) ના ફઝાએલ અને મનાકેબની ચર્ચા થતી હોય તેવી મજલીસોમાં શીરકત કરવી :

મોઅમીનની એક અગત્યની ફરજ ઇમામ (અ.સ.)ના ફઝાએલ બયાન થતાં હોય તેવી મજલીસો અને મહેફીલોમાં અથવા જ્યાં લોકો ઇમામ (અ.સ.) અંગેની બાબતોની ચર્ચા કરતા હોય ત્યાં હાજરી આપવી છે. વધુમાં તે મોહબ્બત હોવાની પણ એક નિશાની છે. અલ્લાહના શબ્દોમાં દર્શાવવામાં આવ્યું છે, 'સારા કાર્યો તરફ આગળ વધો.' ઇમામ રેઝા (અ.સ.) ની એક હદીસ પણ તેને અનુમોદન આપે છે, 'એક વ્યક્તિ જે એવી મજલીસમાં બેસે કેજ્યાં મારા અમ્ર (હુકમ) ને જીવંત કરવામાં આવતા હોય તો તેનું હૃદય એ દિવસે નહીં મરે કે જે દિવસે (કયામત) લોકોના હૃદયો મૃત્યુ પામશે.'

(બેહારૂલ અન્વાર : ભાગ-૪૪, પેજ નં. ૨૭૮, હ. ૧)

## (૧૦) ઇમામ (અ.સ.)ના ફઝાએલ બયાન થતા હોય તેવી મજલીસોનું આયોજન કરવું :

તે પછીની અગત્યની ફરજ છે કે એવા કાર્યક્રમો યોજવા કે જ્યાં ઇમામ (અ.સ.) ના ફઝાએલનું વર્ણન થતું હોય. જ્યાં લોકો ઇમામ માટે દોઆ કરતા હોય. જો આવા કાર્યક્રમો યોજવામાં સખત પરિશ્રમ કરવો પડે તો પણ



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

તે માટે ખાસ ભલામણ કરવામાં આવી છે. કારણ કે તે અલ્લાહના મઝહબની તબ્લીગ છે. તે નેકી, પરહેઝગારી અને અલ્લાહની નિશાનીઓ અને અલ્લાહના મિત્રો માટે મદદરૂપ છે. અગાઉ નોંધવામાં આવેલી બધી હદીસો આ ફરજને સાબિત કરે છે. તેમ છતાં અમે આ તબક્કે ઇમામ સાદિક (અ.સ.) ની એક હદીસ ટાંકીએ છીએ.

'એક બીજાની મુલાકાત કરો કારણ કે તે તમારા હૃદયને નવજીવન આપે છે અને અમારી વિલાયતની યાદગીરીનું નિમિત્ત બને છે અને અમારી હદીસો તમારા વચ્ચે મોહબ્બતને ઉજાગર કરશે. એ કે જો તમે તેને અનુસરશો તો તમે સફળ થશો અને નજાત પામશો અને જો તમે તેઓને છોડી દેશો તો તમે ગુમરાહ થશો અને સંપૂર્ણવિનાશમાં પડી જશો. આ હદીસો ઉપર અમલ કરો, હું તમારી નજાતની ખાત્રી આપું છું.'

## (૧૧-૧૨) ઇમામની પ્રસંશામાં કાવ્યો રચવા અને પડવા:

ગયબતમાં શીયાઓની એક ફરજ ઇમામ (અ.સ.)ની પ્રસંશામાં કાવ્યો અથવા પંક્તિઓ રચવાની અને પડવાની છે. આ બે પ્રવૃત્તિઓ ઇમામ (અ.સ.)ને મદદ કરવા માટેના માર્ગો છે. વસાએલુશ્શીયામાં અલ મઝાર પ્રકરણમાં ઇમામ સાદિક (અ.સ.) ફરમાવે છે :

'જે અમારા માટે એક પંક્તિની રચના કરે તેના માટે અલ્લાહ જન્નતમાં એક ઘર બનાવે છે.'

(વસાએલુશ્શીયા ભાગ - ૧૦ પાના. ૪૬૭)

## (૧૩) ઇમામ (અ.સ.) ના નામના નિર્દેશ સાથે સન્માનપૂર્વક ઊભા થવું :

જ્યારે ઇમામ (અ.સ.)ના નામ અથવા લકબને ઉચ્ચારવામાં આવે ત્યારે વ્યક્તિએ સન્માન પૂર્વકઊભા થવું જોઇએ. જે શીયાઓની પ્રણાલિકા રહી છે. તેનો લેખિત પૂરાવો 'નજમુસ્સાકિબ'માં ઇમામ સાદિક (અ.સ.) વિષેના અહેવાલમાં ટાંકવામાં આવ્યો છે. આ અહેવાલ જણાવે છે કે એક દિવસ ઇમામ સાદિક (અ.સ.) ની બેઠકમાં ઇમામે ઝમાના (અ.સ.) નું નામ ઉચ્ચારવામાં આવ્યું, જ્યારે નામ ઉચ્ચારવામાં આવ્યું ત્યારે ઇમામ સાદિક (અ.સ.) તેમના સન્માન માટે ઊભા થઇ ગયા.

(બેહારુલ અન્વાર ભાગ - ૪૪ પા. ૨૭૮)



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

આ રીતે સન્માનમાં ઊભા થવું મુસ્તહબ છે. તે ઉપરોક્ત બનાવથી ફલિત થાય છે. પરંતુ અમૂક પ્રસંગો એવા છે કે જ્યારે તેમ કરવું ફરજ (વાજીબ) બની જાય છે. દાખલા તરીકે જ્યારે ઇમામ (અ.સ.)નું નામ ઉચ્ચારવામાં આવે અને બધા લોકો ઊભા થાય અને કોઇ એક વ્યક્તિ કોઇ પણ ખાસ કારણ વગર બેસી રહે તો તેણે ઇમામ (અ.સ.) ની બેઅદબી કરી છે. ઇમામ (અ.સ.) પ્રત્યે બેઅદબી કરવી હરામ છે તેમાં કોઇ શંકા નથી.

## (૧૪-૧૫-૧૬) ઇમામ (અ.સ.) ની જુદાઇની યાતનામાં રડવું, બીજાઓને રડાવવા અને રડવા જેવો ચહેરો બનાવવો :

ઇમામ (અ.સ.) ની જુદાઇની યાતનામાં રડવું, બીજાઓને રડાવવા અને રડવા જેવો ચહેરો બનાવવો :

ઇમામ (અ.સ.) ની જુદાઇમાં રડવું અને બીજાને તે માટે રડવામાં મદદ કરવી અને રડવા જેવો ચહેરો બનાવવો તે મોઅમીનની ફરજ છે. ઇમામ ઉપર પડતી સખ્તીઓ માટે આપણે વિલાપ કરવો જોઇએ. ઇમામ (અ.સ.) ની ગયબતમાં શીયાઓની તે એક ફરજ છે અને સામાન્ય રીતે આ અમલના મુસ્તહબ હોવા વિષે ઘણી બધી રિવાયતો જોવા મળે છે.

ઇમામ રેઝા (અ.સ.) એ કહ્યું : ‘એ વ્યક્તિ કે જે અમારી મુસીબતોને યાદ કરીને રડે છે અથવા બીજાને રડાવે છે તે કયામતના દિવસે અમારી સાથે અમારા વર્ગમાં હશે. એ વ્યક્તિ કે જે અમારા સંતાપો (દુ:ખો) ની યાદી આપશે અને રડશે અથવા બીજા લોકોને રડાવશે તેની આંખ તે દિવસે (કયામતમાં) નહિં રડે જ્યારે બીજી બધી આંખો રડતી હશે.’

(મુન્તખબુલ અસર)

એ જ કિતાબમાં ઇમામ સાદિક (અ.સ.) ની એક રિવાયત છે ‘એ વ્યક્તિ જે અમને યાદ કરે અથવા અમારી ચર્ચા તેની પાસે કરવામાં આવે અને તેની આંખમાંથી મચ્છરની પાંખ જેટલું પણ એક આંસુ નીકળે તો સર્વશક્તિમાન અલ્લાહ તેના ગુનાહોને માફ કરી દે છે, પછી તે દરિયાના ફીણ બરાબર પણ કેમ ન હોય.’

(બેહારુલ અન્વાર - ભાગ - ૪૪ પાના. ૨૭૮)



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

## (૧૭) અલ્લાહ આપણને ઇમામ (અ.સ.) ની મઅરેફત અર્પણ કરે તેવી વિનંતીકરવી :

ગયબત દરમિયાન એક ફરજ એ છે કે અલ્લાહ ઇમામ (અ.સ.) ની સાચી મઅરેફત અર્પણ કરે તેવી દોઆ નિયમિત રીતે કરવી જોઇએ. આ એટલા માટે કે લખવા કે વાંચવા પુરતું જ્ઞાન મેળવવું પૂરતુંનથી. ઇલ્મ એ નૂર છે કેઅલ્લાહ જેને ઇચ્છે તેના હૃદયમાં ભરી દે છે. તે જે કોઇને પણ ઇચ્છે છે તેને હિદાયત (માર્ગદર્શન) આપે છે. હિદાયત પામેલા તેઓજ છે કે જેને અલ્લાહે હિદાયત આપી છે.

અબુ બસીર કહે છે કે ઇમામ સાદિક (અ.સ.) એ આ આયત સમજાવી: 'અને જેને હિકમત મળી તેને ઘણી જ ખૂબીઓમળી.' 'હિકમતનો અર્થ અલ્લાહની ફરમાંબરદારી અને ઇમામ (અ.સ.) ની મઅરેફત છે.'

(ઉસુલે કાફી, ભાગ-૧ પાના. ૧૮૫)

## (૧૮) ઇમામ (અ.સ.) માટે હંમેશા દોઆ કરવી :

શીયા ઇસ્નાઅશરીઓની ફરજ છે કે ઇમામ (અ.સ.) ને માટે દોઆ કરે. આ ફરજ ઉપર ભાર મૂક્તીજુદી જુદી હદીસોની નોંધ કરવામાં આવી છે. મહાન વિદ્વાન શયખ કુલયની 'ઉસુલે કાફી' માં, નુમાની તેમની કિતાબ 'ગયબત'માં અને શયખ તુસી પોતાની સનદો વડે કહે છે કે ઇમામ જઅફર સાદિક (અ.સ.) એ કહ્યું : 'એ યુવાન કયામતના આગમન પહેલાં ગયબતમાં હશે.' 'શા માટે?' વર્ણન કરનારે પુછ્યું :

'તેની જીંદગીના ભયના કારણે' ઇમામ (અ.સ.) એ પોતાના પેટ તરફ ઇશારો કર્યો. પછી કહ્યું : 'એ ઝુરારાહ !' તેનો ઇન્તેઝાર કરવામાં આવી રહ્યો છે. તે એવા માણસ છે જેના જન્મ વિષે શંકા ઉઠાવવામાં આવશે. ત્યાં સુધી કે અમૂકલોકો એમ પણ કહેશે કે તેના પિતા કોઇપણ વારસદારને મૂક્યા વગર દુનિયાથી કૂચ કરી ગયા. બીજા કહેશે કે તેમના પિતા મૃત્યુ પામ્યા ત્યારે તેમનો જન્મ નહોતો થયો. (તેઓ મા ના પેટમાં હતા) અમૂક લોકો કહેશે કે તે તેમના પિતાની શહાદત પહેલા બે વરસે જનમ્યા હતા. તે એજ છે જેનો ઇન્તેઝાર થઇ રહ્યો છે. પરંતુ એ સર્વશક્તિમાન અલ્લાહ શીયાઓની કસોટી કરશે. તે પછી તરતજ બાતિલ લોકોની શંકાનો સમયગાળો શરૂ થાય છે. એ ઝુરારાહ ! જો તમે તે સમયે હયાત હો તો આ દોઆ પડશો.



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَللّٰهُمَّ عَرِّفْنِىْ نَفْسَكَ فَاِنَّكَ اِنْ لَّمْ تُعَرِّفْنِىْ نَفْسَكَ لَمْ
اَعْرِفْ نَبِيَّكَ ، اَللّٰهُمَّ عَرِّفْنِىْ رَسُوْلَكَ فَاِنَّكَ اِنْ لَّمْ
تُعَرِّفْنِىْ رَسُوْلَكَ لَمْ اَعْرِفْ حُجَّتَكَ ، اَللّٰهُمَّ عَرِّفْنِىْ
حُجَّتَكَ فَاِنَّكَ اِنْ لَّمْ تُعَرِّفْنِىْ حُجَّتَكَ ضَلَلْتُ عَنْ
دِيْنِىْ •

તરજૂમો :

અલ્લાહના નામથી જે રહમાન અને રહીમ છે.

એ અલ્લાહ ! મને તારી મઅરેફત અર્પણ કર. કારણ કે જો મને તારી મઅરેફત નહિં મળે તો તારા પયગમ્બરની મઅરેફત નહિં મળે. એ અલ્લાહ! મને તારા પયગમ્બરની મઅરેફત અર્પણ કર. કારણ કે જો મને તારા પયગમ્બરની મઅરેફત નહિં મળે તો તારી હુજ્જતની મઅરેફત નહિં મળે. એ અલ્લાહ ! મને તારી હુજ્જતની મઅરેફત અર્પણ કર. જો મને તારી હુજ્જતની મઅરેફત નહિં મળે તો હું મારા મઝહબથી ગુમરાહ થઇ જઇશ.

## (૧૯) ઇમામ (અ.સ.) માટે હંમેશા પાબંદીથી દોઆ કરવી :

આપણને આ દોઆ નિયમિત રીતે પડવાનો હુકમ આપવામાં આવ્યો છે. શયખ સદુક, અબ્દુલ્લા બીન સીનાન પાસેથી વર્ણન કરે છે કે ઇમામ સાદિક (અ.સ.) એ કહ્યું : ‘તેના પછી આવી શંકાનો એક જમાનો આવશે કે તમે દેખીતી નિશાનીઓ અને માર્ગદર્શન આપનાર ઇમામ વગરના હશો અને કોઇપણ તેમાંથી નજાત નહિં પામે સિવાય કે તે લોકો કે જેઓ ‘દોઆએ ગરિક’ પડે.’ (ડૂબતા માણસની દોઆ)

આ દોઆ કઇ છે તેમ વર્ણન કરનારે પુછ્યું : ઇમામ (અ.સ.) એ જવાબ આપ્યો :



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

يَا اَللّٰهُ يَا رَحْمٰنُ يَا رَحِيْمُ يَا مُقَلِّبَ الْقُلُوْبِ ثَبِّتْ قَلْبِيْ عَلٰى دِيْنِكَ ۔

તરજૂમો : 'અલ્લાહના નામથી જે રહમાન અને રહીમ છે.'

'એ અલ્લાહ ! એ રહેમ કરનાર, એ દયાળુ એ તે કે જે (લોકોના) હૃદયોના પરિવર્તન કરે છે, મારા હૃદયને તારા મઝહબ ઉપર અડગ રાખ.'

'મોકલ્લેબલ કોલુબ'નું વર્ણન કર્યા પછી વર્ણન કરનારે 'વલ અબ્સાર' શબ્દ ઉમેર્યો. જ્યારે ઇમામ (અ.સ.) એ આ સાંભળ્યું ત્યારે તેમણે કહ્યું : 'ખરેખર અલ્લાહ એ છે કે જે હૃદય અને દ્રષ્ટિનું પરિવર્તન કરે છે. પરંતુ તમે એ જ દોઆ પડો જે મેં કહી છે.' (અર્થાત : ઇમામે તાલીમ આપેલ દોઆમાં સુધારા વધારા કરી શકાય નહિં.)

(કમાલુદ્દીન ભાગ - ૨ પાના ૩૫૧)

## (૨૦) ગયબતના જમાનાની દોઆ પડવી :

સય્યદ ઇબ્ને તાઉસે 'મુહજ્જુદ દઅવાત'માં એક દોઆ લખી છે અને તે ઇમામ મહ્દી (અ.સ.)ની ગયબત દરમ્યાન પડવાની છે. વર્ણન કરનારે ઇમામ (અ.સ.)ને પૂછ્યું: ઇમામ (અ.સ.)ની ગયબતમાં શીયાઓએ શું કરવું જોઇએ ?

ઇમામ (અ.સ.) એ જવાબ આપ્યો : દોઆ પડવા ઉપરાંત તમારે ઝુહૂર માટે ઇન્તેઝાર કરવો જોઇએ. 'અમારે કઇ બાબતની દોઆ કરવી જોઇએ?' વર્ણન કરનારે પૂછ્યું: ઇમામ (અ.સ.) એ જવાબ આપ્યો :



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْم

اَللّٰهُمَّ اَنْتَ عَرَّفْتَنِيْ نَفْسَكَ، وَ عَرَّفْتَنِيْ رَسُوْلَكَ،

وَ عَرَّفْتَنِيْ مَلاَئِكَتَكَ وَ عَرَّفْتَنِيْ نَبِيَّكَ، وَ عَرَّفْتَنِيْ

وُلاَةَ اَمْرِكَ، اَللّٰهُمَّ لاَ آخُذُ اِلاَّ مَا اَعْطَيْتَ وَ لاَ

وَاقِيَ اِلاَّ مَا وَقَيْتَ اَللّٰهُمَّ لاَ تُغَيِّبْنِيْ عَنْ مَنَازِلِ

اَوْلِيَائِكَ وَلاَ تُزِغْ قَلْبِيْ بَعْدَ اِذْ هَدَيْتَنِيْ اَللّٰهُمَّ

اهْدِنِيْ لِوِلاَيَةِ مَنْ فَرَضْتَ طَاعَتَهُ

તરજૂમો : અલ્લાહના નામથી જે રહમાન અને રહીમ છે.

એ અલ્લાહ ! તે મને તારી મઅરેફત અર્પણ કરી છે અને તારા પયગમ્બરની અને ફરિશ્તાઓની મઅરેફત અર્પણ કરી છે. તારા નબીથી અને તારી કામગીરીના રક્ષકોથી મને માહિતગાર કર્યો છે. એ અલ્લાહ ! તું જે કાંઇ અર્પણ કરે તે સિવાય બીજું કંઇ હું સ્વિકારીશ નહિં અને તારી સિવાય મારો કોઇ રક્ષણહાર નથી. એ અલ્લાહ ! તારા દોસ્તોના દરજ્જાઓથી મને દૂર રાખીશ નહિં અને મારા હૃદયને માર્ગદર્શન આપ્યા પછી અવગણતો નહિ. એ અલ્લાહ! તેની વિલાયત તરફ મને માર્ગદર્શન આપ જેની તાબેદારી તે મારા ઉપર વાજીબ કરી છે.

(મુહજ્જુદ દઅવાત, પા. ૩૩૨)

## (૨૧) ઝુહૂરની નિશાનીઓનું જ્ઞાન હોવું:

આપણને ઇમામો (અ.સ.) એ શીખવેલી ઝુહૂરની નિશાનીઓ વિષે શીખવું વાજીબ છે. ખાસ કરીને ‘ચોક્કસ’ નિશાનીઓ.

બૌદ્ધિક પૂરાવો: આપણે અગાઉ સાબિત કરી ચૂક્યા છીએ કે ઇમામે ઝમાના (અ.સ.) ની મઅરેફત વાજીબ છે. આ મઅરેફતમાં તેમના ઝુહૂરની ‘ચોક્કસ’ નિશાનીઓનો સમાવેશ થાય છે.



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

લેખિત પૂરાવો: ‘કાફી’માં ઇમામ સાદિક (અ.સ.) નો હવાલો આપવામાં આવ્યો છે કે આપ કહે છે, ‘નિશાનીઓ (ઝુહૂરની) ને ઓળખો. તેને સાચી રીતે જાણ્યા પછી આ કાર્યમાં ઝડપ કે વિલંબ કોઇ નુકશાન નહિ કરે.’

ઉમર ઇબ્ને હન્ઝલા અહેવાલ આપે છે કે ઇમામ સાદિક (અ.સ.) એ આ પણ કહ્યું : ‘કાએમ (અ.સ.) માટેની પાંચ ચોક્કસ નિશાનીઓ છે. (૧) સુફયાની (૨) યમાની (૩) આકાશમાંથી રણશીંગુ (૪) નફસે ઝકીય્યા (પવિત્ર આત્મા) નો વધ અને (૫) બયદારની જમીનનું ધસી જવું.’

## (૨૨) આપણે આજ્ઞાંકિત રહેવું અને ઉતાવળા ન થવું જોઇએ :

અબ્દુર રહમાન ઇબ્ને કસીરના હવાલાથી કાફીમાં છે કે ઇમામ સાદિક (અ.સ.) ની બેઠકમાં તે હાજર હતા જ્યારે મુહઝમ દાખલ થયા અને કહ્યું: ‘આપના ઉપર અમારા જીવન કુરબાન થાય ! મહેરબાની કરીને અમને કહો અમે જે પ્રસંગનો ઇન્તેઝાર કરીએ છીએ એ ક્યારે આવશે?’

ઇમામ (અ.સ.) એ જવાબ આપ્યો : ‘એ મુહઝમ ! જે લોકો સમય નક્કી કરે છે તેઓ જુઠ્ઠા છે. જે લોકો અધિરા બની ગયા તેઓનો નાશ થયો અને જે લોકો સ્થિતિ સંજોગોને આધિન રહ્યા તેઓ ઉગરી ગયા.’

(ઉસુલે કાફી ભાગ - ૧ પાના. ૩૬૮)

આ બાબતમાં કોઇપણ બિન જરૂરી અધિરાઇ અને ધીરજ જાળવી રાખવામાં નિષ્ફળતા ગેરમાર્ગે દોરનારા કાફીરોની  પૈરવી કરવાનું કારણ બને છે. આ જુઠ્ઠા દાવેદારો તે લોકોનું શોષણ કરવાની તક ઝડપી લે છે જે લોકો ઇમામ (અ.સ.) ની હદીસથી અજ્ઞાત હોય છે,  તે લોકોને ખોટી માન્યતાઓનો પ્રચાર કરીને ઝુહુર બાબત શંકાઓ ઊભી કરે છે અને લોકોને ગુમરાહી તરફ આમંત્રણ આપે છે. ઇમામો (અ.સ.) એ લોકોને ઇમામ મહદી (અ.સ.) ના ઝુહૂર પહેલાની નિશાનીઓની જાણકારી આપી હોવા છતાં આવા જ અધિરા લોકો આ પ્રકારના ખોટા દાવેદારોને અનુસરે છે. તેઓએ નિશાનીઓને ચોક્કસ રીતે દર્શાવી છે જે ખાત્રી પૂર્વકની અનિવાર્ય છે અને તેઓએ આપણને આપણા ઇમાન ઉપર અડગ રહેવાનો હુકમ આપેલ છે. તેથી અનિવાર્ય નિશાનીઓની ઘટના બને તે પહેલા જો કોઇ ઇમામ મહદી અથવા તેમના નાએબ હોવાનો દાવો કરે તો આપણે તેના પ્રત્યે ધ્યાન આપવું ન જોઇએ અને ખુદા પાસે દોઆ કરવી જોઇએ કે તે આપણને શૈતાનના ફરેબથી રક્ષણમાં રાખે.



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

## (૨૩) ઇમામ (અ.સ.) વતી સદકો આપવો :

ઇમામ (અ.સ.) વતી સદકો આપવો તે વ્યક્તિની તેમના પ્રત્યેની દોસ્તી અને મવદ્દતની સાબિતિ છે. આ કથનની સત્યતા મો'અમીનો વતી સદકો આપવો અથવા નમાઝ પઢવાની બાબત જે કાંઇપણ રિવાયતો આવી છે તેના ઉપર આધારિત છે. એવી રીતે કે ઇમામ (અ.સ.) મો'અમીનોના આકા છે અને તે સૌથી વધુ યથા યોગ્ય છે.

આ સિવાય આપણી પાસે ઘણી હદીસો છે કે જે ઇમામ (અ.સ.) વતી હજ, તવાફ, ઝીયારત વિગેરે બજાવી લાવવાનું સૂચન કરે છે. તદ્ઉપરાંત જો આપણે હદીસોના વિશાળ સંગ્રહમાંથી સત્ય હકીકત તારવીએ તો આપણને ખાત્રી થશે કે ઇમામ (અ.સ.) વતી દરેક પ્રકારની ઇબાદતના કાર્યો ઉચ્ચ બદલો આપનાર છે. અલ્લામા અલી ઇબ્ને તાઉસે તેમની કિતાબ 'કશ્ફુલ મુહજ્જા'માં દર્શાવ્યા મુજબ તેમણે તેમના પુત્રને ઇમામ (અ.સ.)ની ગયબત દરમ્યાન આપણે જે ક્રિયાઓ બજાવી લાવવી જોઇએ તેના વિષે યાદી આપી અંતમાં તે કહે છે:

'અલ્લાહ, પયગમ્બર (સ.અ.વ.) અને ઇમામ મહદી (અ.સ.) ના પૂર્વજો તમારી પાસેથી અપેક્ષા રાખે છે તે રીતે તેઓની ઇતાઅત, તેઓના પ્રત્યેની વફાદારી અને સંબંધો માટે કાળજી લેવી તમારી ફરજ છે. જ્યારે તમે નમાઝે હાજત પડતા હો ત્યારે તમારી પોતાની જરૂરિયાતો ઉપર ઇમામ (અ.સ.) ની જરૂરિયાતને અગ્રતા આપવી જોઇએ. તમારા કુટુંબીજનો વતી સદકો આપતા પહેલાં ઇમામે ઝમાના (અ.સ.) વતી સદકો આપો અને તેમના માટે દોઆ કરો. આ ઉપરાંત દરેક સારા કાર્યમાં તેમને અગ્રતા આપો. આ બધી બાબતો ઇમામ (અ.સ.)નું ધ્યાન (આપણી તરફ) અને આપણા ઉપર એહસાનનું કારણ બનશે.'

## (૨૪) ઇમામ (અ.સ.) ની સલામતી માટે સદકો આપવો :

જો કે કાંઇપણ કહેવાની જરૂર નથી કે આ મુસ્તહબ અમલ છે. બલ્કે અલ્લાહના પયગમ્બર (સ.અ.વ.) ની આલ પ્રત્યેની મવ તનો તકાજો છે. શું તમે તમારા કુટુંબીજનો વતી સદકો નથી આપતા જ્યારે તમને તેની તંદુરસ્તી કે સલામતી માટે ડર હોય ? આ માટે તમારા ઇમામ વધુ સુપાત્ર છે આ ઉપરાંત લોકો આવો સદકો આપે છે તેથી ઇમામ (અ.સ.) ની અને ખુદની વચ્ચે એક ખાસ પ્રકારનું સ્નેહબંધન વિકસે છે.

બીજી વસ્તુ કે આ કાર્યનું મહત્વ એ છે કે જે પયગમ્બર (સ.અ.વ.) ની હદીસ નિર્દેશ કરે છે. શયખ સદુક (અ.ર.) વર્ણન કરે છે કે પવિત્ર પયગમ્બર (સ.અ.વ.) એ કહ્યું : 'બંદાનું ઇમાન ત્યાં સુધી સંપૂર્ણનથી જ્યાં સુધી



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

તે મને પોતાની જાત કરતાં વધુ ચાહે અને જ્યાં સુધી તે મારા કુટુંબને પોતાના કુટુંબ કરતા, અને તેના સન્માન ઉપર મારા સન્માનને અને તેની જાત ઉપર મારી ખુદની જાતને વધુ ચાહે.'

(મજાલીસે સદુક પા. ૨૦૧)

# (૨૫-૨૬) ઇમામ (અ.સ. )વતી હજ કરવી અથવા ઇમામ (અ.સ.) ની નયાબતમાં કોઇને મોકલવા :

શીયાઓમાં ભૂતકાળની સદીઓથી આ એક પ્રણાલિકા છે. આ નેક અ'અમાલ માટે ઘણી હદીસોમાં સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવ્યું છે.

વિદ્વાનોએ મોઅમીનો વતી નેક કામ કરવાના વખાણની અસંખ્ય હદીસોની નોંધ કરી છે. જેમાંની બે અત્રે રજુ કરીએ છીએ.

(૧) 'કાફી'માં ઇબ્ને મીસ્કાન ઇમામ સાદિક (અ.સ.) થી વર્ણન કરે છે કે તેણે ઇમામ (અ.સ.) ને પૂછ્યું 'એક માણસ બીજા કોઇની વતી હજ કરે તો તેને કેટલો બદલો મળે ?' ઇમામ (અ.સ.) એ જવાબ આપ્યો: 'તે વ્યક્તિને દસ હજનો બદલો આપવામાં આવશે જે બીજા કોઇની વતી હજ બજાવી લાવશે.'

(ફુરૂએ કાફી ભાગ - ૪ પાના. ૩૧૨)

(૨) શયખ સદુક (અ.ર.) તેમની કિતાબ 'મન લા યહઝોરોહુલ ફકીહ'માં લખે છે કે ઇમામ સાદિક (અ.સ.) ને એક માણસ જે બીજા વતી હજ કરે તેના વિષે પૂછ્યું : 'તેને કોઇ બદલો મળશે ?' ઇમામ (અ.સ.) એ કહ્યું : 'એક વ્યક્તિ કે જે બીજા કોઇ વતી હજ કરે તેને ૧૦ હજનો બદલો આપવામાં આવે છે. (વધુમાં) તે માણસ (જેણે બીજા કોઇ વતી હજ કરી છે) તેની માતા, પિતા, પુત્રો અને પુત્રીઓ, ભાઇઓ અને બહેનો, કાકાઓ અને કાકીઓ, મામાઓ અને મામીઓ તે સૌને બક્ષી દેવામાં આવે છે. અલ્લાહની દયા બહોળી રીતે પ્રસરેલી છે અને તે દયાળુ છે.'



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

# (૨૭-૨૮) ઇમામ (અ.સ.)ના પ્રતિનિધિ તરીકે તવાફ કરવા અથવા બીજા કોઇને તવાફ કરવા મોકલવા :

જ્યારે આપણે સાબિત કર્યું છે કે ઇમામ (અ.સ.) વતી હજ કરવી મુસ્તહબ છે ત્યારે તેમના વતી કોઇને તવાફ કરવા મોકલવા પણ મુસ્તહબ બનશે તે ગર્ભિત છે. કારણ કે આ દોસ્તી અને સદ્ભાવનું પરિણામ છે. તેથી તેના ગુણ અને ભલાઇ બુદ્ધિપૂર્વક સાબિત થાય છે. એક માણસને ઇમામ (અ.સ.) ની નયાબતમાં હજ માટે મોકલવો તે તવાફ માટે મોકલવા કરતા વધુ લાભદાયી છે.

તેમ છતાં, અમૂક ચોક્કસ કાર્યો છે કે જે જીવંત ઇમામ વતી કરવા વિશેષ મુસ્તહબ છે. જે 'કાફી' માં મૂસા બીન અલ - કાસીમે રજુ કરેલી ઇમામ તકી (અ.સ.) ની હદીસમાં દર્શાવવામાં આવેલ છે. વર્ણન કરનાર કહે છે કે તેણે ઇમામ (અ.સ.)ને પૂછ્યું: 'હું આપના અને આપના પૂર્વજો વતી તવાફ કરવા ચાહું છું પરંતુ લોકોએ કહ્યું કે અવસીયા વતી તવાફ કરવાની પરવાનગી આપવામાં નથી આવી.'

ઇમામ (અ.સ.) એ કહ્યું : 'ખરૂં જોતાં તમારે જેટલા વધુ શક્ય હોય તેટલા તવાફ કરવા જોઇએ.'

વર્ણન કરનાર કહે છે કે ત્રણ વરસના ગાળા પછી ફરી તે માણસ ઇમામ (અ.સ.) પાસે આવ્યો અને કહ્યું : 'મેં અગાઉ આપના વતી અને આપના પિતા વતી તવાફ કરવાની પરવાનગી મેળવી હતી. તે પછી આપના વતી અને આપના મોહતરમ પિતા વતી અલ્લાહને જેટલા તવાફ મંજુર હતા તેટલા બજાવી લાવ્યો. તે પછી મને એક વિચાર આવ્યો !'

'તે શું હતો ?' ઇમામ (અ.સ.) એ પુછ્યું,

'એક દિવસ મે અલ્લાહના પયગમ્બર (સ.અ.વ.) ના વતી તવાફ કર્યો.'

ઇમામ (અ.સ.) એ પવિત્ર પયયમ્બર (સ.અ.વ.) ઉપર ત્રણ વખત સલવાત પડ્યા. વર્ણન કરનારે આગળ કહ્યું : 'બીજા દિવસે અમીરૂલ મોઅમેનીન (અ.સ.) વતી, પછી ત્રીજા દિવસે ઇમામ હસન અલ મુજતબા (અ.સ.) વતી, ચોથા દિવસે ઇમામ હુસૈન (અ.સ.) વતી, પાંચમા દિવસે ઇમામ સજ્જાદ (અ.સ.) વતી, છઠ્ઠા દિવસે ઇમામ બાકિર (અ.સ.) વતી, સાતમા દિવસે ઇમામ સાદિક (અ.સ.) વતી અને આઠમા દિવસે આપના દાદા ઇમામ મૂસા અલ કાઝીમ (અ.સ.) ના વતી તવાફ કર્યા. નવમા દિવસે આપના માનનીય પિતા ઇમામ રેઝા



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

(અ.સ) વતી અને દસમા દિવસે આપની સન્માનીય જાત માટે તવાફ કરવાની ખુશનસીબી મળી. હું એ મહાન બુઝુર્ગોની વિલાયત મારફતે ખુદાની બંદગી કરૂં છું.'

ઇમામ (અ.સ.) એ કહ્યું : 'ખુદાની કસમ ! તમે એક એવા મઝહબ મારફતે અલ્લાહની બંદગી કરી રહ્યા છો કે જેના સિવાય અલ્લાહ બીજા કોઇ મઝહબનો સ્વિકાર નહિં કરે.'

વર્ણન કરનારે કહ્યું : 'મેં ઘણી વખત આપના મોહતરમા દાદી ફાતેમા ઝેહરા (સ.અ.) ના વતી તવાફ કર્યા છે અને ક્યારેક નથી કર્યા.'

ઇમામ (અ.સ.) એ કહ્યું : 'આ તવાફ વધુ કરો ! જો અલ્લાહે ચાહ્યું તો તમારા અમલ જે તમે કર્યા છે તેમાં તે સર્વ શ્રેષ્ઠ હશે.'

(ફુરૂએ કાફી, ભાગ - ૪ પાના નં. ૩૧૬)

## (૨૯) ઇમામ (અ.સ.) ના વતી પવિત્ર પયગમ્બર (સ.અ.વ.) અને ઇમામો (અ.સ.) ની ઝિયારત કરવા જવું :

ઇમામ (અ.સ.) પ્રત્યેનો આ અમલ કે જે લોકોનો શ્રેષ્ઠ અમલ છે તે સાબિત કરે છે કે ઝીયારતની નયાબત મુસ્તહબ છે અને બીજા મુદ્દાઓ પણ તે સાબિત કરે છે.

(૧) દાખલા તરીકે તે સાબિતી કે તેમના વતી સદકો આપવો મુસ્તહબ છે.

(૨) હજ અને તવાફનો સ્વિકાર પણ બુદ્ધિપૂર્વક સાબિત કરે છે કે ઝીયારતની નયાબત મુસ્તહબ છે.

(૩) હદીસ કે જે મોઅમીન વતી ઝીયારતની ભલામણ કરે છે.

(૪) વિદ્વાનો અને શીયા સમાજના લોકો વચ્ચે આ પ્રણાલિકા અમલમાં છે.

(૫) તે હદીસ કે જેમાં હજ અને તવાફની નયાબતનો સ્વિકાર કરવામાં આવ્યો છે તે ઝિયારતની નયાબતને પણ લાગુ પડે છે.



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

(૬) બેહારૂલ અન્વારમાં અલ્લામા મજલીસી (અ.ર.) એ નોંધ કરેલ હદીસો પણ આ મુદ્દાને સાબિત કરે છે. ઇમામ હસન અલ અસ્કરી (અ.સ.) એ એક ઝવ્વારને ઇમામ હુસૈન (અ.સ.) ની ઝીયારત માટે મોકલ્યા અને કહ્યું : 'જગ્યાઓ પૈકી એક કે જ્યાં અલ્લાહને દોઆ ગમે છે અને જ્યાં તે (અલ્લાહ) દોઆને કબુલ કરે છે, તે હાએરે હુસૈન (અ.સ.) છે.'

(બેહારૂલ અન્વાર, ભાગ - ૧૦૨ પા. ૨૫૭)

# (30) ઇમામ (અ.સ.) ની નયાબતમાં ઝીયારત માટે મોકલવા:

ઇમામે ઝમાના (અ.સ.) ની નયાબતમાં એક ઝવ્વારને મોકલવા મુસ્તહબ છે. આ ઉચ્ચ બદલો મેળવવાનો અમલ છે. કારણ કે તે નેકી અને પરહેઝગારી પર અમલ કરવામાં મદદરૂપ છે અને પયગમ્બર (સ.અ.વ.) ની આલ માટે મવદ્દતની નિશાની છે. તે ઇમામ (અ.સ.) પ્રત્યેની સદ્ભાવનાનું પ્રતિક છે. બધી દલીલો કે જે મુસ્તહબ પ્રકારની હજ અને તવાફ માટે નયાબતમાં મોકલવાને સાબિત કરે છે, તે આ માટે પણ લાગુ પડે છે.

# (૩૧) ઇમામ (અ.સ.) ની ખિદમત કરવા માટે કોશિશ કરવી:

ઇમામ (અ.સ.)ની ખિદમત કરવા જેટલો શક્ય હોય તેટલો સંઘર્ષ કરવો. કારણ કે હદીસ કહે છે કે આ જગત ઇમામ (અ.સ.) ની બરકતથી અસ્તિત્વ ધરાવે છે. બીજું અમૂક ફરિશ્તાઓ એવા છે કે જે ઇમામ (અ.સ.) ની આજ્ઞા બજાવવા માટે નિમવામાં આવ્યા છે. તેઓ તેમની હાજરીમાં તેમની રજા વગર બેસતા પણ નથી. આવા પ્રકારની ઘણી હદીસો છે. તેમ છતાં ચર્ચાનું લંબાણ થઇ જાય તે માટે અમે તે દર્શાવતા નથી. પરંતુ માત્ર સાબિતી રૂપે અમે ઇમામ સાદિક (અ.સ.) ની એક હદીસ રજુ કરીએ છીએ જેમાં આપ કહે છે : 'જો હું તેમનો સમય પામતે તો હું મારૂં જીવન તેમની સેવામાં પસાર કરતે.'

ઇમામ (અ.સ.) નું આ કહેવું એ કંઇ અસામાન્ય કે આશ્ચર્ય પમાડે તેવું નથી, તે ચોક્કસ હકીકત છે. તે ઇમામ (અ.સ.) ની શ્રેષ્ઠતા સુચવે છે અને તે દર્શાવે છે કે જો ઇમામે ઝમાના (અ.સ.) ની સેવા શ્રેષ્ઠ પ્રકારની ઇબાદત અને ઇતાઅત ન હતે. તો ઇમામ સાદિક (અ.સ.) કે જેમના જીવનની દરેક ક્ષણ ઇબાદતમાં પસાર થઇ છે તેમણે તેમનો અમૂલ્ય સમય ઇમામે ઝમાના (અ.સ.) ની સેવામાં વાપરવાની તેમની ઇચ્છા પ્રદર્શિત ન કરી હતે.



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

# (૩૨) ઇમામ (અ.સ.) ની મદદ માટે વ્યવસ્થા ગોઠવવી:

ગયબતના સમય દરમિયાન ઇમામ (અ.સ.) ને મદદ કરવાની ફરજ છે. કારણ કે એ વ્યક્તિ કે જેણે ઇમામ (અ.સ.) ને મદદ કરી તેણે ખરેખર અલ્લાહને મદદ કરી. જેમ કે અલ્લાહ કહે છે કે : 'ખરેખર અલ્લાહ તેઓને મદદ કરે છે જે અલ્લાહને મદદ કરે છે, ચોક્કસ અલ્લાહ સંપૂણશક્તિ ધરાવનાર, અતિ સમર્થ છે.'

(સુરએ હજ : ૨૨ આ. ૪૦)

બીજી જગ્યાએ અલ્લાહ કહે છે : 'જો તમે અલ્લાહને મદદ કરો તો તે તમને મદદ કરશે અને તમને સાબિત કદમ બનાવશે.'

(સુરએ મોહમ્મદ : ૪૭ આ. ૭)

અહિં ત્રણ મુદ્દાઓ નોંધ કરવા જેવા છે.

(૧) તેમાં કોઇ શક નથી કે અલ્લાહ સંપૂણશક્તિમાન છે અને તે બેનિયાઝ છે, એટલે કે તેને કોઇપણ પ્રકારની જરૂરિયાત હોતી નથી. કારણ કે તેનું વજુદ વાજીબ છે અને તે ખુદ આત્મનિર્ભર (સ્વાયત્ત) છે અને બધા સર્જનોને તેની જરૂર છે. તે ખુદ કહે છે, 'તમે સૌ અલ્લાહ સાથેના સંબંધમાં નબળા છો જ્યારે અલ્લાહ આત્મ-નિર્ભર છે, જેની પ્રસંશા કરવામાં આવે છે.' કુરઆનના તફસીરકારો કહે છે કે 'અલ્લાહને મદદ કરવી' નો અર્થ 'પવિત્ર પયગમ્બર (સ.અ.વ.) અને ઇમામો (અ.સ.) ને મદદ કરવાનો થાય છે.'

(૨) વધુમાં, તેઓને મદદ કરવી એટલે દરેક પગલુ ભરવું કે જે તેમના હુકમને બજાવી લાવવામાં હોય. તેથી તેઓને મદદ કરવાની રીત સમય અને સ્થળ ઉપર આધાર રાખે છે. ગયબત દરમિયાનની મદદ અને ઝુહૂર થવાના સમયે મદદ કરવા વચ્ચે તફાવત છે. જો તે આપણી વચ્ચે હાજર હોય તો તેમની સાથે (તેમના પક્ષમાં) જેહાદ લડીને આપણે તેમને મદદ કરીએ અને જ્યારે તે ગયબતમાં હોય ત્યારે તેમના ઝુહૂર માટેની દોઆ કરીને આપણે તેમને મદદ કરીએ.

(3) હવે આપણે જોઇએ કે અલ્લાહ તેના બંદાઓને કેવી રીતે મદદ કરે છે. હદીસો ઉપરથી સાબિત થયા મુજબ એ શક્ય છે કે અલ્લાહ તેના બંદાઓને રાહતમાં અને તકલીફમાં, કસોટીઓમાં અને સમૃદ્ધિમાં તેઓને એવી વસ્તુઓથી સલામત રાખીને કે તેની રહેમથી દૂર કરીને તેમ છતાં, આ જીવનમાં તેઓના દુશ્મનો ઉપરનો તેઓનો વિજય સમય અને સંજોગો ઉપર આધારિત છે. તેથી અમૂકવખતે અલ્લાહના દોસ્તો સત્તા ઉપર હોય છે અને અમૂકવખતે તેઓ ઉપર સત્તા ચલાવવામાં આવે છે. તેથી આ શબ્દ સમૂહ 'વ યોસબ્બીત અકદામકુમ' (અલ્લાહ તમને સાબિત કદમ



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

(અડગ) બનાવી દેશે) નો મતલબ એ થાય કે અલ્લાહ અંતમાં સેરાતલ મુસ્તકીમ (સીધા રસ્તા) ઉપર ચલાવશે.

## (33) ઇમામ (અ.સ.) ના ઝુહૂરના પ્રસંગે તેમને મદદ કરવાનો મક્કમ નિર્ધાર હોવો :

એ હકીકતની તટસ્થ દ્રષ્ટિએ કે આ નિય્યત ઇમાનની આવશ્યકતા માટે જરૂરી છે અને તેમાંની એક યકીન માટેની નિશાની છે. નિય્યત, બદલો અને નેક અમલો બજાવી લાવવા માટે ઘણી હદીસોની નોંધ કરવામાં આવી છે અને દરેક વ્યક્તિનો બદલો તેની નિય્યત ઉપર આધાર રાખે છે. આ પણ મુત્તકીના ઇમામ અલી ઇબ્ને અબી તાલીબ (અ.સ.) ના શબ્દોથી સાબિત થએલ છે. આપ કહે છે : 'થોભો ! મુસીબતો અને આફતોમાં સબર કરો. તમારા હાથ અને તલવાર ગાંડપણમાં ન ચલાવો કે જે તમે ઉચ્ચારો છો અને એવી બાબતો માટે જ્યાં અલ્લાહે ઉતાવળ નથી કરી તમે તેમાં ઉતાવળથી અમલ ન કરો. એ વ્યક્તિ કે જે અલ્લાહ, તેના પયગમ્બર (સ.અ.વ.) અને તેમની એહલેબયતના હક્કોની સાચી સમજણ સાથે તેના બિછાના ઉપર ઊંઘમાં મૃત્યુ પામે તે શહિદનું મૃત્યુ પામે છે. અને તેનો બદલો અલ્લાહ ઉપર છે અને તેણે તેનો બદલો મેળવ્યો છે જેની તેણે નિય્યત કરી હતી. તેની આ નિય્યત તલવાર બહાર કાઢવાની જેમ ગણાવામાં આવશે અને તેમાં શંકા નથી કે દરેક બાબત માટે ચોક્કસ મુદ્દત કે યુગનો એક નક્કી કરેલો સમય છે.'

## (૩૪) દરરોજ/દર શુક્રવારે ઇમામ (અ.સ.) ના હાથ ઉપરની બયઅતને તાજી કરવી :

ગયબત દરમિયાનની ફરજોમાંની એક ઇમામ (અ.સ.) સાથેની વફાદારીની બયઅતને તાજી કરવી. આ ફરજ દરરોજ, દરેક વાજીબ નમાઝ અથવા જુમ્આના દિવસે પૂ રીકરી શકાય છે.

આ ચર્ચાના બે પાસાઓ છે.

(૧) બયઅત અર્થમાં અને (૨) બયઅત હુકમમાં



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

બયઅતનો અર્થ : બયઅતનો અર્થ એ છે કે એક માણસ બીજા માણસને પૂરેપૂરીનિખાલસતા અને વફાદારી સાથેની બયઅત આપે છે. એટલે કે તે એ વ્યક્તિને તેની મિલ્કત અને જીંદગીથી મદદ કરશે કે જેની તેણે બયઅત કરી છે અને તેને મદદ કરવામાં તેની બયઅતના સંબંધમાંકોઇપણ બાબતમાં ઉણો નહિ ઉતરે.

દોઆએ અહદમાં દર્શાવવામાં આવેલી બયઅત આ અર્થ જેવી જ છે. આ દોઆને ચાલીસ દિવસ સુધી દરરોજ સવારે પડવા માટે વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે. અલ્લાહના પયગમ્બર (સ.અ.વ.) એ પણ તેની ઉમ્મતને પવિત્ર ઇમામો (અ.સ.) ની બયઅત કરવાનો આદેશ આપેલ છે. ઇમામ (અ.સ.) ની હાજરી કે ગેરહાજરી વચ્ચે કોઇ તફાવત નથી. ઇમાનની જરૂરિયાત માટે આ પ્રકારની બયઅત જરૂરી છે. ખરેખર તો તમે બયઅત વગરના ઇમાનની કલ્પના પણ કરી શકતા નથી. અહિં વેચનાર મોઅમીન છે અને ખરીદનાર સર્વશક્તિમાન અલ્લાહ છે. જેમકે પવિત્ર કુરઆનમાં દર્શાવવામાં આવેલ છે.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

إِنَّ اللّٰهَ اشْتَرٰى مِنَ الْمُؤْمِنِيْنَ أَنْفُسَهُمْ وَأَمْوَالَهُمْ

بِأَنَّ لَهُمُ الْجَنَّةَ ......

તરજૂમો : અલ્લાહના નામથી જે રહમાન અને રહીમ છે.

"ખરેખર ! અલ્લાહે મોઅમિનો (પાસે) થી તેમની જાન અને માલ એ વાતના બદલામાં ખરીદી લીધા છે કે તેમને જન્નત મળે.

(સુરએ તવબા, ૯ / ૧૧૧)

નીચેની બયઅત દરરોજ નવેસરથી કરવી જોઇએ અને દરરોજ સુબ્હની નમાઝ પછી પડવી જોઇએ.

દોઆએ અહદ : ઇમામે ઝમાના (અ.સ.) ની બયઅત નવેસરથી તાજી કરવા માટેની દોઆઓમાંની એક દોઆ, 'દોઆએ અહદ' છે. આ દોઆ વિષે ઇમામ સાદિક (અ.સ.) ફરમાવે છે. :

'જે વ્યક્તિ આ દોઆ ચાલીસ દિવસ પડે તે હઝરત કાએમ (અ.સ.)ના મદદગારોમાં ગણાશે. જો તે ઝુહૂર પહેલા મૃત્યુ પામે તો સર્વશક્તિમાન અલ્લાહ તેને જીવતો કરશે કે જે તેમના (ઇમામ મહદી અ.સ.) ના પક્ષે જેહાદ



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

લડશે. આ દોઆના દરેક શબ્દ માટે તેના આઅમાલ નામામાં એક હજાર નેકીઓ લખવામાં આવશે એન એક હજાર ગુનાહોને બક્ષી આપવામાં આવશે.’



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَللّٰهُمَّ رَبَّ النُّوْرِ الْعَظِيْمِ ، وَ رَبَّ الْكُرْسِيِّ الرَّفِيْعِ ،

وَ رَبَّ الْبَحْرِ الْمَسْجُوْرِ وَ مُنْزِلَ التَّوْرٰىةِ وَ الْاِنْجِيْلِ

وَ الزَّبُوْرِ، وَ رَبَّ الظِّلِّ وَ الْحَرُوْرِ وَ مُنْزِلَ الْقُرْاٰنِ

الْعَظِيْمِ ، وَ رَبَّ الْمَلاَئِكَةِ الْمُقَرَّبِيْنَ وَ الْاَنْبِيَاءِ وَ

الْمُرْسَلِيْنَ ، اَللّٰهُمَّ اِنِّيْ اَسْئَلُكَ بِوَجْهِكَ الْكَرِيْمِ وَ

بِنُوْرِ وَجْهِكَ الْمُنِيْرِ وَ مُلْكِكَ الْقَدِيْمِ ، يَا حَيُّ يَا

قَيُّوْمُ ، اَسْئَلُكَ بِاِسْمِكَ الَّذِيْ اَشْرَقَتْ بِهِ السَّمٰوَاتُ

وَ الْاَرَضُوْنَ ، وَ بِاِسْمِكَ الَّذِيْ يَصْلَحُ بِهِ الْاَوَّلُوْنَ وَ

الْاٰخِرُوْنَ ، يَا حَيًّا قَبْلَ كُلِّ حَيٍّ ، وَيَا حَيًّا بَعْدَ كُلِّ

حَيٍّ ، وَ يَا حَيًّا حِيْنَ لَا حَيَّ يَا مُحْيِيَ الْمَوْتٰى وَ

مُمِيْتَ الْاَحْيَآءِ، يَا حَيُّ لَا اِلٰهَ اِلَّا اَنْتَ ، اَللّٰهُمَّ بَلِّغْ

مَوْلَانَا الْاِمَامَ الْهَادِيَ الْمَهْدِيَّ الْقَائِمَ بِاَمْرِكَ



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

صَلَوَاتُ اللّٰهِ عَلَيْهِ وَ عَلٰى اٰبَائِهِ الطَّاهِرِيْنَ، عَنْ جَمِيْعِ
الْمُؤْمِنِيْنَ وَالْمُؤْمِنَاتِ فِيْ مَشَارِقِ الْاَرْضِ وَ
مَغَارِبِهَا سَهْلِهَا وَ جَبَلِهَا وَ بَرِّهَا وَ بَحْرِهَا ، وَ عَنِّيْ
وَ عَنْ وَالِدَيَّ مِنَ الصَّلَوَاتِ زِنَةَ عَرْشِ اللّٰهِ وَ مِدَادَ
كَلِمَاتِهِ وَ مَآ اَحْصَاهُ عِلْمُهٗ وَ اَحَاطَ بِهٖ كِتَابُهٗ ، اَللّٰهُمَّ
اِنِّيْ اُجَدِّدُ لَهٗ فِيْ صَبِيْحَةِ يَوْمِيْ هٰذَا وَ مَا عِشْتُ
مِنْ اَيَّامِيْ عَهْدًا وَ عَقْدًا وَ بَيْعَةً لَهٗ فِيْ عُنُقِيْ ، لَا
اَحُوْلُ عَنْهَا وَلَا اَزُوْلُ اَبَدًا ، اَللّٰهُمَّ اجْعَلْنِيْ مِنْ
اَنْصَارِهٖ وَ اَعْوَانِهٖ وَ الذَّابِّيْنَ عَنْهُ وَالْمُسَارِعِيْنَ اِلَيْهِ فِيْ
قَضَاءِ حَوَائِجِهٖ وَ الْمُمْتَثِلِيْنَ لِاَوَامِرِهٖ وَ الْمُحَامِيْنَ
عَنْهُ، وَ السَّابِقِيْنَ اِلٰى اِرَادَتِهٖ وَ الْمُسْتَشْهَدِيْنَ بَيْنَ
يَدَيْهِ، اَللّٰهُمَّ اِنْ حَالَ بَيْنِيْ وَ بَيْنَهُ الْمَوْتُ الَّذِيْ
جَعَلْتَهٗ عَلٰى عِبَادِكَ حَتْمًا مَقْضِيًّا فَاَخْرِجْنِيْ مِنْ
قَبْرِيْ مُؤْتَزِرًا كَفَنِيْ شَاهِرًا سَيْفِيْ مُجَرِّدًا قَنَاتِيْ مُلَبِّيًا



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

دَعْوَةَ الدَّاعِيْ فِي الْحَاضِرِ وَالْبَادِيْ ، اَللّٰهُمَّ اَرِنِي
الطَّلْعَتَ الرَّشِيْدَةَ وَالْغُرَّةَ الْحَمِيْدَةَ وَاكْحُلْ نَاظِرِيْ
بِنَظْرَةٍ مِنِّيْ اِلَيْهِ وَ عَجِّلْ فَرَجَهٗ وَ سَهِّلْ مَخْرَجَهٗ وَ
اَوْسِعْ مَنْهَجَهٗ وَ اسْلُكْ بِيْ مَحَجَّتَهٗ وَاَنْفِذْ اَمْرَهٗ
وَاشْدُدْ اَزْرَهٗ، وَاعْمُرِ اَللّٰهُمَّ بِهٖ بِلَادَكَ وَ اَحْيِ بِهٖ
عِبَادَكَ فَاِنَّكَ قُلْتَ وَ قَوْلُكَ الْحَقُّ ظَهَرَ الْفَسَادُ فِي
الْبَرِّ وَالْبَحْرِ بِمَا كَسَبَتْ اَيْدِى النَّاسِ فَاَظْهِرِ اللّٰهُمَّ لَنَا
وَلِيَّكَ، وَابْنَ بِنْتِ نَبِيِّكَ، اَلْمُسَمّٰى بِاسْمِ رَسُوْلِكَ
حَتّٰى لَا يَظْفَرَ بِشَيْءٍ مِنَ الْبَاطِلِ اِلَّا مَزَّقَهٗ وَ يُحِقَّ
الْحَقَّ وَ يُحَقِّقَهٗ، وَاجْعَلْهُ اللّٰهُمَّ مَفْزَعًا لِمَظْلُوْمِ
عِبَادِكَ وَ نَاصِرًا لِمَنْ لَا يَجِدُ لَهٗ نَاصِرًا غَيْرَكَ وَ
مُجَدِّدًا لِمَا عُطِّلَ مِنْ اَحْكَامِ كِتَابِكَ وَ مُشَيِّدًا لِمَا
وَرَدَ مِنْ اَعْلَامِ دِيْنِكَ وَ سُنَنِ نَبِيِّكَ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَ
اٰلِهٖ، وَ اجْعَلْهُ اللّٰهُمَّ مِمَّنْ حَصَّنْتَهٗ مِنْ بَاْسِ الْمُعْتَدِيْنَ



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

، اَللّٰهُمَّ وَ سُرَّ نَبِيَّكَ مُحَمَّدًا صَلَّى اللّٰهُ عَلَيْهِ وَ اٰلِهٖ

بِرُؤْيَتِهٖ وَ مَنْ تَبِعَهٗ عَلٰى دَعْوَتِهٖ وَارْحَمِ اسْتِكَانَتَنَا

بَعْدَهٗ ، اَللّٰهُمَّ اكْشِفْ هٰذِهِ الْغُمَّةَ عَنْ هٰذِهِ الْاُمَّةِ

بِحُضُوْرِهٖ وَ عَجِّلْ لَنَا ظُهُوْرَهٗ ، اِنَّهُمْ يَرَوْنَهٗ بَعِيْدًا وَ

نَرَاهُ قَرِيْبًا ، بِرَحْمَتِكَ يَا اَرْحَمَ الرّٰحِمِيْنَ ،

(જમણા સાથળ ઉપર હાથ મારે અને દરેક વખતે કહે)

اَلْعَجَلَ اَلْعَجَلَ يَا مَوْلَایَ يَا صَاحِبَ الزَّمَانِ ۔

દોઆએ અહદનો તરજુમો :

અલ્લાહના નામથી જે રહમાન અને રહીમ છે

એ પરવરદિગાર ! એ ભવ્ય નુરના માલિક ! એ બુલંદ આસમાનના માલિક ! એ ધૂ ઘવાતા દરિયાના રબ ! અને તૌરેત અને ઇન્જીલ અને ઝબુરને ઉતારનાર ! એ સૂરજ અને છાંયડાના પરવરદિગાર ! એ કુરઆને અઝીમને ઉતારનાર ! એ ખાસ મલાએકાઓના અને નબીઓ અને રસુલોના પરવરદિગાર ! એ ખુદા મારો સવાલ તારી કરીમ જાત અને તારા પ્રકાશિત નુરના વાસ્તાથી છે અને તારા અનંત મુલ્કના વસીલાથી. એ જીવંત અને હંમેશા રહેનારા અને મારો સવાલ તારા એ નામથી કે જેનાથી આસમાન અને જમીન પ્રકાશિત છે અને તારા નામ થકી પ્રથમ અને અંતિમના કામના સુધારા થાય છે. એ દરેક જીવંતની પહેલા જીવતા અને દરેક જીવંતની પછી જીવતા રહેનારા ! એ સમયના જીવનના માલિક જ્યારે કોઇ જીવતું ન હતું એ મૃત્યુ પામનારને જીવન અને જીવતા રહેનારને મોત આપનાર. એ હંમેશા જીવંત રહેનાર ખુદા જેની સિવાય બીજો કોઇ ખુદા નથી. અમારા મવલા ઇમામ હાદી મહદી જે તારા હુકમની સાથે કયામ કરનારા છે. તેમના સુધી પૂ ર્વ અને પશ્ચિમના સૌ મોઅમીન પુરૂષો અને સ્ત્રીઓ અને રણો અને પર્વતો અને જમીન અને પાણીના બધા રહેનારાઓ અને મારી અને મારા મા - બાપની તરફથી એવી સલવાત પહોંચાડી દે જે અલ્લાહના અર્શના વજન અને અલ્લાહનાં કલમાઓની શાહી બરાબર હોય અને જેને અલ્લાહના ઇલ્મે ઘેરી લીધેલ છે. અને પરવરદિગારની કિતાબે પણ ઘેરી લીધેલ છે. એ ખુદા! હું આજની સવારે અને જ્યાં સુધી હું જીવતો રહું, ત્યાં સુધી દરરોજ સવારે તેમની બયઅતનું વચન



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

આપું છું અને તેમની આ બયઅત મારી ગરદન ઉપર છે જેનાથી ન હઠી શકું છું ન જુદો પડી શકું છું અને હંમેશા તેના ઉપર સાબિત કદમ રહીશ. એ ખુદા! મને તેના ઉપર નિસાર થનારાઓમાં અને દોસ્તોમાં, તેમની સાથે વફાદારી કરનારાઓ, તેમની માગણીઓને પૂરા કરવામાં ઝડપથી કામ કરનારાઓમાં, તેમના હુકમનું પાલન કરનારાઓમાં, તેમના તરફથી વફાદારી કરનારાઓમાં, તેમના હેતુઓને પૂરા કરનારા અને તેમની સામે શહીદ થનારાઓમાં ગણતરી કર. એ ખુદા ! જો તેમના અને મારા વચ્ચે મૃત્યુ આવી જાય જેને તેં તારા બંદાઓ માટે નિશ્ચિત કરેલ છે. તો તું મને કબરમાંથી એવી રીતે બહાર કાઢજે કે કફન પહેરેલું હોય, તલ્વાર ખેંચેલી હોય, ભાલો ઉપાડેલો હોય અને દરેક તબક્કે અલ્લાહ તરફ દઅવત દેનારની અવાજ ઉપર લબ્બયક કહી રહ્યો હોઉં. ખુદાયા ! શહેર અથવા બીજી જગ્યાએ અમને તે સુંદર દ્રષ્ય અને તે પ્રકાશિત ચહેરો દેખાડી દે અને અમારી આંખોમાં તેમના દિદારનો સુરમો લગાડી દે. તેમના ઝુહુરમાં જલ્દી કર. તેમના ઝુહુરમાં આસાની કરી દે. તેમના રસ્તાઓને વિશાળ બનાવી દે અને અમને તેમના રસ્તા ઉપર ચલાવ. તેમના હુકમને બહાર પાડી દે. તેમની પીઠને મજબુત બનાવી દે. તેમના થકી શહેરોને આબાદ કરી દે અને બંદાઓને જીંદગી આપી દે કે તે ખુદ કહ્યું છે કે ફસાદ જમીન અને દરિયામાં ચારે તરફ જાહેર થઇ ગયો છે. લોકોના આમાલના કારણે તેથી ખુદાયા ! હવે તું અમારા માટે તારા વલી, તારા નબી (સ.અ.વ.) ની પુત્રીના લાલ, તારા રસુલના નામવાળાને જાહેરમાં લઇ આવ. જેથી તેમની સામે કોઇ બાતીલ ન આવે જેનો નાશ ન કરે અને કોઇ હક ન આવે જેને સાબિત ન કરી દે અને ખુદાયા ! તેમને તારા મઝલુમ બંદાઓ માટે ફરિયાદરસ અને નિરાધાર લોકો માટે મદદગાર બનાવી દે કે જેઓ તારી સિવાય કોઇને મદદગાર જોતા નથી. તેમને તારી કિતાબના સુસ્ત હુકમોને જીવંત કરનારા અને દીનના પડી ગએલા ઝંડાઓને સંભાળનારા, નબીની સુન્નતને સક્રિય કરનારા નિયુક્ત કર. ખુદાયા તેમને તે લોકોમાં નિયુક્ત કર જેને તે જાલીમોની બુરાઇથી બચાવ્યા છે. ખુદાયા! તારા રસુલ હઝરત મોહમ્મદ (સ.અ.વ.) ને તેમના દિદારથી ખુશ કરી દે અને તે લોકોને પણ ખુશ કરી દે જે તેમના આમંત્રણથી તેમનું અનુસરણ કરે. ખુદાયા ! તેમની ગયબતમાં અમારી બેક્સી ઉપર રહમ કર. એ ખુદા આ ઉમ્મતના દુ:ખ દર્દોને તેમની હાજરીથી દૂર કરી દે અને અમારા માટે તેમના ઝુહુરમાં જલ્દી કર જેને વિરોધીઓ ઘણું દૂર સમજે છે પરંતુ અમે ઘણું નજદિક માનીએ છીએ. તારી રહમતના સહારે એ સર્વશ્રેષ્ઠ રહમ કરનારા.

(જમણા સાથળ ઉપર હાથ મારે અને દરેક વખતે કહે)

એ મારા મવલા ! એ સાહેબુઝઝમાન જલ્દી આવો જલ્દી આવો.

## જુમ્આના દિવસની બયઅત :

ઇમામે ઝમાના (અ.સ.) સાથેની બયઅતને દર શુક્રવારે તાજી કરવી મુસ્તહબ છે. હદીસમાં દર્શાવ્યા મુજબ ફરિશ્તાઓ દર શુક્રવારે બયતુલ મઅમૂરમાં ભેગા થાય છે અને ઇમામ (અ.સ.) ની બયઅતને તાજી કરે છે.



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

આવા જ અર્થ મુજબની એક બીજી દોઆ ઇમામ સજ્જાદ (અ.સ.) એ દર્શાવી છે. આ દોઆની 'અબ્વાબુલ જન્નાત ફી આદાબીલ જમ્આત' નામની કિતાબમાં નોંધ કરવામાં આવેલ છે. જુમ્આ એવો દિવસ છે કે જે દિવસે સર્વશક્તિમાન અલ્લાહે મનુષ્ય જાતિ પાસેથી ઇમામો (અ.સ.) ની બયઅત લીધી છે. વ્યક્તિએ શક્ય તેટલા નેકીના કામો આ દિવસે કરવા જોઇએ. કારણ કે આ દિવસે કરવામાં આવેલા નેકીના કામોનો બદલો બમણો કરી દેવામાં આવે છે. આ બયઅત અત્યંત મહ્ત્વની અને ઇબાદતનો સંપૂર્ણઅમલ છે.

બયઅતનો હુકમ : બયઅતનો હુકમ તે બીજો અર્થ છે એટલે કે જેની બયઅત કરવાની હોય તેના હાથમાં બયઅત કરનારનો હાથ મૂકવાનોહુકમ છે. તેના બે પ્રકાર છે. (૧) ઇમામ (અ.સ.)ની હાજરીમાં અને (૨) ઇમામ (અ.સ.) ની ગયબતમાં

પહેલા કિસ્સામાં એક વખત ઇમામ હુકમ જાહેર કરે પછી તેની વિરૂદ્ધનું કાંઇ પણ કામ જાએઝ નથી કારણ કે ઇમામ (અ.સ.) ને તાબે થવું વાજીબ છે. જો ઇમામ (અ.સ.) આપણી પાસેથી બયઅત માંગે તો આપણે તેમને બયઅત આપવી પડે અથવા જો તે હુકમ કરે તો આપણે તેમના નાએબે ખાસને આપવી પડે. આ પ્રકારની બયઅત પવિત્ર પયગમ્બર (સ.અ.વ.) એ અલી (અ.સ.) માટે ગદીરે ખુમ ખાતે હુકમ કરવામાં આવેલી બયઅત છે.

એક મઅસુમ ઇમામની હાજરીમાં જો એક બિન - મઅસુમ વ્યક્તિ બયઅત માંગે તો શું તેને તાબે થવું જાએઝ છે ?

જવાબ : જો તે વ્યક્તિની ઇમામ (અ.સ.) એ ખાસ નિમણૂંક કરી હોય અને તેને બયઅત આપવાનો હુકમ કર્યો હોય તો તેને બયઅત આપવી જરૂરી છે. કારણ કે આ સંજોગોમાં તેની બયઅત ઇમામ (અ.સ.) ની બયઅત ગણાશે અને તે વાજીબ છે.

જો ઇમામ (અ.સ.) એ તેની ખાસ નિમણુંક ન કરી હોય અને કોઇ હુકમ આપ્યો ન હોય તો તેની બયઅત કરવી જાએઝ નથી. ભલે પછી તે વ્યક્તિ લોકોને પોતાની તરફ બોલાવે અથવા ઇમામ (અ.સ.) ના ખાસ નાએબ હોવાનો દાવો કરે. કારણ કે શરીઅતના હુકમો જે વ્યક્તિ શરીઅત ઘડે છે તેમની પાસેથી મેળવી શકાય છે.

## (૩૫) પોતાની મિલ્કતથી ઇમામ (અ.સ.) ની મદદ કરવી :

મોઅમીનની ફરજ છે કે તેણે તેની મિલ્કત અને સંપત્તિનો એક ભાગ ઇમામ (અ.સ.) ની સેવામાં હદીયો કરે. તેણે આ દર વરસે ચાલુ રાખવું જોઇએ. પછી તે તવંગર હોય કે ગરીબ, ઉતરતી કક્ષાનો હોય કે ઉંચી



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

કક્ષાનો, સ્ત્રી હોય કે પુરૂષ, સામાજિક મોભા અંગે કોઇપણ તફાવત નથી. તેમ છતાં દરેકે તેની શક્તિ પ્રમાણે મદદ કરવી જોઇએ. જેમ કે અલ્લાહ કહે છે. :

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

لَا يُكَلِّفُ اللّٰهُ نَفْسًا اِلَّا وُسْعَهَا......

તરજૂમો : "અલ્લાહ કોઇ નફસ (વ્યક્તિ) ને તેના ગજા ઉપરાંત તકલીફ આપતો નથી.

(સુરએ બકરહ - ૨: ૨૮૬)

ઇમામે ઝમાના (અ.સ.) ને સંપતિનો એક ભાગ સમર્પણ કરવાનું હદીસોમાં દર્શાવવામાં આવ્યું છે. પરંતુ તેની કોઇ ચોક્કસ રકમ નથી. કારણ કે દેખીતી રીતે તે ઉચ્ચ પ્રકારનો મુસ્તહબ અમલ છે અને પવિત્ર ઇમામો (અ.સ.) એ તેને વાજીબ ફરજ સાથે જોડી દીધો છે.

કાફીમાં દર્શાવ્યા મુજબ ઇમામ સાદિક (અ.સ.) ફરમાવે છે. ‘અલ્લાહની નજદિક ઇમામ (અ.સ.) માટે થોડાં દિરહમ નિશ્ચિંત કરી રાખવા તેથી વધુ સારો અમલ કોઇ નથી. સર્વશક્તિમાન અલ્લાહ આ દાન આપનાર માટે તેના દિરહમને જન્નતમાં ઓહદના પર્વતની બરાબર બનાવશે.’

તે પછી ફરમાવ્યું : સર્વશક્તિમાન અલ્લાહ તેની કિતાબમાં ફરમાવે છે:

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

مَنْ ذَا الَّذِىْ يُقْرِضُ اللّٰهَ قَرْضًا حَسَنًا فَيُضٰعِفَهٗ

لَهٗ اَضْعَافًا كَثِيْرَةً ؕ......

તરજૂમો : "છે કોઇ એવો જે અલ્લાહને કર્ઝે હસના (પાછા મેળવવાની આશા રાખ્યા વિનાનું રાજી ખુશીથી કરેલું ધિરાણ) આપે, કે જેથી અલ્લાહ તેને અસંખ્ય ગણું વધારી આપે.

(સુરએ બકરહ ૨ : ૨૪૫)



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

ઇમામ (અ.સ.) ફરમાવે છે ‘ખુદાની કસમ ! ઇમામ (અ.સ.) ને આ ખાસ તોહફો છે.’

(ઉસુલે કાફી, ભાગ - ૧, પેજ. ૫૩૭)

## (૩૬) ઇમામ (અ.સ.) ના પવિત્ર શિયાઓ અને દોસ્તોને નાણાંકિય સહાય કરવી :

આ ફરજ હદીસોમાં જુદી દર્શાવવામાં આવી છે. તેથી અમે પણ તેને જુદી ફરજ તરીકે આપી છે. દાખલા તરીકે ‘મન લા યહઝોરોહુલ ફકીહ’માં ઇમામ સાદિક (અ.સ.) એ ફરમાવ્યાની નોંધ છે : ‘જે અમારી સાથે નેકી ન કરી શકે તેણે અમારા નેક દોસ્તો અને શીયાઓ સાથે નેકી કરવી જોઇએ, તેને અમને મદદ કરવાનો બદલો આપવામાં આવશે. અને જે લોકો અમારી મુલાકાત ન કરી શકે તેમણે અમારા નેક દોસ્તોની મુલાકાત કરવી જોઇએ, તેઓને અમારી ઝીયારતનો બદલો આપવામાં આવશે.’

## (૩૭) મોઅમીનોને ખુશ કરવા :

ગયબતના જમાનામાં મોઅમીનોને ખુશ કરવા ઇમામ (અ.સ.)ની ખુશ્નુદીનું કારણ છે. મોઅમીનોને આર્થિક અને શારીરિક મદદથી ખુશ કરવા શક્ય છે. અમૂક વખતે તેઓની ખુશી તેઓના પ્રશ્નો હલ કરવાથી અથવા તેઓના કામની બીજાને ભલામણ કરીને અથવા તેઓના માટે દોઆ કરીને પણ મળે છે. બીજી રીતે આપણે તેઓને કરજ ભરપાઇ કરવામાં રાહત આપીને પણ ખુશ કરી શકીએ. આ રીતે ઉપરોક્ત કોઇ પણ કામ કરવા માટે, જો કામ કરવાની નિય્યત ઇમામ (અ.સ.) ને ખુશ કરવાની હોય તો તેને તે માટે બદલો મળશે. જો કે માત્ર મોઅમીનને ખુશ કરવા કરતાં તેમા વધારે સવાબ છે.

‘ઉસુલે કાફી’ માં ઇમામ સાદિક (અ.સ.) ની એક હદીસ છે: ‘તમારામાંના તે જે એક મોઅમીનને ખુશ કરે તો એમ ન માનવું જોઇએ કે તમે માત્ર આ મોઅમીનને ખુશ કર્યો છે. ખુદાની કસમ ! તેમણે અમને ખુશ કર્યા છે ! બલ્કે ખુદાની કસમ તેમણે અલ્લાહના પયગમ્બર (સ.અ.વ.) ને ખુશ કર્યા છે.’

(ઉસુલે કાફી, ભાગ - ૨ પેજ, ૧૮૯)



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

## (૩૮) ઇમામે ઝમાના (અ.સ.) ના શુભેચ્છક હોવું :

'કાફી' માં ઇમામ બાકીર (અ.સ.) થી વર્ણન છે કે પવિત્ર પયગમ્બર (સ.અ.વ.) એ ફરમાવ્યું : 'અલ્લાહ તેના કોઇપણ દોસ્તો તરફ જોતો નથી જેમણે અમારી નેકી કરવા માટે તકલીફો ઉપાડી હોય સિવાય એ કે તે માણસ અમારી સાથે ગૌરવશીલ દોસ્તમાં હશે.'

એજ કિતાબમાં બીજી જગ્યાએ વર્ણન કરવામાં આવ્યું છે કે ઇમામ સાદિક (અ.સ.) ફરમાવે છે : અલ્લાહના પયગમ્બર (સ.અ.વ.) મસ્જીદે ખીફમાં લોકો વચ્ચે એક ખુત્બો પડ્યા અને કહ્યું 'એ અલ્લાહ ! એ બંદાને ખુશ કર જે અમારા શબ્દોને સાંભળે છે. તેના હૃદયમાં તેને સ્થાન આપે છે અને તેને યાદ રાખે છે અને જે લોકોએ નથી સાંભળ્યું તેઓને પહોંચાડે છે, તે ફીકાહનું (શરીઅતનું) સારૂ જ્ઞાન ધરાવે છે, પરંતુ તે ખુદ ફકીહ નથી. ઘણી વખત શરીઅતનું જ્ઞાન ધરાવનાર એક માણસ, વધુ બુદ્ધિશાળી શરીઅતનુ જ્ઞાન ધરાવનારને પહોંચાડે છે. એક મુસલમાને ત્રણ બાબતોમાં ખયાનત ન કરવી જોઇએ.'

(૧) તેણે માત્ર અલ્લાહ માટે કાર્યો કરવા જોઇએ. (૨) તે ઇમામ અને ધાર્મિક આગેવાનોનો શુભેચ્છક હોવો જોઇએ. (૩) તેણે ખુદને તેઓના ધાર્મિક સમૂહથી અંતર ન રાખવું જોઇએ. કારણ કે તેઓનું આમંત્રણ તે બધા લોકો માટે છે જેઓને તે ગમે છે. મુસલમાનો એકબીજાના ભાઇઓ છે, અને તેઓનું લોહી સમાન મૂલ્યનુંછે. અને તેઓમાંથી સૌથી નબળો પણ બયઅત અને કસમ પૂરી કરવા માટે સંઘર્ષ કરે છે.

(ઉસુલે કાફી ભાગ- ૧, પા. ૪૦૩)

## (૩૯) ઇમામ (અ.સ.) ની ઝીયારત :

ગયબત દરમિયાન શીયાઓની આ એક બીજી ફરજ છે તે એ છે કે તેઓએ ઇમામ (અ.સ.) તરફ ધ્યાન આપવું જોઇએ. અને શક્ય તે રીતે કોઇપણ સમયે તેમને સલામ કરવી જોઇએ.



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

## (૪૦) નેક મોઅમીનોને મળવું અને તેઓની સાથે સલામ, દોઆ કરવી સામાજીક સંબંધોકેળવવા :

ઇમામ (અ.સ.) ની ઝીયારતનો બદલો મેળવવાની નિય્યતથી આપણે નેક અને આબરૂદાર મોઅમીનોને મળવું જોઇએ અને તેમની સાથે દોઆ, સલામ કરવી જોઇએ. છત્રીસમી ફરજમાં દર્શાવ્યા મુજબ આપણે તેઓની સાથે સામાજિક સંબંધોકેળવવા જોઇએ.

## (૪૧) ઇમામ (અ.સ.) ઉપર સલવાત અને સલામો પડવી :

ગયબતના જમાનાની ફરજોમાંની એક એ છે કે ઇમામ (અ.સ.) ઉપર સલવાત અને સલામો પડવી. તેના ગુણ અને મહત્વ નીચે મુજબ સ્પષ્ટ છે.

(૧) સલવાત એક પ્રકારની દોઆ છે તેથી ઇમામ (અ.સ.) માટે જે કાંઇપણ દોઆ કે બંદગી માટે જે કાંઇ પણ લાગુ પડે છે તે અહિં પણ બંધ બેસતું છે. ઇમામ (અ.સ.) માટે દોઆ કરવા માટેની જે હદીસો આપણને સૂચવે છે તે આ ફરજના મહત્વને પણ ટેકો આપે છે. હકીકતમાં સલવાત પડવાનો હેતુ અલ્લાહ પાસે ઇમામ (અ.સ.) ઉપર રહેમત મોકલવા માટેની દોઆ છે. આપણે જાણીએ છીએ તેમ જગતની અને તે પછીની બધી ઘટનાઓ (આખેરત) અલ્લાહની રહેમત સાથે સંલગ્ન છે. તેથી જ્યારે પણ આપણે ઇમામ (અ.સ.) ઉપર સલવાત પડીએ છીએ અને કહીએ છીએ,

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مَوْلَانَا وَسَيِّدِنَا صَاحِبِ الزَّمَانِ

(એ અલ્લાહ ! અમારા માલિક અને અમારા વડા, આ જમાનાના ઇમામ ઉપર રહમત ઉતાર) આપણે ઇમામ (અ.સ.) સાથે સંબંધ ધરાવતી બધી બાબતોને આહ્વાન કરવાનો અર્થ કરીએ છીએ. એટલે કે અલ્લાહ ઇમામ (અ.સ.) ને અને તેમના ટેકેદારોને દરેક પ્રકારના દુ:ખ અને મુસીબતમાંથી બચાવે.

(૨) અલ્લાહના પયગમ્બર (સ.અ.વ.) અને તેમના પવિત્ર એહલેબયત (અ.સ.) ઉપર સલવાત પડવાની દલીલો અહિં પણ તેજ રીતે બંધબેસતી છે.



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

(3) મઅસુમ ઇમામો (અ.સ.) ની ઘણી બધી દોઆઓમાં આપણે ઇમામે ઝમાના (અ.સ.) ઉપરની સલવાત જોઇએ છીએ.

આ ઉપરાંત અલી ઇબ્ને તાઉસ અને બીજા શીયા આલીમોએ ઇમામ હસન અસ્કરી (અ.સ.) થી સલવાતની નોંધ કરી છે.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى وَلِيِّكَ وَ ابْنِ اَوْلِيَائِكَ الَّذِيْنَ فَرَضْتَ

طَاعَتَهُمْ وَاَوْجَبْتَ حَقَّهُمْ وَاَذْهَبْتَ عَنْهُمُ الرِّجْسَ

وَطَهَّرْتَهُمْ تَطْهِيْرًا اَللّٰهُمَّ انْصُرْ وَ انْتَصِرْ بِهٖ لِدِيْنِكَ وَ

انْصُرْ بِهٖ اَوْلِيَائَكَ وَ اَوْلِيَائَهٗ وَ شِيْعَتَهٗ وَاَنْصَارَهٗ



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

وَ جْعَلْنَا مِنْهُمْ اَللّٰهُمَّ اَعِذْهُ مِنْ شَرِّ كُلِّ طَاغٍ وَبَاغٍ وَ
مِنْ شَرِّ جَمِيْعِ خَلْقِكَ وَاحْفَظْهُ مِنْ بَيْنِ يَدَيْهِ وَ مِنْ
خَلْفِهٖ وَ عَنْ يَمِيْنِهٖ وَعَنْ شِمَالِهٖ وَاحْرُسْهُ وَامْنَعْهُ مِنْ
اَنْ يُّوْصَلَ اِلَيْهِ بِسُوْءٍ وَاحْفَظْ فِيْهِ رَسُوْلَكَ وَآلَ
رَسُوْلِكَ وَ اَيِّدْهُ بِالنَّصْرِ وَانْصُرْ نَاصِرِيْهِ وَاخْذُلْ
خَاذِلِيْهِ جَبَابِرِ وَاقْصِمْ بِهِ الْجَبَابِرَةِ الْكَفَرَةِ وَاقْتُلْ بِهٖ
الْكُفَّارِ وَالْمُنَافِقِيْنِ وَجَمِيْعِ الْمُلْحِدِيْنَ حَيْثُ كَانُوْا
مِنْ مَشَارِقِ الْاَرْضِ وَمَغَارِبِهَا وَ بَرِّهَا وَ سَهْلِهَا وَ
جَبَلِهَا وَامْلَأْ بِهِ الْاَرْضَ عَدْلًا وَ اَظْهِرْ بِهٖ دِيْنَ نَبِيِّكَ
عَلَيْهِ وَ آلِهِ السَّلَامُ وَاجْعَلْنِيْ اَللّٰهُمَّ مِنْ اَنْصَارِهٖ
وَاَعْوَانِهٖ وَ اَتْبَاعِهٖ وَ شِيْعَتِهٖ وَ اَرِنِيْ فِيْ آلِ مُحَمَّدٍ
عَلَيْهِمُ السَّلَامُ فَمَا يَأْمُلُوْنَ وَ فِيْ عَدُوِّهِمْ مَا
يَحْذَرُوْنَ اِلٰهَ الْحَقِّ رَبَّ الْعَالَمِيْنَ آمِيْنَ ۔

તરજૂમો : અલ્લાહના નામથી જે રહમાન અને રહીમ છે.

એ ખુદા ! તારા આ વલી અને તારા વલીઓના પુત્ર ઉપર દુરૂદ અને રહમત ઉતાર જેની તાબેદારીને ફરજ અને હકને વાજીબ કરવામાં આવ્યો છે. તે તેમને દરેક પ્રકારની અપવિત્રતા અને નજાસતથી દૂર રાખ્યા છે અને દરેક પ્રકારના ગુનાહથી પાક અને પવિત્ર રાખ્યા છે. પરવરદિગાર! તેમની મદદ કર તેમના થકી તારા દીનની મદદ કર અને તારા દોસ્તો અને તેઓના ચાહનારાઓના દોસ્તોના કારણે તેઓને સફળ બનાવ અને અમને પણ તે જ સફળ વ્યક્તિઓમાં ભેળવી દે. એ અલ્લાહ ! તેમને દરેક અત્યાચારો અને જાલીમો તેમજ વિદ્રોહીઓના ત્રાસથી તારા રક્ષણમાં લઇ લે અને તેમના આગળ પાછળ, જમણે ડાબે, અને માથાની બાજુની



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

દરેક વારદાતથી તારા રક્ષણમાં રાખ. તેમના સુધી કોઇપણ પ્રકારની ઇજા તકલીફ અને અગવડ ન પહોંચે. તેમના થકી રસુલ અને આલે રસુલ (સ.અ.વ.) ના દીનનું રક્ષણ કર તેમના હાથે તટસ્થ ન્યાયને ઉજાગર કર. તારી ખાસ મદદને તેમની સ્થિતીમાં શામીલ કર. તેમને મદદ કરનારાઓની મદદ કર. તેમનો વિરોધ કરનારાઓને અપમાનિત અને બદનામ કર. તેમની શક્તિ અને તાકાતથી કુફ્ર ફેલાવનાર વિદ્રોહીઓનો નાશ કર. તેમના થકી પૂર્વ અને પશ્ચિમ, જમીન અને દરિયા, પહાડ અને રણના તમામ કાફિરો અને દંભીઓ અને અધર્મીઓને હલાક કરી નાખ. અને તેમના ઝુહુરની બરકતથી દુનિયાને ન્યાય અને ઇન્સાફથી ભરી દે અને પયગમ્બર (સ.અ.વ.) ના દીનને તેમના હાથે સમગ્ર જગત ઉપર આવરી લે અને જાહેર કર. એ ખુદા ! અમને તેમના તરફદારો, મદદગારો, અનુસરનારાઓ અને શીયાઓમાં મુકર્રર કર. અને આલે મોહમ્મદ (સ.અ.વ.) જે બાબતની ઇચ્છા ધરાવે છે તેને અમારા જીવનમાં પ્રતિબિંબિત કર અને તારા દુશ્મનોની બાબતમાં તેમની આશાઓને પૂરી કર. (એટલે કે દુશ્મનોને અપમાનિત અને બદનામ કર) એ બરહક પરવરદિગારે આલમ ! મારી દોઆને કબુલ કર.

(જમાલુસ સુબુઅ પા. ૪૯૩)

## (૪૨) ઇમામ (અ.સ.) ને નમાઝના સવાબનો તોહફો આપવો:

આ ફરજ પણ ગયબતના સમયમાં શીયાઓ માટે શામેલ કરવામાં આવી છે. તેની સાબિતી સય્યદ ઇબ્ને તાઉસે અબુ મોહમ્મદ સૈમુરી પાસેથી બયાન કરી છે કે જે પવિત્ર ઇમામો (અ.સ.) તરફથી વર્ણન કરવામાં આવી છે : ‘એ વ્યક્તિ કે જે તેની નમાઝના સવાબનો તોહફો અલ્લાહના પયગમ્બર (સ.અ.વ.), અમીરૂલ મોઅમેનીન અને ઇમામોને બક્ષે તો અલ્લાહ તેની નમાઝનો બદલો એટલી હદ સુધી વધારશે કે તેની ગણતરી કરવા દરમિયાન તે હાંફી જશે અને તેની રૂહ તેના શરીરમાંથી જુદી કરવામાં આવે તે પહેલા તેને કહેવામાં આવશે કે, એ શખ્સ તારો તોહફો મને પહોંચી ગયો છે ! આ વળતર ચૂકવવાનો દિવસ હોવાથી જે વળતર અલ્લાહે તારા માટે નક્કી કર્યું છે તેનાથી તારૂં દિલ ખુશ થાય અને તારી આંખો ચમકી ઉઠે અને એ કે જે તમે પ્રાપ્ત કર્યું છે તે તમારા માટે મુબારક થાય !’

વર્ણન કરનાર કહે છે કે તેણે ઇમામ (અ.સ.) ને પૂછ્યું કે : તેઓએ નમાઝનો તોહફો કેવી રીતે આપવો જોઇએ અને તેના સવાબનો તોહફો આપવા માટે શું પડવું જોઇએ. ઇમામ (અ.સ.) એ તેને કહ્યું : ‘નિય્યત કરો કે આ નમાઝનો સવાબ અલ્લાહના પયગમ્બર (સ.અ.વ.) માટે છે.’

(જમાલુસ સુબુઅ પા. - ૧૫)



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

## (૪૩) ખાસ નમાઝનો તોહફો આપવો :

આ કોઇપણ ખાસ નમાઝ હોઇ શકે કે એક મોઅમીન ઇમામે ઝમાના (અ.સ.) અને બીજા ઇમામો (અ.સ.) ને સવાબનો તોહફો આપવા માટે પડે છે. આ નમાઝની કોઇ ચોક્કસ સંખ્યા નથી. ન તો તેના માટે કોઇ નક્કી કરેલો સમય હોય છે તે આપણે ઇમામ (અ.સ.) ને કેટલા ચાહીએ છીએ અને તેમના માટે કેટલો સંઘર્ષ કરીએ છીએ તેની ઉપર આધાર રાખે છે.

આ નેક અમલની સાબિતી માટે એક હદીસ છે કે જે દર્શાવે છે કે જો આપણે દરરોજ બે રકાત નમાઝ પડીએ તો પણ આપણે તેનો તોહફો ઇમામો પૈકી એકને આપી શકીએ. આ બે રકાત નમાઝ પડવાની રીત એ છે કે સાત અથવા ત્રણ તકબીર (અલ્લાહો અકબર) અથવા દરેક રકાતમાં એક તકબીરથી શરૂ કરી, રૂકુઅ અને બંને સજદાઓના ઝીક્ર પછી ત્રણ - ત્રણ વખત કહે.

صَلَّى اللهُ عَلَى مُحَمَّدٍ وَّ آلِ مُحَمَّدِ الطَّيِّبِيْنَ
الطَّاهِرِيْنَ فِيْ كُلِّ رَكْعَةٍ فَاِذَا شَهِدَ وَ سَلَّمَ •

(અલ્લાહ તય્યબો તાહેર મોહમ્મદ અને આલે મોહમ્મદ (સ.અ.વ.) ઉપર રહમત ઉતાર દરેક રકાતમાં જ્યારે કે ગવાહી આપવામાં આવી અને સલામ કરવામાં આવી.)

તશ્હૂદ અને સલામ પડ્યા પછી નીચેની દોઆ પડે.



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَللّٰهُمَّ اَنْتَ السَّلَامُ وَ مِنْكَ السَّلَامُ ، يَا ذَا

الْجَلَالِ وَ الْاِكْرَامِ ، صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ

الطَّيِّبِيْنَ الطَّاهِرِيْنَ الْاَخْيَارِ ، وَ اَبْلِغْهُمْ اَفْضَلَ التَّحِيَّةِ

وَ السَّلَامِ ، اَللّٰهُمَّ اِنَّ هٰذِهِ الرَّكْعَاتِ هَدِيَّةٌ مِّنِّىْ اِلٰى

عَبْدِكَ وَ نَبِيِّكَ وَ رَسُوْلِكَ مُحَمَّدَ بْنَ عَبْدِ اللّٰهِ خَاتَمِ

النَّبِيِّيْنَ وَ سَيِّدِ الْمُرْسَلِيْنَ ، اَللّٰهُمَّ فَتَقَبَّلْهَا مِنِّىْ وَ اَبْلِغْهُ

اِيَّاهَا عَنِّىْ وَ اَثِبْنِىْ عَلَيْهَا اَفْضَلَ اَمَلِىْ وَ رَجَائِىْ فِيْكَ وَ

فِىْ نَبِيِّكَ عَلَيْهِ السَّلَامُ ، وَ وَصِىِّ نَبِيِّكَ وَ فَاطِمَةَ

الزَّهْرَاءِ اِبْنَةِ نَبِيِّكَ وَ الْحَسَنِ وَ الْحُسَيْنِ سِبْطَىْ نَبِيِّكَ

وَ اَوْلِيَائِكَ مِنْ وُلْدِ الْحُسَيْنِ عَلَيْهِمُ السَّلَامُ ، يَا وَلِىَّ

الْمُؤْمِنِيْنَ يَا وَلِىَّ الْمُؤْمِنِيْنَ يَا وَلِىَّ الْمُؤْمِنِيْنَ

તરજૂમો : અલ્લાહના નામથી જે રહમાન અને રહીમ છે.

એ અલ્લાહ ! તારી પરિપૂર્ણતા ક્ષતિ રહિત છે એ કે જે સલામતિ અર્પણ કરે છે (અમને) એ કે તે ભવ્યતા અને મહાનતા ધરાવનાર, તય્યબ અને તાહેર મોહમ્મદ અને આલે મોહમ્મદ ઉપર રહમત નાઝીલ કર. તારી નેઅમતોની શ્રેષ્ઠ પદ, ગૌરવ, સત્તા વિગેરેમાં વધારો કર. એ અલ્લાહ ! આ રકાતો તારા બંદા તારા પયગમ્બર અને તારા રસુલ મોહમ્મદ ઇબ્ને અબ્દુલ્લાહ, પયગમ્બરોની મહોર અને રસુલોમાં ઉચ્ચને મારા તરફથી તોહફો છે. એ અલ્લાહ ! મારા તરફથી તે કબુલ કર અને મારા તરફથી તેમને પહોંચાડ અને તેઓને મારી અપેક્ષાઓમાં તારા ઉપરની મારી આશાઓમાં અને તારા પયગમ્બરોમાં અને તારા પયગમ્બરના વારસદારોમાં અને ફાતેમા ઝેહરા (સ.અ.) તારા પયગમ્બરની પુત્રી, હસન અને હુસૈન (અ.સ.) તારા પયગમ્બરના નવાસાઓ અને હુસૈન



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

(અ.સ.) ના વંશમાંથી તારા અવલીયાઓને શ્રેષ્ઠ બનાવ. એ મોઅમીનોના વાલી, એ મોઅમીનોના વાલી, એ મોઅમીનોના વાલી.

અમીરૂલ મોઅમેનીન (અ.સ.) ના હદીયા માટે નમાઝ :

બે રકાત નમાઝ પડ્યા પછી આ દોઆ પડો.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ
اَللّٰهُمَّ اِنَّ هَاتَيْنِ الرَّكْعَتَيْنِ هَدِيَّةٌ مِنِّىْ اِلَى الطَّاهِرَةِ
الْمُطَهَّرَةِ الطَّيِّبَةِ الزَّكِيَّةِ فَاطِمَةَ بِنْتِ نَبِيِّكَ اَللّٰهُمَّ
فَتَقَبَّلْهُمَا مِنِّىْ وَ اَبْلِغْهَا اِيَّاهُمَا عَنِّىْ وَاَثِبْنِىْ عَلَيْهِمَا
اَفْضَلَ اَمَلِىْ وَ رَجَائِىْ فِيْكَ وَفِىْ نَبِيِّكَ صَلَوٰتُ اللّٰهِ
عَلَيْهِ وَ اٰلِهٖ وَ وَصِيِّ نَبِيِّكَ وَالطَّيِّبَةِ الطَّاهِرَةِ فَاطِمَةَ
بِنْتِ نَبِيِّكَ وَالْحَسَنِ وَالْحُسَيْنِ سِبْطَىْ نَبِيِّكَ يَاوَلِيَّ
الْمُؤْمِنِيْنَ يَا وَلِيَّ الْمُؤْمِنِيْنَ يَا وَلِيَّ الْمُؤْمِنِيْنَ

જનાબે ફાતેમા ઝેહરા (સ.અ.) ના હદીયા માટે નમાઝ, નમાઝ પછી નીચેની દોઆ પડો.



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَللّٰهُمَّ اَنْتَ السَّلَامُ وَمِنْكَ السَّلَامُ ، يَا ذَا
الْجَلَالِ و الْإِكْرَامِ ، صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ
الطَّيِّبِيْنَ الطَّاهِرِيْنَ اَلاَخْيَارِ، وَ اَبْلِغْهُمْ اَفْضَلَ التَّحِيَّةِ
و السَّلَامِ ،

اَللّٰهُمَّ اِنَّ هَاتَيْنِ الرَّكْعَتَيْنِ هَدِيَّةٌ مِنِّىْ اِلٰى عَبْدِكَ وَ
وَلِيِّكَ وَابْنَ عَمِّ نَبِيِّكَ وَ وَصِيِّهِ اَمِيْرَ الْمُؤْمِنِيْنَ عَلِيَّ
بْنَ اَبِىْ طَالِبٍ عَلَيْهِ السَّلَامِ ، اَللّٰهُمَّ فَتَقَبَّلْهُمَا مِنِّى
وَاَبْلِغْهُ اِيَّاهُمَا عَنِّىْ وَاَثِبْنِىْ عَلَيْهِمَا اَفْضَلَ اَمَلِىْ
وَرَجَائِىْ فِيْكَ وَ فِىْ نَبِيِّكَ وَوَصِيِّ نَبِيِّكَ وَفَاطِمَةَ
الزَّهْرَاءِ اِبْنَةِ نَبِيِّكَ وَالْحَسَنِ وَالْحُسَيْنِ سِبْطَىْ نَبِيِّكَ
وَ اَوْلِيَائِكَ مِنْ وُلْدِ الْحُسَيْنِ يَا وَلِيَّ الْمُؤْمِنِيْنَ يَا وَ
لِيَّ الْمُؤْمِنِيْنَ يَا وَلِيَّ الْمُؤْمِنِيْنَ

ઇમામ હસન (અ.સ.) ના હદીયાની નમાઝ પડી,  નમાઝ બાદ નીચેની દોઆ પડે.



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَللّٰهُمَّ اِنَّ هَاتَيْنِ الرَّكْعَتَيْنِ هَدِيَّةٌ مِنِّىْ اِلٰى عَبْدِكَ وَابْنِ

عَبْدِكَ وَ وَلِيِّكَ وَابْنِ وَلِيِّكِ الْحَسَنِ ابْنِ عَلِيٍّ ،

اَللّٰهُمَّ فَتَقَبَّلْهَا مِنِّى وَاَبْلِغْهُ اِيَّاهُمَا عَنِّى وَاَثِبْنِى

عَلَيْهِمَا اَفْضَلَ اَمَلِىْ وَرَجَائِىْ فِيْكَ وَ فِىْ نَبِيِّكَ وَ

وَلِيِّكَ وَ ابْنِ وَلِيِّكَ، يَا وَلِيَّ الْمُؤْ مِنِيْنَ يَا وَلِيَّ

الْمُؤْمِنِيْنَ يَا وَلِيَّ الْمُؤْمِنِيْنَ

ઇમામ હુસૈન (અ.સ.) થી લઇ ઇમામ અલી રેઝા (અ.સ.) સુધીના ઇમામો (અ.સ.) માટે અલગ અલગ હદીયા માટેની નમાઝ પડી નમાઝ બાદ દરેક વખતે નીચે મુજબ અલગ અલગ ઇમામ (અ.સ.) નું નામ લઇ દોઆ પડે.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَللّٰهُمَّ اِنَّ هَاتَيْنِ الرَّكْعَتَيْنِ هَدِيَّةٌ مِنِّىْ اِلٰى عَبْدِكَ وَابْنُ

عَبْدِكَ وَ وَلِيِّكَ وَابْنُ وَلِيِّكَ سِبْطِ نَبِيِّكَ (اَلطَّيِّبِ

الطَّاهِرِ الزَّكِيِّ الرَّضِيِّ الْحُسَيْنِ ابْنِ عَلِيٍّ

الْمُجْتَبٰى) اَللّٰهُمَّ فَتَقَبَّلْهَا مِنِّىْ وَاَبْلِغْهُ اِيَّاهُمَا عَنِّىْ وَ

اَثِبْنِىْ عَلَيْهِمَا اَفْضَلَ اَمَلِىْ وَرَجَائِىْ فِيْكَ وَفِىْ نَبِيِّكَ

وَ وَلِيِّكَ يَا وَلِيَّ الْمُؤْمِنِيْنَ يَا وَلِيَّ الْمُؤْمِنِيْنَ يَا وَلِيَّ

الْمُؤْمِنِيْنَ



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

કૌંસ કરેલી જગ્યાએ જે ઇમામ (અ.સ.) ના હદીયા માટે નમાઝ પડી હોય તેમનું નામ લેવું.

ઇમામ મોહમ્મદ તકી (અ.સ.), ઇમામ અલી નકી (અ.સ.) અને ઇમામ હસન અસ્કરી (અ.સ.) માટે હદીયાની નમાઝ, નમાઝ પછી નીચેની દોઆ પડે.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَللّٰهُمَّ اِنَّ هَاتَيْنِ الرَّكْعَتَيْنِ هَدِيَّةٌ مِنِّيْ اِلٰى عَبْدِكَ وَابْنِ
عَبْدِكَ وَ وَلِيِّكَ وَابْنِ وَلِيِّكَ سِبْطِ نَبِيِّكَ فِيْ اَرْضِكَ وَ
حُجَّتِكَ عَلٰى خَلْقِكَ ، اَللّٰهُمَّ فَتَقَبَّلْهَا مِنِّيْ وَاَبْلِغْهُ
اِيَّاهُمَا عَنِّيْ وَاَثِبْنِيْ عَلَيْهِمَا اَفْضَلَ اَمَلِيْ وَرَجَائِيْ
فِيْكَ وَ فِيْ نَبِيِّكَ وَ وَلِيِّكَ يَا وَلِيَّ الْمُؤْمِنِيْنَ يَا وَلِيَّ
الْمُؤْمِنِيْنَ يَا وَلِيَّ الْمُؤْمِنِيْنَ

## (૪૪) ઇમામે ઝમાના (અ.સ.) ના હદીયા માટે ચોક્કસ સમયમાં ખાસ નમાઝ :

સય્યદ ઇબ્ને તાઉસ તેમની કિતાબ 'જમાલુસ સુબુઅ'માં લખે છે : જુમ્આના દિવસે આઠ રકાત નમાઝ પડવી મુસ્તહબ છે. ચાર રકાત પવિત્ર પયગમ્બર (સ.અ.વ.) ને હદીયા તરીકે બક્ષવી અને ચાર રકાત ફાતેમા ઝેહરા (સ.અ.) ને, પછી શનિવારે ચાર રકાત પડી અમીરૂલ મોઅમેનીન (અ.સ.) ને હદીયો કરવો. આ રીતે દરેક પછીના દિવસે ગુરૂવાર સુધી ચાર - ચાર રકાત નમાઝ પડી એક - એક ઇમામ (અ.સ.) ને હદીયો આપવો. ફરી બીજા જુમ્આના દિવસે આઠ રકાત નમાઝ પડી ચાર રકાત પયગમ્બર (સ.અ.વ.) ને અને ચાર રકાત ફાતેમા



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

ઝેહરા (સ.અ.)ને તેના સવાબનો હદીયો આપવો. ફરી શનિવારે ચાર રકાત નમાઝ પડી ઇમામ મુસા અલ કાઝીમ (અ.સ.) ને હદીયો મોકલવો અને પછીના ગુરૂવાર સુધી દરરોજ ચાર રકાત પડવાનું ચાલુ રાખો અને દરેક ઇમામ (અ.સ.) ને વારા ફરતી હદીયો મોકલો, પછી જુમ્આના દિવસે ઇમામે ઝમાના (અ.સ.) ના હદીયા માટે ચાર રકાત નમાઝ પડો અને બે રકાત પછી નીચેની દોઆ પડો :

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَللّٰهُمَّ اَنْتَ السَّلَامُ وَ مِنْكَ السَّلَامُ وَ اِلَيْكَ يَعُوْدُ

السَّلَامُ، حَيِّنَا رَبَّنَا مِنْكَ بِالسَّلَامِ ، اَللّٰهُمَّ اِنَّ هٰذِهِ

الرَّكَعَاتِ هَدِيَّةٌ مِنِّىْ اِلٰى فُلَانِ ابْنِ فُلَانٍ فَصَلِّ عَلٰى

مُحَمَّدٍ وَّ اٰلِهٖ وَ بَلِّغْهُ اِيَّاهَا وَ اَعْطِنِىْ اَفْضَلَ اَمَلِىْ

وَرَجَائِىْ فِيْكَ وَ فِىْ رَسُوْلِكَ صَلَوَاتُكَ عَلَيْهِ وَ اٰلِهٖ ،

'ફુલાનીબ્ને ફૂલાનીન' ની જગ્યાએ ચોક્કસ મઅસુમનું નામ લેવું જેમના હદીયા માટે નમાઝ પડી હોય.

તરજૂમો : અલ્લાહના નામથી જે રહમાન અને રહીમ છે.

એ અલ્લાહ ! તારી પરિપૂર્ણતા ક્ષતિ રહિત છે. એ કે જે (અમને) સલામતિ અર્પણ કરે છે અને તે તારી તરફ પાછી ફરે છે. એ અમારા માલિક! આ સુમેળ સાથે કબુલ કર. એ અલ્લાહ ! આ રકાતો મારા તરફથી (માઅસુમ (અ.સ.) નું નામ લેવું) ને હદીયો છે. પછી મોહમ્મદ અને તેની આલ ઉપર રહમત નાઝીલ ફરમાવ. અને આ (નમાઝો)ને ઉચ્ચ સ્થાન આપ અને મને અર્પણ કર એ કે જે આશા રાખું છું તારી પાસેથી અને તારા રસુલ (સ.અ.વ.) પાસેથી, તેના ઉપર અને તેની આલ ઉપર રહમત નાઝીલ થાય.

## (૪૫) કુરઆનની તિલાવત કરી ઇમામ (અ.સ.) ને હદીયો કરવો :



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

કાફીમાં અલી ઇબ્ને મુગીરાનું કથન છે કે તેણે ઇમામ કાઝીમ (અ.સ.)ને પુછ્યું : 'મારા વાલીદે આપના વાલીદે બુઝુર્ગવારને દરેક રાત્રે સંપૂર્ણકુરઆન પડવા અંગે પુછ્યું, જેમણે તેને કહ્યું : હા, તે દરેક રાત્રે પુરૂં કરી શકાય.' જ્યારે મારા પિતાશ્રીએ રમઝાન મહિનામાં કુરઆન પુરૂં કરવા માટે પુછ્યું ત્યારે તેમને એજ જવાબ મળ્યો. તેથી તે પવિત્ર રમઝાન માસ દરમિયાન ચાલીસ વખત પુરૂં કુરઆન પડતા. તેમના પછી મેં પણ આ ક્રમ ચાલુ કર્યો. ક્યારેક મારાથી કુરઆન ખત્મ કરવાની સંખ્યા એમનાથી વધી જતી તો ક્યારેક ઘટી જતી. તેનો સંબંધનવરાશ, કામનો વધુ પડતો ભાર, ખુશહાલી અને આળસ સાથે છે. તેના પછી ઇદના દિવસે મેં પવિત્ર પયગમ્બર (સ.અ.વ.) માટે એક કુરઆન પુરૂં કર્યું અને બીજું અમીરુલ મોઅમેનીન (અ.સ.) માટે અને એક જ. ફાતેમા ઝેહરા (સ.અ.) માટે, તેના પછી તમામ ઇમામો (અ.સ.) માટે, અને નોબત એ આવી કે આપ સુધી પહોંચ્યો અને ત્યારથી લઇને અત્યાર સુધી આપ (અ.સ.) માટે એક કુરઆન ખત્મ કરૂં છું તેથી મને કહો કે મારો આ અમલ આપ કેવી રીતે મુલવો છો ? ઇમામ (અ.સ.) એ કહ્યું 'તમારો બદલો એ છે કે તમે કયામતના દિવસે તે સન્માનને પાત્ર મહાનુભાવો (માઅસુમો) ના સમૂહમાંહશો.'

વર્ણન કરનારે કહ્યું : 'અલ્લાહો અકબર ! આટલો ઉચ્ચ બદલો?' ઇમામ (અ.સ.) એ ત્રણ વખત કહ્યું. 'હા'

## (૪૬) ઇમામે ઝમાના (અ.સ.) થકી તવસ્સુલ અને શફાઅતની આજીજી કરવી :

ગયબતના જમાના દરમિયાન આ અમલની સાબિતી એ છે કે ઇમામે ઝમાના (અ.સ.) 'બાબુલ્લાહ' અલ્લાહના દરવાજા છે. જેના દ્વારા લોકો દાખલ થાય છે. તેઓ અલ્લાહનો સંતોષ પ્રાપ્ત કરવાનું માધ્યમ છે. તે એ છે કે આપણા માટે અલ્લાહ પાસે શફાઅત કરશે. તે અલ્લાહનું એ જ નામ છે કે જેની મધ્યસ્થીનો આપણને આદેશ આપવામાં આવ્યો છે. કુરઆનની આયતની તફસીર સમજાવવા માટે હદીસમાં દર્શાવ્યા મુજબ, 'અને અલ્લાહ માટે સૌથી વધુ સુંદર નામો છે, તેથી તેને તે નામોથી યાદ કરો.' (સુરએ અઅરાફ : ૭ આ. ૧૮૦) આયતની તફસીર બાબત ઇમામ (અ.સ.) એ ફરમાવ્યું કે "ખુદાની કસમ ! તે 'અસ્માએ હુસ્ના' (અલ્લાહના નામો) અમે છીએ, કે જેના વડે અલ્લાહે તવસ્સુલ અને દોઆનો હુકમ આપ્યો છે.'

(બેહારૂલ અન્વાર, ભાગ - ૯૪ પા. ૨૨)

આ રીતે અસંખ્ય દોઆઓની નોંધ કરવામાં આવી છે. તેમાંની એક નીચે મુજબ છે. :



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَللّٰهُمَّ اِنِّیْ اَسْئَلُكَ بِحَقِّ وَلِيِّكَ وَ حُجَّتِكَ صَاحِبِ
الزَّمَانِ اِلَّا اَعَنْتَنِیْ بِهٖ عَلٰی جَمِيْعِ اُمُوْرِیْ وَ كَفَيْتَنِیْ بِهٖ
مَؤُنَةَ كُلِّ مُؤْذٍ وَ طَاغٍ وَ بَاغٍ وَ اَعَنْتَنِیْ بِهٖ فَقَدْ بَلَّغَ
مَجْهُوْدِیْ وَ كَفَيْتَنِیْ كُلَّ عَدُوٍّ وَ هَمٍّ وَ غَمٍّ وَ دَيْنٍ وَ
وَلَدِیْ وَ جَمِيْعِ اَهْلِیْ وَ اِخْوَانِیْ وَ مَنْ يَعْنِيْنِیْ اَمْرُهٗ
وَ خَاصَّتِیْ اٰمِيْنَ رَبَّ الْعَالَمِيْنَ

તરજૂમો : અલ્લાહના નામથી જે રહમાન અને રહીમ છે.

એ અલ્લાહ ! તારા વલી અને હુજ્જત આ યુગના માલિકના હકથી દોઆ કરૂં છું કે તું મારા બધા કામોને મારા માટે સહેલા કરી દે. અત્યાચારીઓ અને અન્યાયી અને દગાબાજની સામે મને મજબૂતબનાવી દે, અને તેઓને મારી પાસેથી દુર કર. મને હઝરતનો સહવાસ એનાયત કર કારણ કે હું મારા પ્રયત્નોના અંત સુધી પહોંચી ચૂક્યો છું. મને બધા દુશ્મનો અને દુ:ખ અને મુસીબતો અને મઝહબમાં અને સંતાનોમાં અને મારા બધા લોકો અને મારા ભાઇઓ અને મારા લગતી દરેક બાબતોમાં મને કુશળ બનાવી દે આમીન. એ દુનિયાઓના માલિક !

## (૪૭) ઇમામ (અ.સ.) પાસે માગણી કરવી અને દોઆઓમાં આપને સંબોધન કરવું

ઇમામ (અ.સ.) ની ઝીયારતમાં દર્શાવ્યા મુજબ તે સમસ્ત માનવજાતની જરૂરિયાતોને પૂરીકરે છે. બેહારુલ અન્વાર અને બીજી રિવાયતોમાં અને અબુલ વફાના કિસ્સામાં દર્શાવવામાં આવ્યું છે તે મુજબ તે એ છે કે જેની પાસેથી લોકો ન્યાય ઝંખે છે. જે લોકો ભયમાં હોય છે તેઓને બચાવે છે. જે લોકો રક્ષણની શોધમાં હોય છે તેઓને



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

રક્ષણ આપે છે. ઇમામ ઝયનુલ આબેદીન (અ.સ.) તેમના મઅસુમ પૂ ર્વજો સંબંધિત શઅબાન મહિનાની દોઆમાં આજ વિચાર પ્રદર્શિત કરે છે. આપણને ઝીયારતે જામેઆમાં પણ નીચે મુજબના શબ્દો જોવા મળે છે :

فَازَ مَنْ تَمَسَّكَ بِكُمْ وَ اَمِنَ مَنْ لَجَأَ اِلَيْكُمْ •

તરજૂમો : એ વ્યક્તિ કે જે આપની સાથે જોડાયો તે સફળ થયો અને તે બન્ને જહાનોની કમનસીબીથી સલામત રહ્યો.

આ સિવાય 'કાફી' ની નીચેની હદીસ આ અર્થને સાચી નિષ્ઠાપૂ ર્વક જાહેર કરે છે : ઇમામ અબુલ હસન (અ.સ.) ને એક પત્રમાં પૂ છ્યું કે એક માણસ ઇમામ (અ.સ.) પાસે પોતાની ખાસ હાજતોને બયાન કરવા માંગે છે. જેવી રીતે તે સર્વશક્તિમાન અલ્લાહને મુનાજાત (કરગરીને કહેવું) કરે છે. ઇમામ (અ.સ.) એ જવાબ આપ્યો : 'જો તમારે કાંઇ જરૂરત હોય તો તમારા હોઠને હલાવો, તમને જરૂર જવાબ મળશે.'

## (૪૮) ઇમામ (અ.સ.) તરફ લોકોને આમંત્રણ આપવું :

આ સૌથી મહત્વની અને આવશ્યક ફરજોમાંની એક છે. તેની સચ્ચાઇ હદીસમાંથી ફલિત થાય છે કે જે અમ્રબીલ મઅરૂફની ફરજ માટે કહે છે. વધુમાં તે સિદ્ધ થએલ હકીકત છે કે ઇમામ (અ.સ.) પછી વિશ્ર્વના શ્રેષ્ઠ સર્જનો ઇમામ (અ.સ.) ના અનુયાયીઓ છે કે જે બીજા લોકોને ઇમામો (અ.સ.) તરફ આમંત્રણ આપે છે. આ નીચે મુજબની હદીસથી પણ તે સાબિત થાય છે. :

ખરેખર, મઝહબના વિદ્વાનો કે જે લોકોને મઝહબના વિષયો શીખવે છે અને તેઓને તેમના ઇમામ તરફ આમંત્રણ આપે છે તે ૭૦,૦૦૦ આબીદો કરતાં વધુ સારા છે.

એક બીજી હદીસમાં સુલયમાન બીન ખાલીદ તરફથી નોંધ કરવામાં આવી છે કે તેણે ઇમામ સાદિક (અ.સ.)ને પુછ્યું : એક કુટુંબ છે જે તેની સલાહને અનુસરે છે. તેથી શું તેણે તેઓને ઇમામત તરફ આમંત્રણ આપવું જોઇએ ? ઇમામ (અ.સ.) એ જવાબ આપ્યો : 'હા' સર્વશક્તિમાન અલ્લાહ કહે છે.



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

يَاۤ اَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا قُوْۤا اَنْفُسَكُمْ وَ اَهْلِيْكُمْ نَارًا

وَّقُوْدُهَا النَّاسُ وَالْحِجَارَةُ ...........

તરજૂમો : અલ્લાહના નામથી જે રહમાન અને રહીમ છે.

"હે ઇમાન લાવનારાઓ ! તમારા પોતાને અને તમારા બાલ બચ્ચાઓને તે આગથી બચાવો કે જેનું બળતણ માણસો તથા પત્થર છે.

(સુરએ તહરીમ ૬૬ : ૬)

આ અર્થ ધરાવતા ઇમામો (અ.સ.) ના ઘણા કથનો છે.

ઇમામ (અ.સ.) ફરમાવે છે : ‘સૌથી હલ્કા પ્રકારનો યતીમ એ છે કે જેને તેના ઇમામ (અ.સ.)થી જુદો પાડી નાખવામાં આવ્યો છે અને  તેમને પહોંચી શક્તો નથી. જે તેઓના સૌથી વધુ સખત કઠીન મુશ્કેલીઓનો ઉકેલ મેળવી શકતા નથી. પછી અમારા શીયાઓ કે જેઓ અમારી કાર્ય શક્તિને જાણે છે. અને જે અમારી ઝિયારતથી વંચિત રહેલા લોકોને શિક્ષણ આપે છે તે એવા લોકો જેવા છે કે જે એક અનાથને દત્તક રાખે છે.

સારી રીતે જાણી લો ! તે જેને માર્ગદર્શન આપે છે,  સાચો માર્ગ દેખાડે છે અને અમારી શરીઅતથી વાકેફ કરે છે તે અમારી સાથે ‘રફીકે - અઅલા’  ઉચ્ચ કક્ષાના જન્નતના રહેઠાણમાં હશે. ઉપરોક્ત બાબત મને મારા પિતાએ કહી હતી કે જે તેમણે તેમના પૂર્વજો પાસેથી અને તેમના પૂર્વજોએ અલ્લાહના રસુલ (સ.અ.વ.) પાસેથી મેળવી હતી.’



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

## (૪૯) ઇમામ (અ.સ.) પ્રત્યેના હક્કો અને ફરજોની કાળજી લેવી:

પવિત્ર પયગમ્બર (સ.અ.વ.) અને તેમના પછી ઇમામો (અ.સ.) દુનિયાના બીજા બધા લોકોના હક્કો ઉપર અગ્રતા ધરાવે છે. અને અલ્લાહે તેઓને આ ઉચ્ચ સ્થાન એનાયત કરેલ છે. તેણે બીજા બધા લોકોમાંથી તેઓને પસંદ કરેલ છે. અને માનવજાતને દરેક પ્રકારના લાભો એનાયત કરવા માટે તેઓને માધ્યમ બનાવ્યા છે.

આ હક્કો અંગે પવિત્ર ઇમામો (અ.સ.) એ ફરમાવ્યું છે : 'સર્વ શક્તિમાન અલ્લાહના દરેક હક અમારા માટે છે.'

તેથી ઇમામ (અ.સ.)ના હક્કોનું પાલન કરવું તે અલ્લાહની નજદિકી મેળવવા માટેનું માધ્યમ છે અને તેના હક્કોને બિન - અગત્યના ગણવા તે વ્યક્તિ પોતાની જાતને અલ્લાહથી દૂર કરે છે અને તેનો ગુસ્સો વ્હોરી લે છે. જેમ કે ઇમામ સજ્જાદ (અ.સ.) એ દોઆએ અબુ હમઝા સોમાલીમાં દર્શાવ્યું છે.

اَوْ لَعَلَّكَ رَاَيْتَنِيْ مُسْتَخِفًّا بِحَقِّكَ فَاَقْصَيْتَنِيْ

'અથવા તે મને તારા હકનો ખ્યાલ ન કરનાર જોઇ મને તારા દરબારથી અલગ કરી દીધો છે.'

(સય્યદ ઇબ્ને તાઉસ કૃત ઇકબાલ પા. ૭૧)

## (૫૦) ઇમામ (અ.સ.) ને યાદ કરતી વખતે હૃદયની કોમળતા અને નરમાશ :

ઇમામ (અ.સ.) ને યાદ કરતી વખતે વ્યક્તિના હૃદયને નરમ બનાવવું ઘણું અગત્યનું છે. આપણે તેમના શીયાઓની મજલીસોમાં પાબંદી સાથે હાજરી આપવી જોઇએ. જેથી હઝરત (અ.સ.) ની તકલીફો અને હક્કોને યાદ કરીને આપણું હૃદય વધુ નરમ બને. આપણા હૃદયને કઠોર બનાવે તેવા બધા કાર્યોથી પણ દૂર રહેવું



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

જોઇએ. અને આપણી જાતને એવી દરેક બાબતોથી દૂર રાખવી જોઇએ કે જે આપણી ભૂલને લીધે દુ:ખનું અને ચિંતાનું કારણ બને જેમ કે સર્વશક્તિમાન અલ્લાહે ફરમાવ્યું છે :

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَلَمْ يَاْنِ لِلَّذِيْنَ اٰمَنُوْٓا اَنْ تَخْشَعَ قُلُوْبُهُمْ لِذِكْرِ اللّٰهِ

وَ مَا نَزَلَ مِنَ الْحَقِّ وَلَا يَكُوْنُوْا كَالَّذِيْنَ اُوْتُوا

الْكِتٰبَ مِنْ قَبْلُ فَطَالَ عَلَيْهِمُ الْاَمَدُ فَقَسَتْ قُلُوْبُهُمْ

وَ كَثِيْرٌ مِّنْهُمْ فٰسِقُوْنَ

તરજૂમો : અલ્લાહના નામથી જે રહમાન અને રહીમ છે.

"શું તે લોકો માટે કે જેઓ ઇમાન લાવ્યા છે તે સમય નથી આવ્યો કે તેમના અંત:કરણ અલ્લાહની યાદ માટે તથા સત્યના સંબંધમાં જે કાંઇ ઉતયર્ુ છે તેના માટે નમ્ર બની જાય ? અને તેઓ તે લોકોના જેવા ન થઇ જાય કે જેમને આ પહેલા કિતાબ (તૌરેત તથા ઇન્જીલ) આપવામાં આવી હતી, પણ તેમના ઉપર એક કાળ વિતી ગયો, જેથી તેમના હૃદય કઠણ થઇ ગયા, અને તેઓ માંહેના ઘણાખરા નાફરમાન છે.

(સુરએ હદીદ ૫૭ : ૧૬)

રિવાયત મુજબ ઉપરની આયત ઇમામે ઝમાના (અ.સ.) સંબંધિત નાઝીલ કરવામાં આવી છે અને તેનું અર્થઘટન ગયબત તરફ સૂચન કરે છે. અહિં શબ્દ સમૂહ ‘એક કાળ વીતી ગયો’ થી મુરાદ ગયબતનો જમાનો છે.’

## (૫૧) આલીમો પોતાના ઇલ્મને પૂરેપૂરી રીતે જાહેર કરે :



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

અલ્લાહના રસુલ (સ.અ.વ.) એ ફરમાવ્યું છે : જ્યારે મારી ઉમ્મતમાં બીદઅતો દેખાય ત્યારે આલીમો એ તેમના જ્ઞાનને જાહેર કરવું જોઇએ. એ વ્યક્તિ કે જે આ ન કરે તેના ઉપર અલ્લાહની લાઅનત થાય. (ઉસૂલે કાફી)

એજ કિતાબમાં સાચી સનદ સાથે એક હદીસમાં ઇમામ સાદિક (અ.સ.) કહે છે, અલ્લાહના રસુલ (સ.અ.વ.) એ કહ્યું : ‘મારા પછી જો તમે બીદઅત કરનારાઓને જુઓ તો તેમનાથી તમારે અણગમો દર્શાવવો જોઇએ. અને તેઓને ટોકવા જોઇએ અને તેઓના નામનો તુચ્છકાર કરવો જોઇએ. જેથી ઇસ્લામમાં ફીત્ના ફસાદની ઇચ્છા તેઓના હૃદયના મૂળમાં સ્થાન ન લે. એટલે કે લોકો તેઓથી સાવધાન રહે અને તેઓની પાસેથી બીદઅતના કામો ન શીખે. સર્વશક્તિમાન અલ્લાહ તમારા માટે આ અમલ કરવાના બદલામાં નેકીઓ લખે છે. અને તેના કારણે આખેરતમાં તમારા દરજ્જાને બુલંદ કરે છે.’

## (૫૨) બુરૂ કરનારાથી તકય્યા કરવા અને બીજા મઝહબના લોકોથી રહસ્ય જાળવી રાખવું :

ઇમામ સાદિક (અ.સ.) આ આયતને સમજાવતા કહે છે :

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

أُولٰئِكَ يُؤْتَوْنَ أَجْرَهُمْ مَّرَّتَيْنِ بِمَا صَبَرُوا ......

તરજુમો : અલ્લાહના નામથી જે રહમાન અને રહીમ છે.

"તેઓને તેમના સબરનો બદલો બમણો દેવામાં આવશે ની બાબત ઇમામ (અ.સ.) એ કહ્યું કે, તેમના સબરના વળતર રૂપે જે તેમણે તકય્યા માટે કયર્ુ હતું.

...... وَيَدْرَئُوْنَ بِالْحَسَنَةِ السَّيِّئَةَ ......

તરજૂમો : અલ્લાહના નામથી જે રહમાન અને રહીમ છે.



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

"તેઓ નેકી વડે બુરાઇઓને દૂર (દફઅ) કરશે. ની બાબત ઇમામ (અ.સ.) એ ફરમાવ્યું, નેકીથી મુરાદ ‘તકય્યા’ અને બુરાઇથી મુરાદ ‘જાહેર કરવું’ છે.

(સુરએ કસસ - ૨૮: ૫૪)
(ઉસુલે કાફી ભાગ - ૨, પેજ ૨૧૭)

ફરી ઉસુલે કાફીમાં ઇમામ સાદિક (અ.સ.) ફરમાવે છે : ‘તકય્યા મોઅમીનની ઢાલ છે અને તેના માટેનું રક્ષણ છે. એ વ્યક્તિ કે જે તકય્યામાં માનતો નથી તેની પાસે ઇમાન નથી. ખરેખર અમારી કોઇ હદીસ કોઇ બંદા સુધી નથી પહોંચતી સિવાય કે તે ખુદની અને તેના માલિકની વચ્ચે તેની દીનદારી નિભાવે છે. તે બાબત દુનિયામાં તેને સન્માન અને આખેરતમાં નૂર પ્રાપ્ત કરાવે છે અને અમારી હદીસ બીજા માણસને પહોંચે છે અને તે આ હદીસ આગળનો પરદો ચીરી નાખે છે અને તેથી તે અપમાનિત થાય છે. અને સર્વશક્તિમાન અલ્લાહ તેની પાસેથી નૂર પાછુ ખેંચી લે છે.’

(ઉસુલે કાફી ભાગ - ૨ પા. ૨૨૧)

## (૫૩) ઇમામ (અ.સ.) ને ખાતર તકલીફો, કોઇ જુઠલાવે અને બીજા કસોટીના પ્રસંગોને સહન કરવા :

એમાં શંકા નથી કે અલ્લાહ આપણને તેનાં વલીની ગયબત અંગેની અલગ અલગ પ્રકારની કસોટીઓમાંથી પસાર કરે છે. જેથી સારા અને ખરાબ લોકો જુદા પડી જાય. તેથી તે નેક બંદાઓને નેક બદલો આપે અને ગુનેહગારોને બીજા ગુનેહગારો સાથે ભેગા કરી પછી બધાને જહન્નમમાં ધકેલી મૂકે

સર્વશક્તિમાન અલ્લાહ કહે છે.

بِسْمِ اللَّهِ الرَّحْمَٰنِ الرَّحِيمِ
مَا كَانَ اللَّهُ لِيَذَرَ الْمُؤْمِنِينَ عَلَىٰ مَا أَنتُمْ عَلَيْهِ
حَتَّىٰ يَمِيزَ الْخَبِيثَ مِنَ الطَّيِّبِ..........



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

તરજુમો : અલ્લાહના નામથી જે રહમાન અને રહીમ છે.

"(હે મુનાફિકો !) અલ્લાહ એવો નથી કે જે સ્થિતિમાં તમે છો તે જ સ્થિતિમાં મોઅમિનોને (તમારી સાથે એકઠા મળી) રહેવા દે, અહીં સુધી કે તે નાપાકને પાકથી જુદા પાડી ન નાખે. (સુરએ આલે ઇમરાન ૩ : ૧૭૯)

હવે આ કાંઇ નવું નથી કારણ કે આ પહેલા અલ્લાહ અગાઉની બધી ઉમ્મતોની અને તેઓ કે જે ભવિષ્યમાં આવશે તેઓની પરીક્ષા લીધી છે.

અલ્લાહ આ પણ કહે છે. :

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَحَسِبَ النَّاسُ اَنْ يُّتْرَكُوْا اَنْ يَّقُوْلُوْا اٰمَنَّا وَ هُمْ لَا
يُفْتَنُوْنَ ۰ وَ لَقَدْ فَتَنَّا الَّذِيْنَ مِنْ قَبْلِهِمْ فَلَيَعْلَمَنَّ اللّٰهُ
الَّذِيْنَ صَدَقُوْا وَلَيَعْلَمَنَّ الْكٰذِبِيْنَ ۰

તરજૂમો : અલ્લાહના નામથી જે રહમાન અને રહીમ છે.

"શું લોકો એ એમ ધારી લીધું છે કે તેઓ માત્ર આટલું કહેવાથી કે અમે ઇમાન લાવ્યા છોડી દેવામાં આવશે. અને તેમની કસોટી કરવામાં નહીં આવે ? બેશક ! અમોએ તેમની પહેલાની ઉમ્મતોને પણ અજમાવ્યા હતા. જેથી અલ્લાહ સાચાઓ અને જુઠ્ઠાઓને જરૂર જાણી લેશે. (સુરએ અન્કબુત ૨૯ : ૨-૩)

હઝરત અલી (અ.સ.) કહે છે : 'એ લોકો ! સર્વ શક્તિમાન અલ્લાહે તમને એ બાબતથી દૂર રાખ્યા છે કે તમારા પર કોઇ અત્યાચાર કરે. પરંતુ તેણે તમને અજમાઇશમાંથી મૂક્તિનથી આપી. કારણ કે અલ્લાહ કહે છે.'

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيٰتٍ وَّ اِنْ كُنَّا لَمُبْتَلِيْنَ ۰

તરજૂમો : અલ્લાહના નામથી જે રહમાન અને રહીમ છે.



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

"બેશક તે (નૂહના બનાવ)માં નિશાનીઓ છે, અને નિસંશય અમે હંમેશા (લોકોની) કસોટી કરતા રહીએ છીએ.

(સુરએ મોઅમેનૂન - ૨૩ : ૩૦)

એક મોઅમીન માટે કસોટીઓમાંની સૌથી મોટી કસોટી એ છે કે જ્યારે નીતિ ભ્રષ્ટ અને અનિષ્ટ લોકો ફેશનેબલ છટાથી અને ઠાઠમાઠથી જીવી રહ્યા છે. ત્યારે નેકી કરનાર લોકોને અગણિત મુશ્કેલીઓ અને ગરીબીમાંથી પસાર થવું પડે છે. અને તેના પ્રત્યે કોઇપણ ધ્યાન આપતું નથી. તેઓની આજીજીને સાંભળવા માટે પણ કોઇ કાન ધરતું નથી. અને તેઓ ઉપર જગતના બાતિલ લોકો ત્રાસ ગુજારે છે. તેઓને હાંસી - મજાકનું નિશાન બનાવે છે. અને લોકો ઇમામે ઝમાના (અ.સ.) ની ગયબતની માન્યતાને જુઠલાવે છે. આ વિવેક બુદ્ધિ અને આત્મા વચ્ચેના વિરોધનું કારણ બને છે. વાસનામય ઇચ્છાઓ આપણને જુઠ્ઠાણું અનુસરવાનો અને આપણું જીવન આનંદમાં પસાર કરવાનો હુકમ આપે છે. જ્યારે બુદ્ધિ મુશ્કેલીઓમાં સબર કરવાની અને બનાવટને સહન કરવાની સલાહ આપે છે. તેથી સાચી હુકુમત પણ આખેરતના અનંત જીવન પ્રાપ્ત કરવા માટે સત્યને અનુસરવું જરૂરી ગણે છે. તેથી શ્રેષ્ઠ લોકો એ છે કે જેઓ સારા પરિણામો માટે સંઘર્ષ કરે અને મુશ્કેલીઓમાં સબર કરે છે.

## (૫૪) ઇમામ (અ.સ.) ની જુદાઇ ઉપર સબર માટે દોઆ કરવી:

મોઅમીનોની ફરજ છે કે ઇમામ (અ.સ.) ની ગયબતમાં સબર કરવાની અલ્લાહ તવફીક આપે તે માટે દોઆ કરવી જોઇએ. ઇમામે ઝમાના (અ.સ.) થી મન્સુબ દોઆએ અમરી (અ.ર.) માંથી તે સ્પષ્ટ છે. ‘મને તેના ઉપર સબર એનાયત કર.’

બીજા એક પ્રસંગે એમ કહેવામા આવ્યું છે કે મોઅમીને અલ્લાહ પાસે તેની દુનિયાની અને આખેરતની હાલતની સુધારણા માટે દોઆ કરવી જોઇએ. કારણ કે અલ્લાહ પાસે દરેક વસ્તુની ચાવી છે.

એ માટે અલ્લાહના રસુલ (સ.અ.વ.) ને કહેવામાં આવ્યું :

وَاصْبِرْ وَمَا صَبْرُكَ إِلَّا بِاللّٰهِ..........

તરજૂમો : અલ્લાહના નામથી જે રહમાન અને રહીમ છે.



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

"(હે રસુલ !) સબર કર, અને તારાથી અલ્લાહની મદદ વગર સબર કરવું શક્ય નથી.

(સુરએ નહલ : ૧૬ આયત ૧૨૭)

જ્યારે સબર અલ્લાહની મદદ વગર શક્ય નથી ત્યારે મોઅમીને હંમેશા સબર કરવા માટે અલ્લાહ પાસે આજીજી પૂર્વક મદદ માગતા રહેવું જોઇએ.

અલ્લાહના પયગમ્બર (સ.અ.વ.) એ કહ્યું : 'તમારે જે કાંઇ જરૂરિયાત હોય તે અલ્લાહ પાસે માગો પછી તે બુટની લેસ પણ કેમ ન હોય. કારણ કે જો અલ્લાહ તે મેળવવું આસાન ન કરે તો તે ક્યારેય પણ સહેલાઇથી મળી શકે નહિ.'

બીજી એક હદીસમાં આપ કહે છે : 'તમારે જે કાંઇ જરૂરિયાત હોય તે માટે અલ્લાહને દોઆ કરવી જોઇએ. જો તમારા જોડાની લેસ તૂટીજાય તો પણ તમે તે અલ્લાહ પાસે માગો.'

પવિત્ર કુરઆનની આયતોની જેમ આ અર્થની અસંખ્ય હદીસો દોઆ કરવા માટેનો હુકમ સાબિત કરે છે. કારણ કે એવા ઘણા પ્રસંગો છે જ્યારે ધીરજની જરૂર હોય છે ત્યાં માણસ અધિરો બની જાય છે. જ્યાં સબરની જરૂરત નથી હોતી ત્યાં તે સબર કરે છે. તેથી શ્રેષ્ઠ ઉપાય અલ્લાહ પાસે દોઆ કરવાનો છે કે જ્યારે અનુરૂપ હોય ત્યારે આપણને સબર અતા કરે.

## (૫૫) ગયબત દરમ્યાન એકબીજાને સબરની તાકીદ કરવી :

આ સૌથી અગત્યની ફરજોમાંની એક છે. અને તેને ઘણું મહત્વ આપવામાં આવ્યું છે, અમ્રબીલ મઅરૂફની તરફેણની બધી સાબીતીઓ આને પણ લાગુ પડે છે. બીજું આપણે પવિત્ર પયગમ્બર (સ.અ.વ.) અને પવિત્ર ઇમામો (અ.સ.)ના ઉદાહરણને અનુસરવું જોઇએ. જેમ કે તેઓની હદીસોનો અભ્યાસ કરવાથી તે સાબિત થાય છે. ત્રીજી સાબીતી અલી ઇબ્ને તાઉસે તેમની કિતાબ 'ઇકબાલ'માં ગદિરના ખુત્બાવાળી રિવાયતમાં છે. તે કહે છે કે સુરએ અસ્ર હઝરત અલી (અ.સ.) ના અનુસંધાનમાં નાઝીલ થયો છે. તેની તફસીર નીચે મુજબ છે.

સુરએ અસ્રનો તરજુમો : " અલ્લાહના નામથી જે રહમાન અને રહીમ છે. અસ્રની કસમ ! નિસંશય મનુષ્ય માત્ર નુકશાનમાં છે. સિવાય તે લોકો કે જેઓ ઇમાન લાવ્યા તથા સત્કાર્યો કર્યા અને એકબીજાને સત્ય ધર્મના અનુકરણની તાકીદ કરતા રહ્યા અને એકબીજાને સબરની વસીય્યત કરતા રહ્યા. (સુરએ અસ્ર સુરા નં. ૧03)



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

સુરએ અસ્રની તફસીર : "કસમ છે પરવરદિગારે અસ્ર (કયામત) ની કે બધા લોકો (દુશ્મનાને આલે મોહમ્મદ સ.અ.વ.) નુકશાનમાં હશે. સિવાય એ લોકોના કે જેઓ (એમની વિલાયત પર) ઇમાન લાવ્યા અને સારા કાર્યો કર્યા. (પોતાના ભાઇઓથી હમદર્દી રાખીને) એકબીજાને (ઇમામ અ.સ.ની ગયબતના જમાનામાં) હક અને સબરની તાકીદ કરે છે.'

'એકબીજાને સબરની વસીય્યત'નો અર્થ એ છે કે આપણે આપણા નજદિકના અને વહાલા લોકોને (મિત્રો અને કુટુંબીજનોને) તેમજ દરેક મોઅમિનો અને તેના દિની ભાઇઓને ઇમામે ઝમાના (અ.સ.) ઉપર ઇમાન રાખવા અને તેમની ગયબત લાંબી હોવા ઉપર દિલ પર થતી તકલીફો અને એ માર્ગમાં આવનારા ફિત્ના, બલાઓ, કસોટીઓ વિગેરેને સહન કરવા માટે સબરની ખુબીઓ એમને બયાન કરવી. કેમકે કામ્યાબી તો ફક્ત સબર હેઠળ જ છે. જેથી કરીને લાંબી ગયબતથી તેઓ નાઉમ્મીદ ન થઇ જાય. તેઓ દુશ્મનોની ચડતી જોઇને શંકાના શિકાર ન બની જાય. આપણે તેઓને યાદ અપાવવું જોઇએ કે આપણા સત્યવાદી ઇમામો (અ.સ.) એ અધમ લોકોની દૌલત વિષે આગાહી કરી હતી અને તેવી જ રીતે તેઓએ ન્યાયી હુકુમતની પણ આગાહી કરી છે. આ રીતે જ્યારે પહેલી આગાહી ફળીભૂત થાય તો બીજીપણ ચોક્કસ રીતે જરૂર ફળીભૂત થશે, ઇન્શાઅલ્લાહ.

અલી ઇબ્ને યક્તીને ઇમામ કાઝીમ (અ.સ.) પાસેથી નકલ કરી છે, આપે કહ્યું : 'શીયાઓને આશા થકી છેલ્લા ૨૦૦ વરસથી તાલીમ મળી રહી છે.'

વર્ણન કરનાર કહે છે કે યક્તીને તેના પુત્ર અલીને કીધું : એ કેમ બને કે અમારા (અબ્બાસી હુકુમત) વિષે જે કાંઇપણ કહેવામાં આવ્યું હતું તે થઇ ગયું પરંતુ તમારી ન્યાયી હુકુમત વિષે જે કાંઇ પણ કહેવામાં આવ્યું હતું તે હજી નથી થયું ? અલીએ જવાબ આપ્યો : બન્ને આગાહીઓનું મૂળએક જ છે. બાબત માત્ર એ છે કે તમારા માટે જે કાંઇપણ કહેવામાં આવ્યું હતું તેનો સમય આવી પહોંચ્યો હતો. તેથી દરેક બાબત જે રીતે આગાહી કરવામાં આવી હતી બરાબર તેજ રીતે બની. જ્યારે અમારા વિષે જે કાંઇપણ કહેવામાં આવ્યું છે. તેનો સમય હજુ પાક્યો નથી. તેથી અમે આશા ઉપર જીવી રહ્યા છીએ. જો અમોને શરૂઆતમાં કહી દેવામાં આવતે કે આ ૨૦૦ અથવા ૩૦૦ વરસ પછી થશે તો હૃદય કઠણ બની જાત. સામાન્ય અને નબળા ઇમાનવાળા લોકો ઇસ્લામથી ફરી જાત. તેથી કહેવામાં આવ્યું કે જલ્દી છુટકારો થશે અને તે હુકમનું જાહેર થવું નજદિક છે. તેથી નિરાશ ન થાય અને સમય આવી જાય.

## (૫૬) એવી બેઠકોમાં હાજરી ન આપવી જ્યાં ઇમામ (અ.સ.)ની બેઅદબી થતી હોય:



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

મોઅમીનની ફરજ છે કે ગુમરાહ લોકોના એવા મેળાવડાઓથી દૂર રહે કે જ્યાં ઇમામ (અ.સ.) ને યાદ કરવાને મજાક ગણવામાં આવતું હોય અથવા જ્યાં તેમની ટીકા કરવામાં આવતી હોય. અથવા જ્યાં લોકો તેમના વિરૂદ્ધમાં વાંધો ઊભો કરે અથવા તેમના અસ્તિત્વનો ઇન્કાર કરે અથવા તેમની યાદની પણ ઉપેક્ષા થતી હોય તો તેઓથી અળગા રહેવું જોઇએ. તે એવા સંજોગોમાં પણ લાગુ પડે છે કે જ્યાં એક ઇન્તેઝાર કરવાવાળા મોઅમીનની હાંસી - મજાક કરવામાં આવતી હોય. આવી બાબતો વિષે સર્વશક્તિમાન અલ્લાહ કહે છે :

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

وَقَدْ نَزَّلَ عَلَيْكُمْ فِي الْكِتٰبِ اَنْ اِذَا سَمِعْتُمْ اٰيٰتِ

اللّٰهِ يُكْفَرُ بِهَا وَيُسْتَهْزَاُ بِهَا فَلَا تَقْعُدُوْا مَعَهُمْ

حَتّٰى يَخُوْضُوْا فِيْ حَدِيْثٍ غَيْرِهٖ اِنَّكُمْ اِذًا مِّثْلُهُمْ

اِنَّ اللّٰهَ جَامِعُ الْمُنٰفِقِيْنَ وَالْكٰفِرِيْنَ فِيْ جَهَنَّمَ

جَمِيْعًا ،

તરજૂમો : અલ્લાહના નામથી જે રહમાન અને રહીમ છે.

"અને ખરેજ અલ્લાહ તમારા ઉપર કિતાબમાં આ હુકમ ઉતારી ચૂક્યો છે કે જે વખતે તમે સાંભળો કે અલ્લાહની આયતોનો ઇન્કાર કરવામાં આવે છે અને તેની હાંસી ઉડાડવામાં આવે છે, તો તમે એવા લોકો પાસે બેસી ન રહો, જ્યાં સુધી કે તેઓ બીજી કોઇ વાતચીત શરૂ કરે નહીં, નહિંતર તમે પણ તે હાલતમાં તેમના જ જેવા થઇ જશો (તમારી ગણતરી તેમનામાં જ થશે.) બેશક અલ્લાહ બધા દાંભિકો (મુનાફિકો) અને નાફરમાનોને જહન્નમમાં ભેગા કરનાર છે.

(સુરએ નિસા - ૪ : ૧૪૦)

'ઉસુલે કાફી' ના હદીસોના એહવાલ મુજબ ઇમામ સાદિક (અ.સ.) ને ઉપરની કુરઆનની આયત વિષે પૂછવામાં આવ્યું, તેમણે કહ્યું : "સ્વિકાર્ય એ છે કે અગર આપણે સાંભળીએ કે કોઇ હકનો ઇન્કાર કરે, તેને ખોટું માને અને ઇમામો (અ.સ.) ના બારામાં અણછાજતી વાત કરે તો તેની પાસેથી ઉભા થઇ ચાલ્યા જવું જોઇએ. તેની સાથે બેસવું ન જોઇએ ચાહે એ કોઇ પણ હોય.



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

(ઉસુલે કાફી ભાગ - ૨ પા. ૩૭૭)

ઉપર દર્શાવવામાં આવેલ આયત તમામ રિવાયતો સાથે આપણને તે લોકોની સાથે બેસવાની મનાઇ કરે છે કે જેઓ ગુમરાહ થઇ ગયા હોય અથવા ભટકી ગયા હોય પછી તે ગમે તે જાતિ કે ફીરકાના હોય.

## (૫૭) બાતિલ શાસકોની સાથે છીએ તેવું જાહેર કરવું :

એક હદીસ સુન્ની વર્ણન કર્તાઓ થકી બેહારુલ અન્વારમાં નોંધવામાં આવી છે. જેમાં હોઝયફા કહે છે કે તેણે અલ્લાહના પયગમ્બર (સ.અ.વ.) ને કહેતા સાંભળ્યા હતા કે તે ઉમ્મતના અત્યાચારી શાસન કર્તાઓ ઉપર વાય થાય. કે શા માટે કતલ કરે છે અને એ ફરમાંબરદારોને છોડીને કે જેઓ તાબેદારીને જાહેર કરે છે. બધાને ડરાવે છે, તો મોઅમિન અને પરહેઝગાર ઇન્સાન મોઢાથી તેમની સાથે બનાવટથી વર્તે છે પરંતુ દિલથી તે તેઓથી ભાગે છે. તો જ્યારે ખુદાવંદે આલમ ઇસ્લામને ઇઝઝતદાર દેખાડવા ચાહે છે તો દરેક પ્રકારના જાલિમ અને સિતમગરની કમર તોડી નાખે છે.

(બેહારુલ અન્વાર ભાગ - ૫૧ પા. ૮૩)

ઇમામ સાદિક (અ.સ.) એ મોઅમીને તાકને શીખામણ આપી, "એ નોઅમાનના પુત્ર ! જ્યારે તમને તમારૂં જીવન બાતિલ હુકુમત નીચે પસાર કરવાની ફરજ પડે ત્યારે તમને જેનાથી ડર હોય તેઓની સાથે તમારે સુંદર વર્તન કરવું જોઇએ. કારણ કે જે હુકુમતની સામે થાય (બળવો કરે) તો જાણે તેણે જાતે પોતાને હલાકતમાં નાખ્યો અને કત્લ થવા માટે તૈયાર થયો. સર્વશક્તિમાન અલ્લાહ કહે છે :

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

........... وَ لَا تُلْقُوْا بِاَيْدِيْكُمْ اِلَى التَّهْلُكَةِ ...........

તરજૂમો : અલ્લાહના નામથી જે રહમાન અને રહીમ છે.

"હાથે કરીને પોતાને મુસીબતમાં ન નાખો.



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

(સુરએ બકરહ ૨ : ૧૯૫)

## (૫૮) શોહરત (નામના) થી દૂર રહેવું:

આ એટલા માટે કે શોહરત આફત છે અને અજાણ્યા રહેવામાં સલામતી છે.

'કાફી' માં ઇમામ સાદિક (અ.સ.)ની હદીસ છે : 'જો શક્ય હોય તો એવું જીવન જીવો કે લોકો, તમને ઓળખે નહિ.' એટલે કે તમે ખૂબજાણીતા વ્યક્તિ ન બની જાવ.'

કમાલુદ્દીનમાં સાચી સનદની સાથે ઇમામ મોહમ્મદ બાકિર (અ.સ.) થી નકલ છે : 'લોકો ઉપર એક એવો સમય આવશે જ્યારે તેમના ઇમામ ગાએબ હશે. ખુશનસીબ એ લોકો છે કે જે અમારા હુકમ ઉપર અડગ રહેશે. તે સમયે તેઓનો ઓછામાં ઓછો સવાબ એ હશે કે અલ્લાહ તેઓને સંબોધન કરશે. એ મારા બંદાઓ! અને કનીઝો! અમારા રહસ્યો ઉપર ઇમાન લાવો અને અમારા ગાએબની સાક્ષી આપો. તમને મારા નેક બદલાના સારા સમાચાર છે. એ મારા બંદાઓ અને કનીઝો ! હું તમારા અમલોને કબુલ કરીશ અને તમારા ગુનાહોને માફ કરીશ. હું તમને વરસાદથી તૃપ્ત કરીશ અને તમારા ઉપરની બલાઓને દૂર કરીશ. જો તમે લોકો ત્યાં ન હતે તો હું તેઓ (આ લોકો સિવાયના લોકો) ઉપર અઝાબ મોકલતે.'

જાબીર કહે છે કે તેણે ઇમામ (અ.સ.) ને પૂછ્યું કે, એ સમયમાં સૌથી સારૂં કાર્ય જે મોઅમીનોએ કરવું જોઇએ તે શું છે ?

ઇમામ (અ.સ.) એ જવાબ આપ્યો : " તેમની જીભ ઉપર કાબુ રાખવો અને ઘરમાં બેસવું.

(શયખ સદુકની કમાલુદ્દીન ભાગ - ૧ પા.૩૩૦)

નહજુલ બલાગાહના એક ખુત્બામાં અમીરૂલ મોઅમેનીન (અ.સ.) કહે છે : 'તે સમય એવો હશે કે જેમાં ફક્ત તે જ નજાત મેળવી શકશે જે જાણે કે સુઇ રહ્યો હોય કે તે મજમામાં આવે તો લોકો ઓળખી ન શકે અને ગેરહાજર હોય તો કોઇ ગોતે નહિં. આ જ લોકો માર્ગદર્શનના દિપકો છે અને રાત્રીની મુસાફરીઓના સ્થળનું નિશાન હશે અને ન લોકોના ઐબોને ખુલ્લા પાડે છે. આ તે લોકો છે જેના માટે અલ્લાહ તેની રહમતના દરવાજાઓ ખુલ્લા કરી દેશે અને તેના અઝાબની તકલીફોથી દૂર રાખશે.



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

એ લોકો ! બહુજ જલ્દી તમારી તરફ એક એવો સમય આવશે જ્યારે ઇસ્લામને એવી રીતે ઉથલાવી દેવામાં આવશે કે જેવી રીતે એક વાસણ તેમાં રહેલી બધી સામગ્રી સાથે ઉથલાવી દેવામાં આવે.

(નહજુલ બલાગાહ ખુત્બો ૧૦૨)



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

## (૫૯) આત્મની સુધારણા (વિકાસ) :

તે પછીની ફરજ ગંદી આદતો અને ખરાબ ખાસીયતોમાંથી મૂક્તિ અને આપણા વ્યક્તિત્વને સારા ચારિત્ર્યથી શોભાયમાન કરવું. આ કામ દરેક જમાનામાં વાજીબ છે. પરંતુ ગયબતના જમાનામાં તેનું વિશેષ મહત્વ એટલા માટે છે કે તેમના સાથીદારોમાં સમાવેશ થવાની પાત્રતા મેળવવા માટે તે એક જરૂરી ગુણ છે.

નોમાની (ર.અ.) એ એક હદીસ ઇમામ સાદિક (અ.સ.) થી રિવાયત કરી છે. ‘જે ઇમામે ઝમાના (અ.સ.) ના સાથીદારોમાં સમાવેશ થવા ઇચ્છે તેણે મુન્તઝીર (તે કે જે પ્રતિક્ષા કરે છે) રહેવું જોઇએ. અને તે પરહેઝગાર અને નેક અખ્લાક ધરાવતો હોવો જોઇએ. તેથી જો તે ઇમામ (અ.સ.)ના ઝુહૂર પહેલા મૃત્યુ પામે તો તેને એવો જ બદલો મળશે, જાણે કે તે ઇમામ (અ.સ.) ની સાથે હોય. તમે સંઘર્ષ કરો અને ઇન્તેઝાર કરો, અગર તમારે અલ્લાહની રેહમતની નવાઝીશ મેળવવી હોય.’

(ગયબતે - નોમાની કૃત પા. ૧૦૬)

## (૬૦) ઇમામ (અ.સ.) ની મદદમાં એકતા અને સહકાર :

જે અસર એકતામાં રહેલી છે તે એકલતામાં નથી. જો કે આપણામાંના દરેકે ઇમામ (અ.સ.) ને વ્યક્તિગત રીતે મદદ કરવાની ફરજ છે. સર્વશક્તિમાન અલ્લાહ કહે છે.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

وَ اعْتَصِمُوْا بِحَبْلِ اللّٰهِ جَمِيْعًا وَّ لَا تَفَرَّقُوْا ......

તરજૂમો : અલ્લાહના નામથી જે રહમાન અને રહીમ છે.

‘અને એક થઇને બધા અલ્લાહની રસ્સી (ધર્મ) ને મજબુત પકડી લો અને (માંહેમાંહે) ભંગાણ પાડો નહી.’

(સુરએ આલે ઇમરાન ૩ : ૧૦૩)



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

આ એટલા માટે છે કે ઇમામ (અ.સ.) અલ્લાહ અને તેના બંદાઓ વચ્ચે દરેક જમાનામાં મજબુત વસીલો છે. અને આ વસીલાનો ફાયદો તેમની તાબેદારી અને મદદ વગર મળી શકે નહીં.

અમીરૂલ મોઅમેનીન (અ.સ.) એ એક ખુત્બામાં ફરમાવ્યું. ‘એ લોકો! જો તમે હકને મદદ કરવામાં ઉણા ન ઉતરતે અને બાતિલને દુર કરવામાં આળસ ન કરતે તો તેઓ કે જે તમારી જેવા નથી. તમને તાબે ન કરતા, જે લોકો એ તમારી ઉપર કબ્જો મેળવી લીધો છે તેમને તેમ કરવાની તાકત ન મળતી. પરંતુ તમે બની ઇસરાઇલની જેમ તમારા માર્ગને ગુમાવી દીધો. અને મારી જાનની કસમ ! મારા પછી તમારૂં ગુમરાહ થવું વિસ્તાર પામશે. કારણ કે તમે હકને પીઠ પાછળ ધકેલી દીધું છે.’

ઇમામે ઝમાના (અ.સ.) એક તવકીઅમાં શયખ મુફીદને કહે છે : ‘અગર મારા શીયાઓ (અલ્લાહ તેઓને તેમની તાબેદારીમાં મદદ કરે !) એ વાયદો અને વચન કે જેમાં તેમને બાંધવામાં આવ્યા છે. તેને પૂરા કરવામાં એકસંપ અને મજબુત હતે તો અમારી મુલાકાતની નેઅમતમાં મોડુંન થતે તેમના માટે સાચી અને સંપૂણ માઅરેફતની સાથે અમારા દિદારમાં જલ્દી થતી.’

(બેહારૂલ અન્વાર ભાગ ૫૩ , પા. ૧૭૭)

# (૬૧) હૃદયપૂ ર્વકનોપશ્ચાતાપ અને હક્કોને અદા કરવા :

અગાઉ દર્શાવ્યા મુજબ, આપણા ગુનાહો અને શરીઅતનો અનાદર ઇમામ (અ.સ.) ની ગયબત લંબાવવા માટે મોટો ભાગ ભજવે છે. ઇમામ (અ.સ.) ની તવકીઅ વધુમાં કહે છે: ‘એ કે જે અમને તેઓથી દુર રાખે છે તે ઘણી અસહ્ય બાબતો છે જે અમે તેઓના વિશે સાંભળીએ છીએ અને ગમતી નથી અને એવી બાબતોની અમે તેઓની પાસેથી અપેક્ષા રાખી ન હતી.’ અને અલ્લાહ એ છે કે જેની મદદ માગવામાં આવે છે અને તે અમારા માટે પૂરતોછે અને સૌથી સર્વોત્તમ, રક્ષણહાર છે.’

(બેહારૂલ અન્વાર ભાગ - ૫૩ પા. ૧૭૭)



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

## (૬૨-૬૩) ઇમામ (અ.સ.) ને યાદ કરવા અને તેમના ઉપદેશ ઉપર અમલ કરવો :

ઇમામો (અ.સ.) ની હદીસોથી એ હકીકત સ્પષ્ટ છે કે ઇમામ (અ.સ.) આપણા કાર્યોના સાક્ષી છે અને આપણી બધી પ્રવૃતિઓની તેમને ખબર છે. આપણે જ્યાં પણ અને ગમે તે સ્થિતિમાં હોઇએ, આપણે ઇમામ (અ.સ.) ની દ્રષ્ટિમાં છીએ. તેઓ સર્વશક્તિમાન અલ્લાહની ધ્યાન રાખનારી આંખ અને સતર્ક કાન છે. એક વખત તમને ખબર પડી ગઇ અને ખાત્રી થઇ ગઇ કે તમે હંમેશા તેમના સામે છો તો તમે તેમને અંતર-ચક્ષુઓથી જોઇ શકશો બલ્કે કલ્પનામાં તેઓ તમારી નજરોમાં ઘુમતા રહેશે પછી તમે તમારી જાતને તેમની હાજરીમાં હોવાનો એહસાસ કરશો. અને દરેક તે શખ્સ તેનો એહસાસ કરશે જેનું દિલ આંધળુ નહીં હોય.

એક વખત માણસને ખાત્રી થઇ જાય કે તે હરહંમેશ ઇમામ (અ.સ.) ની નજરોની સામે છે. તો તે ઇમામ (અ.સ.) ના બારામાં તેમના ઉપદેશની વધુ કાળજી લેશે. જેવી રીતે એક અંધ માણસ કે જે ખુદ પોતાની જાતે કાંઇપણ જોઇ શક્તો નથી. પરંતુ જ્યારે તે એક બાદશાહની હાજરીમાં હોય ત્યારે તે સંપૂણસન્માન પૂર્વકનું વર્તન કરશે, એ લોકોની જેમ કે જેઓ અંધ નથી. આ એટલા માટે છે કે તેને ખાત્રી છે કે તે એક બાદશાહની હાજરીમાં છે જો કે તે શરીરની આંખે જોઇ નહિં શકે. ગયબતના સમય - ગાળા દરમ્યાન મોઅમીનની હાલત પણ આવી જ છે. મોઅમીનને તેના ઇમાન અને યકીનના આધારે ખાત્રી છે કે ઇમામ (અ.સ.) તેને જૂએ છે તેથી તે દરેક ઉપદેશની કાળજી લ્યે છે. શયખ સદુકે લખેલી 'કમાલુદ્દીન' માં આ તમામ કાર્યોને હદીસમાં વર્ણવ્યા છે. મસ્ઉદે ઇમામ સાદિક (અ.સ.) થી અને તેમણે તેમના પૂર્વજો થકી અલી (અ.સ.) થી વર્ણન કરેલ છે કે એક દિવસ તે (અલી અ.સ.) કુફાના મીમ્બર ઉપર હતા. તેમણે કહ્યું : 'એ અલ્લાહ ! તારી હુજ્જતનું અસ્તિત્વ તારા સર્જનો ઉપર ચોક્કસ છે. જેથી તેઓ લોકોને તારા મઝહબ તરફ દોરે. તેઓને તારા ઇલ્મનું શિક્ષણ આપે જેથી તારી હુજ્જત બાતિલ ન થઇ જાય. અને તારા માર્ગદર્શન પછી તારા અનુયાયીઓ ગુમરાહીના માર્ગે ન દોરવાય. તે હુજ્જત સ્પષ્ટ છે જેનું પાલન કરવામાં આવતું નથી અથવા તે છુપાએલી છે અને તેનો ઇન્તેઝાર થઇ રહ્યો છે. જો ઇમામ (અ.સ.) માર્ગદર્શનના સમયે લોકો વચ્ચે હાજર ન હોય તેમ છતાં તેમનું ઇલ્મ અને ઉપદેશ મોઅમીનોના હૃદય ઉપર કોતરાઇ ગયા છે. જેની ઉપર મોઅમીનો અમલ કરે છે.'

(કમાલુદ્દીન ભાગ - ૧ પા. ૩૦૨)

આ મશ્હૂર હદીસ સામાન્ય ફેરફારો સાથે 'કાફી' અને નોમાની (અ.ર.)ની 'ગયબત' માં નોંધવામાં આવી છે. અને તેમાં ઇલ્મ, મઅરેફત, એકાગ્રતા અને યાદ દાસ્તની વાત કરવામાં આવી છે. તેથી આપણો હેતુ સિદ્ધ કરવા માટે તેની ઉપર કાળજીપૂર્વકચિંતન કરવું જોઇએ.



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

## (૬૪) આપણે ઇમામ (અ.સ.) ની યાદ દિલથી નિકળી ન જાય તે માટે અલ્લાહ પાસે દોઆ કરવી જોઇએ :

આપણે અલ્લાહને દોઆ કરવી જોઇએ કે આપણે ઇમામ (અ.સ.) ની યાદને ક્યારેય પણ ભુલી ન જઇએ. આ એટલા માટે કે અલ્લાહે ઇમામ (અ.સ.) અંગે આપણા માટે અમૂક નિયમો અને ફરજો નક્કી કરી છે. જે તેને સતત રીતે યાદ રાખવાથી જ પુરી થઇ શકે છે. શયખ અમ્રવી (અ.ર.) નું એક વાક્ય કમાલુદ્દીનમાં ટાંકવામાં આવ્યું છે : હઝરત (અ.સ.)ની યાદને અમારા હૃદયમાંથી ભૂંસી ન નાખ. (કમાલુદ્દીન ભાગ - ૨, પા. ૫૧૩)

આ શબ્દો ઉપર વિચાર કરો, દોઆનો આ કેવો અગત્યનો ભાગ છે અને શીયાઓને તેઓની દોઆઓમાં આ શબ્દોનો સમાવેશ કરવાની કેવી સલાહ આપવામાં આવી છે. આ અગત્યના મુદ્દાને આપણે ક્યારેય પણ અવગણવો ન જોઇએ. આપણે તે યાદ રાખવું જોઇએ. ખાસ કરીને જ્યારે આપણી દોઆઓ કબુલ થવાની ઊંચી આશાઓ હોય છે ત્યારે આપણે અલ્લાહને કરગરવું જોઇએ. અને તેને વિનંતી કરવી જોઇએ કે આપણને ઇમામની યાદમાં બેદરકાર ન બનાવે. આપણે તેમાં વિલંબ ન કરવો જોઇએ કે જેથી વ્યક્તિ દોઆ શરૂ કરે તે પહેલા ગફલત (બેધ્યાનપણું)ની બિમારીમાં સપડાય જાય. પવિત્ર ઇમામો (અ.સ.)ની હદીસો મુજબ મોઅમીનોએ આફતો ઉતરી આવે તે પહેલા દોઆ કરવા તરફ ધ્યાન આપવું જોઇએ.

વ્યક્તિએ એવા બધા ગુનાહોને ત્યજી દેવા જોઇએ કે જે ઇમામની યાદથી દૂર કરી દે કારણ કે તે એક મોટી કમનસીબી છે. જે વાત ઇમામ (અ.સ.)ની દોઆઓમાં પણ જોવા મળે છે. 'એ અલ્લાહ ! અમારા એ ગુનાહોને માફ કર જે કમનસીબી (અને બલા) ઉતરવાનું કારણ બને છે.'

ખરેખર, ઇમામ (અ.સ.)ને ભુલી જવાનું દુ:ખ તે એવી કમનસીબ બાબત છે કે જે વ્યક્તિને દુનિયામાં તેમજ આખરેતમાં આફતો અને બદનસીબીને પાત્ર બનાવે છે.

## (૬૫) ઇમામ (અ.સ.) ના બારામાં શરીરને નમ્ર બનાવવું :

ગયબતના જમાનાના વઝીફામાં અલી ઇબ્ને તાઉસે તેની કિતાબ 'જમાલુસ સુબુઅ' માં સનદ સાથે ઇમામ સાદિક (અ.સ.) થી જુમ્આના દિવસની દોઆમાં નકલ કર્યું છે તે મુજબ મોઅમીને ઇમામની સમક્ષ



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

પોતાની જાતને નમ્રતા પૂ ર્વક રજુ કરવું વાજીબ છે. અમે કિતાબ 'અબ્વાબુલ જન્નાત ફી આદાબીલ જમ્આત' માં ઉલ્લેખ કર્યો છે.

اَللّٰهُمَّ اِنِّیْ اَتَقَرَّبُ اِلَیْكَ بِقَلْبٍ خَاضِعٍ وَ اِلٰی وَلِیِّكَ
بِبَدَنٍ خَاشِعٍ وَ اِلَی الْاَئِمَّةِ الرَّاشِدِیْنَ بِفُؤَادٍ مُتَوَاضِعٍ

તરજૂમો : એ ખુદા ! હું તારી બારગાહમાં નિખાલસ દિલ અને તારા વલીની તરફ પવિત્ર, સ્વચ્છ અને હિદાયત કરનારા ઇમામોની તરફ નમ્રતાભર્યા દિલની સાથે તારી નજદિકી ચાહું છું.

આ દોઆમાં વલીનો અર્થ ઇમામે ઝમાના (અ.સ. ) છે.

## (૬૬) ઇમામે ઝમાના (અ.સ.)ની ઇચ્છાને આપણી ઇચ્છાઓ ઉપર અગ્રતા (પસંદગી) આપવી :

આનો અર્થ એ છે કે જ્યારે આપણે એક ડગલું પણ ભરવાનો વિચાર કરીએ ત્યારે આપણે વિચારવું જોઇએ કે તે કામ ઇમામે ઝમાના (અ.સ.) ની મરજી મુજબનું છે કે ઇચ્છા વિરૂદ્ધનું. અગર તે કાર્ય ઇમામ (અ.સ.) ની મરજી મુજબ નું હોય તો તેને કરવું જોઇએ ન કે પોતાની ખ્વાહિશને અનુસરીને, અને તેમની ઇચ્છા વિરૂદ્ધના કાર્યોને છોડી દો અને પોતાની નફસાની ખ્વાહીશાતની નાફરમાની કરો. આ રીતે તેમની મરજી પ્રાપ્ત થશે. અને તમે તેમના પ્રિય પાત્ર બની જશો અને ઇમામ (અ.સ.) અને તેમના પૂ ર્વજો થકી સારા શબ્દોમાં યાદ કરવામાં આવશો. ફાઝીલ મોહદ્દીસ નૂ રીએ, શયખતુસીની 'અમાલી' થી કિતાબ 'નફસુર રહમાન' માં નોંધ કરી છે કે વર્ણન કરનારે ઇમામ સાદિક (અ.સ.) ને પૂ છ્યું: 'અમે સલમાન ફારસી વિષે આપ (અ.સ.) થી આટલું બધું શા માટે સાંભળીએ છીએ ?' ઇમામ (અ.સ.) એ કહ્યું : તેને સલમાને ફારસી ન કહો, બલ્કે સલમાને મોહમ્મદી કહો. તમે જાણો છો હું શા માટે તેમને ઘણાં યાદ કરૂં છું.

"હું નથી જાણતો વર્ણન કરનારે કહ્યું.

"તે ત્રણ બાબતોના કારણે, ઇમામ (અ.સ.) એ કહ્યું : (૧) તેણે પોતાની અંગત ઇચ્છાઓ ઉપર અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ની ઇચ્છાને અગ્રતા આપવાના લીધે. (૨) ગરીબોની દોસ્તી કરવી અને તેઓને પૈસાદાર લોકો



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

ઉપર અગ્રતા આપવાના લીધે. અને (૩) ઇલ્મ અને આલિમો સાથેની મોહબ્બતના લીધે. ખરેખર, સલમાન એક નેક અમલવાળા મુસ્લીમ હતા અને મુશ્રીકોમાંથી ન હતા.

(બેહારૂલ અન્વાર - ભાગ : ૨૨ પા.૩૨૭)

## (૬૭) જે લોકો ઇમામ (અ.સ.)ની નજદિક હોય અથવા તેમની સાથે જોડાએલા હોય તેઓનું સન્માન કરવું :

તેઓ કે જે ઇમામ (અ.સ.) સાથે સગપણમાં નજદિક હોય જેમ કે અલ્વી સાદાત અને રૂહાની રીતે આલિમો અને દીનદાર લોકો કેમકે તેમની ઇઝઝત કરવી અને સન્માન કરવું તે હકીકતમાં ઇમામ (અ.સ.) નું સન્માન છે. અને સામાન્ય રીતે બુધ્ધિશાળી લોકો તેનો અમલ કરે છે. તેઓ બાળકો, ભાઇઓ અને નજદિકના લોકોનું સન્માન કરે છે અને માન આપે છે. આ રીતે તેઓ ઇમામ (અ.સ.) સાથે જોડાએલા બધા માણસો પ્રત્યે આદરભાવ ધરાવે છે. તેઓ તેમને સન્માન આપવામાં કોઇપણ પ્રકારની અવગણના તે ઇમામ (અ.સ.) ની વિરૂદ્ધ બેઅદબીનું કાર્ય ગણે છે.

## (૬૮) ઇમામ (અ.સ.) એ મુલાકાત લીધેલા સ્થળોને આદરણીય ગણવા :

મસ્જીદે સહલા, કુફાની મસ્જીદે અઅઝમ, સામર્રાનું સરદાબ અને મસ્જીદે જમકરાન વિગેરે કે જ્યાં અમૂક નેક લોકોને ઇમામ (અ.સ.) મળ્યા હતા. અને તે સ્થળો કે જે હદીસોમાં દર્શાવવામાં આવ્યા છે કે જ્યાં ઇમામ (અ.સ.) થોડા સમય માટે રોકાય છે. જેવા કે મસ્જીદુલ હરામ અને એ બધી બાબતો જે ઇમામે ઝમાના (અ.સ.) સાથે સંકળાએલી છે જેમ કે આપ (અ.સ.) ના નામો અને લકબો, તેમની તવકીઅના શબ્દો અને તેમના વિષેની કિતાબો વિગેરે.... તે દરેકને આદરણીય ગણવા જોઇએ.

અહિં આપણે નોંધ કરવી જોઇએ કે પહેલું તો આ મુસ્તહબ પ્રકારનું કાર્ય છે. અને બીજું કે તે સન્માનના પ્રકાર વિશે છે.



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

(૧) તે મુસ્તહબ હોવાની સાબિતીઓ પૈકીની એક નીચે મુજબની કુરઆનની આયત છે.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْم

...... وَمَنْ يُّعَظِّمْ شَعَائِرَ اللّٰهِ فَاِنَّهَا مِنْ تَقْوَى الْقُلُوْبِ

તરજૂમો : અલ્લાહના નામથી જે રહમાન અને રહીમ છે.

"જે શખ્સ અલ્લાહની નિશાનીઓને માન આપશે તો નિસંશય તે કાર્ય અંત:કરણની પરહેઝગારીમાંનું ગણાશે.

(સુરએ હજ - ૨૨ : ૩૨)

(૨) હદીસ : "અમે અને અમારા અસ્હાબો 'અલ્લાહની નિશાનીઓ' (શઆએરલ્લાહ) છીએ.

બીજું સન્માનનો પ્રકાર :

(અ) અમૂક આલીમોના મત મુજબ એહતેરામની રીતે જનાબતની હાલતમાં ઇમામો (અ.સ.)ની કબરો અને હરમમાં દાખલ થવું અને રોકાવું હરામ ગણવામાં આવ્યું છે.

(બ) પવિત્ર ઇમામ (અ.સ.) ના સન્માનની વિરૂદ્ધ કોઇપણ કાર્ય કરવું, જેમકે અયને નજાસતને બેઅદબી કરવાની નિય્યતથી આ સ્થળોની અંદર લઇ જવી હરામ છે.

(ક) અગર કોઇ આવા કાર્યો કરતું હોય તો તેઓને રોકવા.

(ડ) એક માણસ જે એ સ્થળોએ પોતાના માટે જગ્યા લઇ લે તે તમામ રાત - દિવસ બીજા લોકો કરતા એ જગ્યા બાબત વધુ હકદાર છે.

## (૬૯-૭૦) ઝુહૂરના સમયને નક્કી ન કરવો અને જે સમય નક્કી કરે તેઓને ખોટા પાડવા:



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

અલ્લાહની હિકમતે ઇમામ (અ.સ.) ના ઝુહૂરનો સમય ખાનગી રાખ્યો છે. કારણ કે તેની અસર અલ્લાહ સાથે જોડાએલી છે કે જેને અલ્લાહે ગુપ્ત રાખ્યું છે. શયખ અમ્રવી (અ.ર.) એ રજુ કરેલ ઇમામ (અ.સ.) ની દોઆ મુજબ, 'એ અલ્લાહ ! તું તારા વલીના ઝુહુરનો સમય શીખવ્યા વગર જાણે છે. એ બાબત તેમને તું હુકમ કર કે ગયબતનો પરદો ઊંચો કરીને તે ફરી જાહેર થાય, મને ઇન્તેઝારની બાબતમાં સબર કરવાની તવફીક અતા કર કે જેથી જેને તે મુલ્તવી રાખેલ છે. તેને વહેલાસર પસંદ ન કરૂં અને જે બાબત તું ઉતાવળ કરે એમાં હું વિલંબને પસંદ ન કરૂં. હું તે બધી બાબતો ખુલ્લી પાડવાનું પસંદ ન કરૂં કે જે તે છુપાવી રાખી છે અને તે બાબતોને શોધવાનો પ્રયત્ન ન કરૂં જે તે ગુપ્ત રાખી છે અને એ કે હું વિશ્ર્વના ફરમાનો વિષે તારો વિરોધ ન કરૂં કે જેની છુપાએલી હિકમતને તું જાણે છે.'

મુફઝઝલે ઇમામ સાદિક (અ.સ.) ને આ આયત વિષે પૂછ્યું

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ
...........وَ مَا يُدْرِيْكَ لَعَلَّ السَّاعَةَ قَرِيْبٌ ٠
يَسْتَعْجِلُ بِهَا الَّذِيْنَ لَا يُؤْمِنُوْنَ بِهَا ج وَ الَّذِيْنَ اٰمَنُوْا
مُشْفِقُوْنَ مِنْهَا وَ يَعْلَمُوْنَ اَنَّهَا الْحَقُّ ط اَلَآ اِنَّ
الَّذِيْنَ يُمَارُوْنَ فِى السَّاعَةِ لَفِىْ ضَلٰلٍ بَعِيْدٍ ٠

તરજૂમો : અલ્લાહના નામથી જે રહમાન અને રહીમ છે.

"અને તે શી ખબર કે કયામતની ઘડી કદાચને પાસે પણ હોય. જેઓ તેના ઉપર ઇમાન નથી લાવ્યા તેઓ જ તેના માટે ઉતાવળ કરે છે અને જેઓ ઇમાન લાવ્યા છે તેઓ તો તેનાથી ડરતા રહે છે, અને આ જાણે છે કે તે (કયામત) બરહક (ખચીતજ આવનાર) છે, ખબરદાર રહો, જે લોકો કયામતના સંબંધમાં હઠાગ્રહ કરે છે તેઓ ખચીતજ મોટી ગુમરાહીમાં છે.

(સુરએ શૂરા - ૪૨ : ૧૭-૧૮)

મુફઝલે તેમનાથી 'હઠાગ્રહ'નો અર્થ પૂછ્યો:



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

ઇમામ (અ.સ.) એ કહ્યું : 'લોકો કહે છે કે કાએમ (અ.સ.) ક્યારે જનમ્યા હતા ? તેમને કોઇએ જોયા છે ? તે અત્યારે ક્યાં છે? ભવિષ્યમાં તે ક્યાં રેહશે ? અને ફરી તે ક્યારે જાહેર થશે ? આ બધા અલ્લાહના અમ્ર (કામગીરીમાં) ઉતાવળ અને કઝાએ ઇલાહી (મસ્લેહત) માં શક કરવાના કારણે છે. તે લોકોએ દુનિયા અને આખેરતમાં નુકશાન કયર્ંુ છે અને કાફિરોનો અંત તો ખરાબ જ છે.

મુફઝ્ઝલે ઇમામ (અ.સ.) ને પૂછ્યું કે તેના માટે કોઇ સમય નક્કી નહિં કરો ? ઇમામ (અ.સ.) એ કહ્યું : 'એ મુફઝ્ઝલ! આ માટે સમયની આગાહી ન કરો કારણ કે જેણે ઇમામ (અ.સ.) ના ઝુહુરનો સમય નક્કી કર્યો તેણે પોતાને અલ્લાહના ઇલ્મમાં ભાગીદાર બનાવ્યો. અને તેણે ખોટી રીતે દાવો કર્યો કે અલ્લાહે તેને તેના રહસ્યોની જાણ કરી છે.'

નોમાનીની 'ગયબત' માં મોહમ્મદ ઇબ્ને મુસ્લીમથી રિવાયત છે કે ઇમામ સાદિક (અ.સ.) એ કહ્યું : એ મોહમ્મદ! જો કોઇપણ વ્યક્તિ સમયની આગાહી (ઝુહૂર થવાની) અંગે અમારો હવાલો આપે તો તમે તેને તરત જ જુઠલાવો. કારણકે અમે કોઇને પણ નક્કી કરેલા સમય વિષે જાણ કરી નથી.'

(નોમાનીની ગયબત પા. ૧૫૫)

## (૭૧) ગયબતે કુબરા દરમિયાન નાએબે ખાસ હોવાનો દાવો કરનારને જુઠલાવવા :

શીયાઓ એકમત છે કે શયખ અલી ઇબ્ને મોહમ્મદ સયમુરી (ર.અ.) ના ઇન્તેકાલ પછી ખાસ નાએબની પદ્ધતિનો અંત આવેલ છે. તે ગયબતે સુગરાના ચાર ખાસ નાએબોમાં સૌથી છેલ્લા હતા. અલી ઇબ્ને મોહમ્મદ સયમૂરી (ર.અ.) ના ઇન્તેકાલ પછી ગયબતે કુબરાનો સમય શરૂ થયો અને આ સમય દરમિયાન શીયાઓના મરજઅ (જેની તરફ રજુ થવું જોઇએ) તે મઝહબી શરીઅતના વિદ્વાન આલીમો કે જેઓ પોતાના ઇલ્મ પર અમલ કરે છે અને અલ્લાહના એહકામોની હિફાઝત કરે છે તેઓ છે. તેથી કોઇપણ વ્યક્તિ કે જે ગયબતે કુબરા દરમ્યાન ઇમામ (અ.સ.) ના ખાસ નાએબ હોવાનો દાવો કરે તે જુઠો અને મરદુદ છે. ખરૂં જોતાં તો આ ઇમામીયા મઝહબની જરૂરીયાત છે કે જે તેમની ઓળખાણ પણ છે. અને આપણા આલીમોમાંના કોઇએ તેનો વિરોધ કર્યો નથી. આ એક શ્રેષ્ઠ પૂરાવો છે. વધુમાં ઇમામ (અ.સ.) એ શયખ સદુક (અ.ર.) ના જન્મ અંગેની નેક આગાહી પણ આ વાતને સાબિત કરે છે.



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

કિતાબ 'કમાલુદ્દીન' માં અબુ મોહમ્મદ હસન બીન અહમદે મકતબથી એક રિવાયત છે કે જે કહે છે કે અલી ઇબ્ને મોહમ્મદ સયમૂરીના ઇન્તેકાલના વરસમાં હું બગદાદમાં હતો. મેં અલી ઇબ્ને મોહમ્મદ સયમૂરીના ઇન્તેકાલના થોડા દિવસો પહેલા તેમની સાથે મુલાકાત કરી. તો અલી ઇબ્ને મોહમ્મદ સયમૂરીએ ઇમામ (અ.સ.) નો એક પત્ર (તવકીઅ) લોકોને બતાવ્યો. તેમાં લખ્યું હતું : 'અલ્લાહના નામથી જે રહમાન અને રહીમ છે. એ અલી ઇબ્ને મોહમ્મદ સયમૂરી! અલ્લાહ તમારા બિરાદરોને તમારા મૃત્યુ ઉપર સારો બદલો આપે કારણ કે તમે આજથી છઠ્ઠા દિવસે મૃત્યુ પામશો. તેથી તમારા કાર્ય સંબંધે તૈયારી કરો અને તમારા મૃત્યુ પછી કોઇપણ વ્યક્તિને તમારા સ્થાન માટે નિમણુંક કરતા નહિં, કારણ કે બીજી ગયબત શરૂ થઇ ચૂકી છે. અને હવે ઝુહુર અલ્લાહની પરવાનગી વગર થશે નહિં. અને આ સમય (ઝુહુર) લાંબો સમય થયા પછી, દિલોના કઠોર થવા પછી, અને ઝમીનના ઝુલ્મો સિતમથી ભરાઇ જવા પછી થશે. મારા શિયાઓમાં એવા લોકો પેદા થશે કે જેઓ મને જોયાનો દાવો કરશે. ખબરદાર ! સુફયાનીના નિકળવા, અને આસમાનમાંથી પ્રચંડ ગર્જના પહેલા મને કોઇ જોવાનો દાવો કરે તો તે ખોટો અને તોહમત મુકનાર છે.'

وَلَا حَوْلَ وَ لَا قُوَّةَ اِلَّا بِاللهِ الْعَلِيِّ الْعَظِيْم

(અને અલ્લાહ સિવાય કોઇની તાકાત કે શક્તિ નથી, તે બુલંદ અને શક્તિમાન છે.)

મકતબ કહે છે કે તેણે તવકીઅની નકલ કરી અને ત્યાંથી ચાલ્યા ગયા અને જ્યારે તે છઠ્ઠા દિવસે પાછા ફર્યા ત્યારે તેણે અલી ઇબ્ને મોહમ્મદ સયમૂરી (અ.ર.) ને મૃત્યુની હાલતમાં જોયા. જ્યારે તેમને તેના વારસદાર માટે પૂછવામાં આવ્યું. ત્યારે તેણે કહ્યું : 'સર્વશક્તિમાન અલ્લાહ ખુદ આ કાર્યને તેની પૂર્ણતાએ પહોંચાડશે.'

(કમાલુદ્દીન ભાગ -૨ પા. ૫૧૬)

ઉપરની હદીસમાં 'ઇમામ અ.સ.ને જોવા' નો અર્થ 'નાએબે ખાસનો દાવો' છે. કારણકે ગયબતે કુબરામાં પણ ઇમામ (અ.સ.) ની ઝીયારત શક્ય છે.

## (૭૨) સલામતી અને ઇમાન સાથે ઇમામ (અ.સ.) ના દિદાર માટે દોઆ કરવી :



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

આપણે સર્વશક્તિમાન અલ્લાહને દોઆ કરવી જોઇએ કે તે આપણને સલામતી અને ઇમાનની સાથે ઇમામ (અ.સ.) ના દિદાર વિશેષ યોગ્યતા બક્ષે. આ અંગે બે બાબતો નોંધ કરવા જેવી છે. પહેલું એ કે ઇમામ (અ.સ.) ને જોવાની ઇચ્છા તે મુસ્તહબ કાર્ય છે. અને બીજું સલામતી અને ઇમાન સાથે આપના દિદારની દોઆ.

પહેલી સાબિતી પવિત્ર ઇમામો (અ.સ.) એ તાલીમ આપેલી ગયબતની દોઆ છે કે જે પડવાની તાઅલીમ શીયાઓને આપવામાં આવી છે. દાખલા તરીકે દોઆએ અહદમાં ઇમામ સાદિક (અ.સ.) એ ફરમાવ્યું:

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَللّٰهُمَّ اَرِنِى الطَّلْعَةَ الرَّشِيْدَةَ وَ الْغُرَّةَ الْحَمِيْدَةَ

'એ અલ્લાહ ! મને તેમનો નુરાની, ખાસ અને વખાણને પાત્ર ચહેરો દેખાડ.'

એવી જ રીતે દોઆએ અમરીમાં દર્શાવવામાં આવ્યું છે :

اَللّٰهُمَّ اِنِّىْ اَسْئَلُكَ اَنْ تُرِيَنِىْ وَلِيَّ اَمْرِكَ ظَاهِرًا نَافِذَ الْاَمْرِ

'એ અલ્લાહ ! હું તારી પાસે સવાલ કરૂં છું કે મને તારા વલીને એ સ્થિતિમાં દેખાડ કે જ્યારે તેના હુકમો અમલમાં હોય (તે સત્તા ઉપર હોય).'

બીજા મુદ્દાને અહમદ બીન ઇબ્રાહીમથી બેહારૂલ અન્વારના બાબુલ મઝારમાં નોંધાએલી હદીસ ટેકો આપે છે:

વર્ણન કરનાર કહે છે કે તેણે અબુ જઅફર મોહમ્મદ ઇબ્ને ઉસ્માનને ઇમામ (અ.સ.) ને જોવાની ઇચ્છા વિષે કહ્યું : 'તેમણે મને પુછ્યું કે તમે તેમને જોવા માટે ઇચ્છા ધરાવો છો ? મેં હકારમાં જવાબ આપ્યો. તેમણે કહ્યું : 'અલ્લાહ તમારી ઇચ્છાનો તમને બદલો આપે અને તમને હઝરત (અ.સ.) નો રેહમત ભર્યો ચહેરો સહેલાઇ અને સલામતી સાથે દેખાડે. અય અબુ અબ્દીલ્લાહ તેમને જોવા માટે આગ્રહ ન સેવો અને ગયબતના સમયમાં તેમનો સહવાસ મેળવવા માટે આગ્રહ ન કરો, કારણ કે આ અલ્લાહનું બહુ મોટું કાર્ય છે. અને આવા સંજોગોમાં અલ્લાહની ઇચ્છાને આધિન થવું વધુ સારૂં છે. પરંતુ તેમની તરફ તેમની ઝિયારત વડે ધ્યાન કરો.

(બેહારૂલ અન્વાર ભાગ - ૧૦૨ પા. ૯૭)



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

# (૭૩) અખ્લાક અને અમલમાં ઇમામ (અ.સ.) ને અનુસરવું :

ઇમામ (અ.સ.) નું અનુસરણ કરવું અને અખ્લાક તેમજ અમલમાં તેમને આદર્શ (નમુન - એ - અમલ) બનાવવા જ શીય્યત અને અનુયાયીનો ખરો અર્થ છે. ઇમાનની પૂર્ણતા ઇમામની સાથે દોસ્તી અને કયામતના દિવસે એમની સાથે અને જન્નતમાં તેમની પાસે રહેવાનું કારણ છે.

જેવી રીતે કે બસરાના ગવર્નર ઉસ્માન બીન હનીફને હઝરત અલી (અ.સ.) એ લખેલ પત્ર : 'યાદ રાખો દરેક અનુયાયી માટે એક ઇમામ છે (અને દરેક રસ્તા માટે એક માર્ગદર્શક છે) કે જેને તે અનુસરે છે અને જેના ઇલ્મના નુરમાંથી તે ફાયદો મેળવે છે.'

(નહ્જુલ બલાગાહ)

'રવઝ એ કાફી' માં ઇમામ ઝયનુલ આબેદીન (અ.સ.) થી રિવાયત છે કે આપ (અ.સ.) એ ફરમાવ્યું :

'કોઇ અરબો અને કુરયશીઓ માટે તેઓની નમ્રતા સિવાય તેના વંશ વિષે કોઇ શ્રેષ્ઠતા નથી, તેના તકવા સિવાય કોઇ ગુણ નથી, નિય્યત સિવાયનો કોઇ અમલ નથી, અને બંદગીનો કોઇ અમલ તેની સાચી સમજણ વગર શક્ય નથી. ખબરદાર ! એ વ્યક્તિની સાથે અલ્લાહ સૌથી વધુ ગુસ્સામાં છે કે જે મઝહબના આધારે તો ઇમામને કબુલ કરે છે પરંતુ અમલમાં તેનું અનુસરણ કરતા નથી.'

રિવાયતમાં છે કે, શક્ય છે કે અલ્લાહ કોઇ બંદાને દોસ્ત રાખતો હોય પરંતુ તેના અમલને પસંદ ન કરતો હોય. અને શક્ય છે કે કોઇ બંદાને પસંદ ન કરતો હોય પરંતુ તેના અમલને પસંદ કરતો હોય આ વાત બુદ્ધિથી પણ યોગ્ય છે. કારણ કે અલ્લાહની નજદિક મોહબ્બતનું કારણ અને નફરતનું કારણ અલ્લાહના અમ્ર બિલ માઅરૂફ (નેકી કરવી અને તેની દાવત દેવી) અને નહિ અનિલ મુન્કર (બુરાઇથી બચવું અને બીજાને બચાવવા) પર આધારિત છે. તેથી જે અલ્લાહ ચાહે છે તે બંદાના અકીદા અને અમલમાં જોવા મળે. તેથી એ વાતની શક્યતા છે કે બંદો અકીદાના આધારે ખુદાનો દોસ્ત હોય કેમકે તે મોઅમિન છે, પરંતુ અમલના લીધે અલ્લાહના ગુસ્સાનું કારણ પણ હોય એટલે કે અલ્લાહના 'અમ્ર' અને 'નહિ' પર અમલ ન કરતો હોય અને તેનાથી વિરૂદ્ધ પણ શક્ય છે.

ઉપરની પ્રસ્તાવના પછી તે સ્પષ્ટ થઇ જાય છે કે ઇમામ (અ.સ.) ના કથનનો હેતુ એ છે કે અમલના આધારે સૌથી વધુ તિરસ્કારને પાત્ર માણસ એ છે જે ઇમામ (અ.સ.) નો માર્ગ અને મઝહબનો સ્વિકાર માત્ર તેના અકીદાની દ્રષ્ટિએ કરે છે એટલે કે તે તેમની ઇમામત અને વિલાયતમાં માને છે. પરંતુ તેના અમલ અને અખ્લાકમાં તેમનો વિરોધ કરે છે. તેનું પરિણામ એ આવે છે કે દુશ્મનોને મેણાં - ટોણાં અને ટીકા કરવાની તક



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

મળી જાય છે. અને આ બહુ મોટો ગુનાહ છે. જ્યારે મોઅમીન ઇમામો (અ.સ.)ના પગલે ચાલે છે તો વલીયુલ્લાહ (ઇમામ)ના સન્માનમાં જાણે વધારો થઇ જાય છે અને લોકોમાં તેમના તરફ આકર્ષણ વધે છે. આ રીતે લોકો વચ્ચે ઇમામતના મૂળનેસ્થાપિત હોવાનો હેતુ સિદ્ધ કરી શકાય છે.

જેવી રીતે કે ઇમામ સાદિક (અ.સ.) એ ફરમાવ્યું :

كُونُوا لَنَا زَيْنًا وَ لَا تَكُونُوا عَلَيْنَا شَيْنًا

'અમારા માટે એક શૃંગાર બનો અમારા માટે કલંક ન બનો.'

(ઉસુલે કાફી ભાગ - ૨ પા. ૭૭)

# (૭૪) અલ્લાહની યાદ સિવાય આપણી જીભને કાબુમાં રાખવી:

જો કે આ કાર્ય દરેક વખતે પસંદ કરવાને લાયક છે, અને ગયબતના સમયમાં તેને વિશેષ મહત્વ એટલા માટે આપવામાં આવ્યું છે કે ગયબતના સમયમાં ઇન્સાન ભયમાં ઘેરાયેલો હોય છે.

શયખ સદુકે ઇમામ સાદિક (અ.સ.) થી અને તેમણે તેમના માઅસુમ પૂર્વજોઅને તેમણે પવિત્ર પયગમ્બર (સ.અ.વ.) થી વર્ણન કરેલ છે. આપ કહે છે : એ લોકો કે જે અલ્લાહને ઓળખે, અને તેની તઅઝીમ કરે, તેઓ તેમની જીભને વાતથી, અને પેટને ખોરાકથી રોકે, દિવસના રોઝા, અને આખી રાત ઇબાદત કરે.

અસ્હાબોએ કહ્યું : 'અય અલ્લાહના રસુલ (સ.અ.વ.) અમારા મા - બાપ આપના ઉપર ફીદા થાય. શું આ અલ્લાહના અવલીયા છે ?'

આપે જવાબ આપ્યો : 'જ્યારે અવલીયા ચૂપ હતા ત્યારે તેઓની ચૂપકીદી ચિંતન હતી, જ્યારે તેઓ બોલતા તો તે અલ્લાહની યાદ હતી, જ્યારે તેઓ જોતાં તો તે બોધપાઠ હતો. અને જ્યારે તેઓ કાંઇ ઉચ્ચારતા તો તે હિકમત હતી. જ્યારે તેઓ ચાલતા તો તે બરકત હતી. જો અલ્લાહે તેમના માટે મૃત્યુ નક્કી ન કર્યું હોત તો તેમની રૂહો તેમના શરીરમાં અલ્લાહની શિક્ષાના ભયથી અને જન્નતમાં બદલાઓની આશામાં નેક અમલો કરવાની તેઓની ઇચ્છા અકબંધ રહેતી.' (શયખ સદુકની મજાલીસ)



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

ઇમામ બાકિર (અ.સ.) ફરમાવે છે : "અમારા સમર્થકો મુંગા છે. (ઉસુલે કાફી ભાગ - ૨ પા. ૧૧૩)

એટલે કે તેઓ અલ્લાહની યાદ સિવાય કોઇપણ બાબત ઉચ્ચારતા નથી.

## (૭૫) ઇમામે ઝમાના (અ.સ.) ની નમાઝ :

અસંખ્ય વિશ્ર્વાસપાત્ર કિતાબોમાં જુદી - જુદી રીતે રિવાયત થઇ છે કે 'જમાલુસ સુબૂઅ' માં સૈયદ ઇબ્ને તાઉસે નકલ કર્યું છે કે :

નમાઝે હુજ્જતે કાએમ (અ.સ.) બે રકાત છે અને દરેક રકાતમાં સુરા અલહમ્દને 'ઇય્યાક નઅબોદો વ ઇય્યાક નસ્તઇન' સુધી પડી, આ વાક્ય ને સો વખત પડવું જોઇએ અને પછી સુરાને પુરો કરે. પછી સુરએ ઇખ્લાસ, કુલ્હોવલ્લાહો અહદ પડે, અને નમાઝ પુરી કર્યા પછી નીચેની દોઆ પડે.'



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اِلٰهِیْ عَظُمَ الْبَلَاۗءُ وَ بَرِحَ الْخَفَاۗءُ وَانْكَشَفَ الْغِطَاۗءُ

وَانْقَطَعَ الرَّجَاۗءُ وَ ضَاقَتِ الْاَرْضُ وَ مُنِعَتِ السَّمَاۗءُ وَ

اَنْتَ الْمُسْتَعَانُ وَ اِلَيْكَ الْمُشْتَكٰى وَ عَلَيْكَ الْمُعَوَّلُ

فِی الشِّدَّةِ وَ الرَّخَاۗءِ اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ

مُحَمَّدٍ اُوْلِی الْاَمْرِ الَّذِيْنَ فَرَضْتَ عَلَيْنَا طَاعَتَهُمْ وَ

عَرَّفْتَنَا بِذٰلِكَ مَنْزِلَتَهُمْ فَفَرِّجْ عَنَّا بِحَقِّهِمْ فَرَجًا عَاجِلًا

قَرِيْبًا كَلَمْحِ الْبَصَرِ اَوْ هُوَ اَقْرَبُ يَا مُحَمَّدُ يَا عَلِیُّ يَا

عَلِیُّ يَا مُحَمَّدُ اِكْفِيَانِیْ فَاِنَّكُمَا كَافِيَانِ وَانْصُرَانِیْ

فَاِنَّكُمَا نَاصِرَانِ يَا مَوْلَانَا يَا صَاحِبَ الزَّمَانِ اَلْغَوْثَ

اَلْغَوْثَ اَلْغَوْثَ اَدْرِكْنِیْ اَدْرِكْنِیْ اَدْرِكْنِیْ اَلسَّاعَةَ

اَلسَّاعَةَ اَلسَّاعَةَ اَلْعَجَلَ اَلْعَجَلَ اَلْعَجَلَ يَا اَرْحَمَ

الرَّاحِمِيْنَ بِحَقِّ مُحَمَّدٍ وَّ اٰلِهِ الطَّاهِرِيْنَ

તરજુમો : અલ્લાહના નામથી જે રહમાન અને રહીમ છે.

‘એ મારા માઅબુદ, કસોટી સખત અને અઘરી બની ગઇ, છુપા ઐબ જાહેર થઇ ગયા, ગુપ્ત રહસ્યો પરથી પર્દા હટી ચુક્યા છે. બધી આશાઓ પર પાણી ફરી વળ્યું છે. જમીન તંગ થઇ ગઇ છે. આસમાનના દરવાજા બંધ થઇ ગયા છે. માત્ર તું જ મદદ કરી શકે તેમ છે. તેથી તારી જ મદદ માગવામાં આવે છે અને તારી જ બારગાહમાં ફરીયાદ લઇને ઉપસ્થિત થયા છીએ અને મુશ્કેલી અને આસાનીના દિવસોમાં તારી જ ઉપર



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

ભરોસો છે. ખુદાયા, મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની આલે પાક પર રહમત નાઝીલ ફરમાવ, જેઓ એવા સાહેબાને અમ્ર છે, જેમની ઇતાઅત અને પૈરવી તેં અમારા પર ફરજીયાત કરી છે અને તેમના વસીલાથી તેઓના ઉચ્ચ સ્થાનથી તેં અમોને પરિચિત કરાવ્યા છે. તો એ ખુદા, તને તેઓ (અ.સ.) ના હકનો વાસ્તો આપીએ છીએ અમને વિશાળતા (મુક્તિ) અર્પણ કર, એવી વિશાળતા જે ઝડપી અને નજદિક હોય. જે પલકવાર કે તેથી પણ ઝડપી હોય. એ મોહમ્મદ, એ અલી, એ અલી, એ મોહમ્મદ ! આપ કાફી છો, અમારા માટે કાફી થઇ જાવ. આપ મદદગાર છો, અમારી મદદ કરો. એ અમારા આકા, એ ઝમાનાના હાકીમ, ફરિયાદ ! ફરિયાદ ! ફરિયાદ ! મારી મદદ કરો, મારી મદદ કરો, મારી મદદ કરો, અત્યારે જ, અત્યારે જ, અત્યારે જ ! જલ્દી, જલ્દી, જલ્દી એ રહમ કરનારાઓમાં શ્રેષ્ઠ રહમ કરનાર, મોહમ્મદ (સ.અ.વ.) અને તેઓની પાક આલનો વાસ્તો.'

આ રીત સિવાય બીજી ઘણી બધી રિવાયતોથી આ નમાઝ બીજી કિતાબોમાં જોવા મળે છે.

## (૭૬) ઇમામ હુસૈન (અ.સ.) ઉપર રૂદન કરવું :

આ એક એવું કાર્ય છે કે જેનાથી ઇમામ (અ.સ.) ના હક્કો અદા થાય છે અને તેમાં કોઇ શંકા નથી કે ઇમામે ઝમાના (અ.સ.) નો હક્ક અદા કરવો તે અલ્લાહની નજદિકી પ્રાપ્ત કરવાનું એક ખાસ અને મહાન માધ્યમ છે. જાઅફર ઇબ્ને મોહમ્મદ ઇબ્ને કોલવય્હે કુમ્મી (અ.ર.) પોતાની કિતાબ 'કામીલુઝ ઝિયારત' માં સનદ સાથે ઇમામ સાદિક (અ.સ.) થી ઇમામ હુસયન (અ.સ.) ઉપર રડવાની ફઝલીતની એક લાંબી હદીસનું વર્ણન કરે છે. "કોઇ આંખ કે કોઇ આંસુ અલ્લાહની નજરમાં તે આંખથી વધારે પસંદ કરવાને લાયક નથી જે હ. ઇમામ હુસૈન (અ.સ.) ઉપર રડે અને આંસુ વહાવે અને કોઇ રોવાવાળો ઇમામ હુસૈન (અ.સ.) માટે નથી રડતો બલ્કે તેણે જ. ફાતેમા ઝેહરા (સ.અ.) ને એક ભેટ આપી અને તેમના વિલાપમાં તેમની મદદ કરી. અને રસુલે ખુદા (સ.અ.વ.)ને એક ભેટ આપી અને મારા હકને અદા કર્યો. કયામતના દિવસે દરેકને રોતી આંખો સાથે ઉભા કરવામાં આવશે, સિવાય તેને કે જેઓ મારા મઝલુમ દાદા ઇમામ હુસૈન (અ.સ.) ઉપર રડ્યા હતા. કેમકે જે તેમના પર રડ્યા હશે તેમની આંખો ચમકતી હશે તેને ખુશખબરી આપવામાં આવશે અને તેના ચેહરા પરથી ખુશી ટપકતી હશે. તમામ સર્જનો તેમના પરિણામ બાબત ભયમાં હશે સિવાય તેઓ કે જે ઇમામ મઝલુમ (અ.સ.) ઉપર રોવાવાળા હશે. તેઓ સંપૂણસલામતીમાં હશે. બધા લોકો મેહશરના મેદાનમાં ભેગા થશે. જ્યારે આ લોકો અર્શની નીચે છાંયામાં ઇમામ હુસૈન (અ.સ.) સાથે વાતો કરતા હશે. તે લોકો હિસાબના દિવસની કડકાઇથી ડરશે નહિં. તેઓને જન્નતમાં દાખલ થવાનું કહેવામાં આવશે, પરંતુ તેઓ તેમ નહિં કરે. તેઓ જન્નત કરતા ઇમામ હુસયન (અ.સ.) નો સહવાસ વધુ પસંદ કરશે. જન્નતની હુરો તેઓને સંદેશો મોકલતી હશે કે તેણીઓ આ લોકોની રાહ જોઇ રહી છે તેમ છતાં તેઓ ઇમામ હુસયન (અ.સ.) ની વાતચીતથી એટલા પ્રસન્ન હશે કે હુરો તરફ ધ્યાન નહિં આપે.



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

(કામીલુઝ ઝીયારત ભાગ - ૨૬, પા. ૮૧)

ઉપર દર્શાવેલ વાક્ય ‘મારા હકને અદા કર્યો’ સૂચવે છે કે ઇમામ હુસયન (અ.સ.) ઉપર રડવું તે એક એવું કાર્ય છે કે ઇમામે ઝમાના (અ.સ.) અને બીજા પવિત્ર ઇમામો (અ.સ.) ના હકને અદા કરવાનું કારણ બને છે.

## (૭૭) ઇમામ હુસયન (અ.સ.) ની કબરની ઝિયારત કરવી :

તે ઇમામે ઝમાના (અ.સ.) અને બીજા માઅસુમ ઇમામો (અ.સ.) પ્રત્યે શુભેચ્છાનું કાર્ય છે. આ કરવાથી આપણે ઇમામ (અ.સ.) ના પવિત્ર હૃદયને ખુશ કરી શકીએ છીએ. ઇમામ હુસયન (અ.સ.) ના ઝિયારત કરનારા માટે ઇમામ (અ.સ.) તેમના પૂર્વજોનીજેમ દિવસ અને રાત દોઆ કરે છે. ઇબ્ને કોલવય્હે કામીલુઝ ઝીયારતમાં ઇમામ સાદિક (અ.સ.) નો હવાલો આપ્યો છે આપે ફરમાવ્યું : ‘જે મારા પરદાદા (ઇમામ હુસયન અ.સ.) ની કબરની ઝિયારત કરે તેણે અલ્લાહના રસુલ (સ.અ.વ.) પ્રત્યે શુભેચ્છાનું કાર્ય કર્યું છે અને અમારા સંબંધોનું સન્માન કર્યું છે. આવા વ્યક્તિની ગીબત કરવી હરામ છે. અને જહન્નમની આગ માટે તેનું માંસ હરામ છે.’

બીજી એક હદીસમાં ઇમામ સાદિક (અ.સ.) કહે છે : ‘ખુદાની નજદિક સૌથી પ્રિય અમલ ઇમામ હુસયન (અ.સ.) ની કબરની ઝીયારત છે. અને ખુદાની નજદિક શ્રેષ્ઠ અમલ મોઅમીનોને ખુશ કરવા તે છે. અને ખુદાની સૌથી વધુ નજદિક હાલત એ છે કે તે સજદહની સ્થિતીમાં આંસુ વહાવે.’

(કામીલુઝ ઝીયારત ભાગ - ૪૮, પા. ૧૪૬)

## (૭૮) બની ઉમય્યાઓ ઉપર ખુલ્લી રીતે અને ખાનગીમાં બેશુમાર લાઅનતો કરવી :

જો તકય્યા માટેનો પ્રસંગ, ભય, અથવા અંગત કે સામાજિક પ્રતિબંધ ન હોય તો બની ઉમય્યાના કૂકર્મોનું વર્ણન મજલીસો અને મીમ્બર ઉપરથી કરવું અને તેમની ઉપર લાઅનતો કરવી. તે એવા કાર્યો પૈકીનું એક છે કે જે વ્યક્તિને અલ્લાહની નજદિકી પ્રાપ્ત કરાવે છે.



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

'ખીસાલ'માં શયખ સદુક લખે છે કે અલ્લાહના પયગમ્બર (સ.અ.વ.) એ અલી (અ.સ.) ને કહ્યું : 'એ અલી ! બની ઉમય્યા તમારી ઉપર લાઅનત કરશે અને તેઓની દરેક લાઅનતના બદલામાં એક ફરિશ્તો તેઓ ઉપર એક હજાર લાઅનત કરશે. પછી જ્યારે કાએમ (અ.સ.) નો ઝુહૂર થશે પછી તેઓ તેમની ઉપર ચાલીસ વરસ સુધી લાઅનત કરશે.'

'ચાલીસ વરસ લાઅનત કરવાનો' અર્થ એ છે કે ઇમામ (અ.સ.) તેમના અનુયાયીઓને દુનિયામાં અને દરેક શહેરોમાં મિમ્બર ઉપરથી અને દરેક મજલીસમાં બની ઉમય્યા ઉપર લાઅનત કરવાનો હુકમ આપશે. અને આ સમયગાળા દરમ્યાન 'લાઅનત કરવી' એક આમ વાત બની જશે. જેવી રીતે કે બની ઉમય્યાઓ એ તેમની હુકુમતના સમયમાં હઝરત અલી (અ.સ.) પ્રત્યે ઇર્ષ્યા અને વેર દેખાડ્યું હતું. બસ હઝરત (અ.સ.) નું આ કાર્ય દુનિયામાં બની ઉમય્યાઓના કરતુતોની સજા છે.

## (૭૯) બિરાદરોના હક્કો અદા કરવામાં સક્રિય ભાગ લેવો :

ઇમામ (અ.સ.) ની ખુશી મેળવી શકાય તેવા કાર્યમાંનુ એક પરસ્પરના હક્કોને અદા કરવામાં સક્રિય ભાગ લેવાનું છે. કારણ કે આના વડે આપની મદદ, વિલાયતની રસ્સીને મઝબૂતીથી વળગવું અને ઇમામે ઝમાના (અ.સ.) ની ખુશ્નુદી વિગેરે. પ્રાપ્ત કરવું શક્ય છે. આ ફરજને બિન અગત્યની ગણવામાં આવે તો ઇમામ (અ.સ.) ના હકને નજીવા ગણવા બરાબર છે. કારણ કે હદીસો કહે છે કે મોઅમીનનો સંબંધ ઇમામ (અ.સ.) સાથે પિતા અને પુત્રોનો સંબંધ છે તેમાં શંકા નથી કે બાળકોની દોસ્તી અને ભલાઇ તે તેના મા બાપ સાથેની દોસ્તી અને ભલાઇ છે.

મુઅલ્લા ઇબ્ને ખનીસ કહે છે કે તેમણે ઇમામ સાદિક (અ.સ.) ને મોઅમીનોના હક વિષે પૂછ્યું : ઇમામ (અ.સ.) એ કહ્યું : 'મોઅમીનના ૭૦ હક્કો છે પરંતુ હું તેમાંના માત્ર સાત જણાવીશ કારણ કે હું તમને ખૂબ જ ચાહું છું મને ભય છે કે તેથી વધુ તમે સહન નહિં કરી શકો.'

વર્ણન કરનારે કહ્યું : 'ઇન્શાઅલ્લાહ, હું સહન કરીશ.'

ઇમામ (અ.સ.) એ શરૂ કર્યું : "જો તમારો મોઅમીન ભાઇ ભૂખ્યો હોય તો તમે પેટ ભરીને ખાવ નહિં. કપડાં ન પહેરો જો તે કપડાં વગરનો હોય, દરેક બાબતમાં તેને માર્ગદર્શન આપો. જે તમે તમારા માટે પસંદ કરો છો તે તેના માટે પસંદ કરો. જો તમારે એક કામવાળી હોય તો તેણીને તેની પાસે મોકલો કે જે તેનું બધું ઘરકામ કરે. મો'અમીન બિરાદરની રોજબરોજની જરૂરિયાતો પુરી કરવામાં હંમેશા કોશિશ કરતા રહો. જો તમે આ કાર્ય



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

કયર્ંુ તો તમે તમારી વિલાયતને અમારી વિલાયત સાથે અને અમારી વિલાયતને અલ્લાહની વિલાયત સાથે જોડી દીધી છે.

બીજી એક હદીસમાં મુફઝઝલ ઇબ્ને ઉમર ઇમામ સાદિક (અ.સ.) થી વર્ણન કરે છે કે તેમણે કહ્યું : 'તમારામાંના એ લોકો કે જે એક મોઅમીનને ખુશ કરે છે તેમણે એમ ન માનવું જોઇએ કે તેઓએ એકલા તે જ મોઅમીનને ખુશ કર્યો છે. બલ્કે અલ્લાહની કસમ ! તેઓએ અમને (ઇમામોને) ખુશ કર્યા, બલ્કે અલ્લાહની કસમ! તેઓએ અલ્લાહના પયગમ્બર (સ.અ.વ.) ને ખુશ કર્યા.'

(ઉસુલે કાફી ભાગ - ૨ પા. ૧૮૯)

## (૮૦) ઇમામ (અ.સ.) ના ઝુહૂર માટેનો ઇન્તેઝાર કરવો અને તેના માટે તૈયારી કરવી :

આપણે ઇમામ (અ.સ.) ના ઝુહુર માટે આતૂ રહેવા જોઇએ. જેથી આપણને તેમની સેવા કરવાની તક મળે. આ અંગે બે મુદ્દાઓ છે. (૧) હથિયાર પ્રાપ્ત કરવાની ફઝીલતનો ઉલ્લેખ અને (૨) મરાબતહ, ઘોડો, સવારીની વ્યવસ્થા કરવી.

(૧) પહેલો મુદ્દો હથિયાર બાબત :

ઇમામ સાદિક (અ.સ.) થી રિવાયત છે કે આં હઝરત (અ.સ.) એ ફરમાવ્યું : "તમારામાંથી કોઇપણ અગર હઝરત કાએમ (અ.સ.) ના ઝુહુર માટે કોઇ હથિયારની વ્યવસ્થા કરે ભલે તે એક 'તીર' જ કેમ ન હોય, જ્યારે ખુદા આવા બંદાની નિય્યત અને ઇરાદાને જાણે છે તો મને આશા છે કે અલ્લાહ તેની ઉમ્ર લાંબી કરી દેશે.

(ગયબતે નોમાની પા. ૧૭૩)

ઇમામ (અ.સ.) ના આ ફરમાનથી એ વાત સમજાય જાય છે કે અલ્લાહ એ અમલ થકી બંદાની ઉમ્ર લાંબી કરી દે છે પછી ભલે તે શારિરીક રીતે ઝુહુરનો સમય પામે કે ન પામે.

(૨) બીજી વાત 'મરાબતહ' નો અર્થ, તેની ફઝીલત બાબત જેમકે અલ્લાહ ફરમાવે છે :



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اصْبِرُوْا وَصَابِرُوْا وَرَابِطُوْا وَ اتَّقُوا اللّٰهَ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ ۔

તરજૂમો : અલ્લાહ નામથી જે રહમાન અને રહીમ છે.

"એ ઇમાનવાળાઓ ! (દુ:ખોમાં) સબર કરો અને કાફીરોના મુકાબલામાં દ્રઢ રહો અને જેહાદ માટે સજ્જીત (તૈયાર) રહો તેમજ અલ્લાહથી ડરતા રહો કે જેથી તમે સફળ થાવ. (સુરએ આલે ઇમરાન ૩: ૨૦૦)

"મરાબતહ શબ્દ અરબીમાં 'ર-બ-ત' માંથી બન્યો છે અને 'બાંધવાના' અર્થમાં વપરાયો છે. ફોકહાએ કિતાબ 'જેહાદ' માં લખ્યું છે કે, જ્યાંથી દુશ્મનના પસાર થવાની શક્યતા હોય તેવી જગ્યાએ પોતાની જાતને ઇસ્લામની હિફાઝતમાં રોકવી એ 'મરાબતહ' ઓછામાં ઓછા ત્રણ દિવસ અને વધુમાં વધુ ચાલીસ દિવસ છે. અને અગર ચાલીસ દિવસથી વધી જાય તો જેહાદ કરવાવાળા (મુજાહેદીન) નો સવાબ મળે છે. અને એ પ્રકારના 'મરાબતહ' માં ઇમામ (અ.સ.)ના હાજર કે ગાએબ હોવાના સમયની કોઇ અસર થતી નથી.

અલ્લાહના પયગમ્બર (સ.અ.વ.) કહે છે : 'એક રાત રાહે ખુદામાં 'મરાબતહ' (પોતાના ઘોડાને તૈયાર રાખવો) એ વાતથી વધારે સવાબનું કારણ બને છે કે કોઇ આખો મહિનો દિવસ ભર રોઝા રાખે અને તેની રાતો ઇબાદતમાં પસાર કરે. અગર તે માણસ મૃત્યુ પામે તો તેની ઝીંદગીનો તે અમલ શરૂ રહેશે અને તેની રોઝી પણ ચાલુ રહેશે અને તે કબરમાં કસોટી કરનારા ફરિશ્તાઓથી સલામતીમાં રહેશે.'

આ વિષય ઉપરની બીજી એક હદીસ છે : 'દરેક મરનારનું આમાલનામું સંકેલીને સીલ કરી દેવામાં આવે છે. સિવાય કે એ લોકોનું કે જે અલ્લાહની રાહમાં 'મરાબતહ' કરે છે. તેના અમલો કયામત સુધી વધતા રહેશે અને તે કબરમાં સવાલ કરનારા ફરિશ્તાઓથી સુરક્ષિત રહેશે.'

અહીં એ વાત તરફ ધ્યાન દોરવું જરૂરી છે કે કદાચ અહીંયા 'મરાબતહ' થી મુરાદ મુર્દાઓ વતી અને તેમની નિયાબતમાં કરેલા નેક અમલો હોય. અને બીજું એ કે તે સ્પષ્ટ છે કે આ સવાબ જરૂરત ન હોવાની બિના પર છે નહિં તો આ અમલ 'વાજીબે કિફાઇ' હોત.

وَ السَّلَامُ عَلٰى مَنِ اتَّبَعَ الْهُدٰى



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

(સલામ થાય તેઓ ઉપર કે જેઓ એ હિદાયતનું અનુસરણ કર્યું.)

અલ્લાહ, મોહમ્મદ (સ.અ.વ.) ના વારસદાર, તેની અંતિમ હુજ્જત કાએમ (અ.સ.) નાઝુહૂરમાં જલ્દી કરે! અને તેમના પ્રત્યેની આપણી ફરજોને અદા કરવામાં આપણી મદદ કરે !
ઇલાહી આમીન...

# તૌફીક વધારવા માટેની દોઆ

જનાબ શયખ તકીયુદ્દીન ઇબ્રાહીમ કફઅમીએ પોતાની કિતાબ મિસ્બાહમાં ફરમાવ્યું છે કે આ દોઆ હઝરત ઇમામે ઝમાના અ.ની દોઆ છે.

આ દોઆમાં ખુદાવંદે આલમ પાસે મોટી મોટી વસ્તુઓની દરખાસ્ત કરવામાં આવી છે. ટૂંકમાં :

"એ ખુદા ! અમારા આલીમોને પરહેઝગારી અને નસીહત, અમારા વિદ્યાર્થીઓને સંશોધન, શોધખોળ અને ઉત્કંઠા, અમારા સાંભળનારાઓને અનુસરનારા, બિમાર મુસલમાનોને શફા અને તંદુરસ્તી, દુનિયામાંથી ગુજરી જનારને રહેમત અને ગુનાહોની બક્ષીશ, અમારા વડીલોને પ્રતિભા અને સંતોષ, જવાનોને તવબા અને ઇસ્તીગ્ફાર, સ્ત્રીઓને શર્મ અને ચારિત્ર્ય, અમીરોને નમ્રતા અને સખાવત, ફકીરોને ધીરજ અને સંતોષ અને સિપાહીઓને વિજય અને શ્રેષ્ઠતા અર્પણ કર.



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

بِسْمِ اللّٰهِ الرَّحْمَانِ الرَّحِيْمِ

اَللّٰهُمَّ ارْزُقْنَا تَوْفِيْقَ الطَّاعَةِ ، وَبُعْدَ الْمَعْصِيَةِ ، وَ
صِدْقَ النِّيَّةِ ، وَ عِرْفَانَ الْحُرْمَةِ ، وَ اَكْرِمْنَا بِالْهُدٰى
وَالْاِسْتِقَامَةِ ، وَ سَدِّدْ اَلْسِنَتَنَا بِالصَّوَابِ والْحِكْمَةِ ،
وَامْلَأْ قُلُوْبَنَا بِالْعِلْمِ وَالْمَعْرِفَةِ ، وَ طَهِّرْ بُطُوْنَنَا مِنَ
الْحَرَامِ وَالشُّبْهَةِ ، وَاكْفُفْ اَيْدِيَنَا عَنِ الظُّلْمِ
وَالسَّرِقَةِ ، وَاغْضُضْ اَبْصَارَنَا عَنِ الْفُجُوْرِ وَالْخِيَانَةِ ،
وَاسْدُدْ اَسْمَاعَنَا عَنِ اللَّغْوِ وَالْغِيْبَةِ ، وَ تَفَضَّلْ عَلٰى



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

عُلَمَائِنَا بِالزُّهْدِ وَالنَّصِيحَةِ ، وَ عَلَى الْمُتَعَلِّمِينَ

بِالْجُهْدِ وَالرَّغْبَةِ وَ عَلَى الْمُسْتَمِعِينَ بِالِاتِّبَاعِ

وَالْمَوْعِظَةِ ، وَعَلَىٰ مَرْضَى الْمُسْلِمِينَ بِالشِّفَآءِ

وَالرَّاحَةِ ، وَعَلَىٰ مَوْتَاهُمْ بِالرَّأْفَةِ وَالرَّحْمَةِ ، وَ عَلَىٰ

مَشَايِخِنَا بِالْوَقَارِ وَالسَّكِينَةِ ، وَعَلَى الشَّبَابِ

بِالْإِنَابَةِ وَالتَّوْبَةِ ، وَعَلَى النِّسَآءِ بِالْحَيَآءِ وَالْعِفَّةِ ، وَ

عَلَى الْاَغْنِيَاءِ بِالتَّوَاضُعِ وَالسَّعَةِ ، وَ عَلَى الْفُقَرَآءِ

بِالصَّبْرِ وَالْقَنَاعَةِ ، وَ عَلَى الْغُزَاةِ بِالنَّصْرِ وَالْغَلَبَةِ ، وَ

عَلَى الْاُسَرَآءِ بِالْخَلَاصِ وَالرَّاحَةِ ، وَ عَلَى الْاُمَرَآءِ

بِالْعَدْلِ وَالشَّفَقَةِ ، وَعَلَى الرَّعِيَّةِ بِالْإِنْصَافِ وَ حُسْنِ

السِّيرَةِ ، وَ بَارِكْ لِلْحُجَّاجِ وَ الزُّوَّارِ فِي الزَّادِ وَ

النَّفَقَةِ ، وَ اقْضِ مَا اَوْجَبْتَ عَلَيْهِمْ مِنَ الْحَجِّ وَ

الْعُمْرَةِ ، بِفَضْلِكَ وَ رَحْمَتِكَ يَا اَرْحَمَ الرَّاحِمِينَ



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّ اٰلِ مُحَمَّدٍ

اَللّٰهُمَّ كُنْ لِّوَلِيِّكَ الْحُجَّةِ ابْنِ الْحَسَنِ ،

صَلَوَاتُكَ عَلَيْهِ وَ عَلٰى اٰبَائِهٖ ، فِيْ هٰذِهِ

السَّاعَةِ وَفِيْ كُلِّ سَاعَةٍ ، وَلِيًّا وَّ حَافِظًا وَّ

قَائِدًا وَّ نَاصِرًا وَّ دَلِيْلًا وَّ عَيْنًا حَتّٰى تُسْكِنَهٗ

اَرْضَكَ طَوْعًا وَ تُمَتِّعَهٗ فِيْهَا طَوِيْلًا

શરૂ કરૂં છું અલ્લાહના નામથી જે દયાળુ અને ભલુ કરનાર છે.

પરવરદીગાર ! તારા વલી હુજ્જતબ્નીલ-હસન અલ-અસ્કરી (તેમના પર અને તેમના વંશજો પર સલવાત અને રહમત હજો)ને માટે હમણાં અને હંમેશ માટે વલી, સંરક્ષક, મદદગાર, માર્ગદર્શક અને સંભાળ લેનાર બની જા. જેથી તેઓને તારી જમીન પર શાંતિપૂણનિવાસ મળી જાય, અને તું તેમને લાંબા સમય સુધી સફળતાપૂ ધકનીસમૃદ્ધતા અતા કરતો રહે.



PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com